અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 25 ઓગસ્ટ 2026 મંગળવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ સુદ -13 | અંક : 56 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  બ્રિટન યુક્રેનને ગુપ્ત મિસાઈલ ટેક્નોલોજી આપશે: કિવમાં લાંબા અંતરની SCALP મિસાઈલ બનાવી...

4 

વસતી ગણતરી : માત્ર માણસો નહીં ક્લાઈમેટ ચેન્જનો પણ હિસાબ કરવો પડશે!

6  'આ મેચ ફિક્સિંગ છે...', રિયાલિટી શૉ અંગે શુભમન ગિલની બહેનના ખુલાસાએ સનસનાટી મચાવી.....

7  સેન્સેક્સમાં 200 અંકથી વધુનો ઉછાળો: 77,750 પર ટ્રેડિંગ, નિફ્ટી પણ 50 અંક વધ્યો, બેંકિંગ અને IT શેરોમાં વધુ ખરીદી


## 5 સપ્ટેમ્બરે દિલ્હી માર્ચ!: કોકરોચ જનતા પાર્ટી ફરી સરકાર સામે પડશે

### કરેલા વાયદા હજી પૂરા ન કરતા Gen-Z વિફર્યાં, ધીરજને નબળાઈ ન સમજો

**નવી દિલ્હી, તા.24**

કોકરોચ જનતા પાર્ટી 5 સપ્ટેમ્બરે દિલ્હીમાં વિરોધ માર્ચ કાઢશે. પાર્ટીનો આરોપ છે કે કેન્દ્ર સરકારે 25 જુલાઈએ યુવાનો સાથે કરેલા વાયદા પૂરા કર્યા નથી. આ જ વાયદાઓના ભરોસે જંતર-મંતરનો દેખાવ પાછો ખેંચવામાં આવ્યો હતો.

માર્ચ ઈન્ડિયા ગેટથી શરૂ થઈને નવી દિલ્હી પોલીસ મુખ્યાલય સુધી જશે. તેમાં એવા વિદ્યાર્થીઓના પરિવારજનો પણ સામેલ થશે, જેમણે NEET પેપર લીક થયા બાદ આત્મહત્યા કરી હતી. આ પહેલા CJPએ 20 જુલાઈએ પણ જંતર-મંતરથી સંસદ સુધી માર્ચ કાઢી હતી.



સોમવારે CJPએ પોતાની વર્કિંગ કમિટીની વર્ચ્યુઅલ મીટિંગ બાદ આ નિર્ણય લીધો. પાર્ટીએ કહ્યું કે સરકારે કહ્યું હતું કે વિદ્યાર્થીઓ પર નોંધાયેલા કેસ ખતમ થશે, પરંતુ એવું થયું નથી. તેમણે અમારી ધીરજને નબળાઈ ન સમજવી જોઈએ.

CJPએ NEET પેપર લીક, પરીક્ષામાં ગડબડીની માંગણીઓને લઈને 20 જૂનથી જંતર-મંતર પર આંદોલન શરૂ કર્યું હતું. 25 જુલાઈએ સરકાર તરફથી આશ્વાસન મળ્યા બાદ અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ પોતાનું આંદોલન સમાપ્ત કર્યું હતું.

CJPએ કહ્યું કે સુપ્રીમ કોર્ટે 18 ઓગસ્ટે કેન્દ્ર પાસેથી વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓ વિરુદ્ધ નોંધાયેલી તમામ FIRની યાદી માંગી હતી. પાર્ટીનો દાવો છે કે કોર્ટ અનુચ્છેદ 142 હેઠળ આ કેસોને રદ કરવા પર વિચાર કરી શકે છે.

CJPનો આરોપ છે કે કેન્દ્રએ FIRની યાદી આપવાની સ્પષ્ટ પ્રતિબદ્ધતા દર્શાવી નથી. પાર્ટીએ તેને આંદોલન સમાપ્ત કરાવતા પહેલા કરાયેલા વાયદાઓથી પીછેહઠ કરવાનો સંકેત ગણાવ્યો.

CJP નેતા સૌરવ દાસ અને રત્ના સિંહે કહ્યું કે, સરકારે આંદોલન સમાપ્ત થયા પછી કરેલા વચનો પૂરા કરવા જોઈએ. તમામ FIR પાછી ખેંચવી જોઈએ અને શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર કાર્યવાહી રોકવી જોઈએ.

આ ઉપરાંત, CJP ફાઉન્ડર અભિજીત દીપકે તમામ રાજ્યોના શિક્ષણ મંત્રીઓને પત્ર લખ્યો છે. તેમણે કહ્યું કે સરકારી શાળાઓને સુધારવા માટે કયા પગલાં લેવામાં આવી રહ્યા છે, તેની માહિતી આપે.

રાજસ્થાનના જોધપુરમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)ના કાર્યક્રમમાં ભારતીય જનતા યુવા મોરચા (ભાજયુમો)ના કાર્યકરે CJP કાર્યકરને થપ્પડ મારી હતી.

આ પછી CJP અને ABVPના કાર્યકરો વચ્ચે ઝપાઝપી થઈ. પોલીસે ABVP અને ભારતીય જનતા યુવા મોરચાના 2 પદાધિકારીઓ સહિત 11 લોકોને અટકાયતમાં લીધા છે.

જયપુરમાં રામપુરા-કંવરપુરા ગામમાં સરકારી શાળાના નિરીક્ષણ દરમિયાન CJP કાર્યકરો પર હુમલો થયો હતો. તેમાં પાર્ટીના પ્રવક્તા આશુતોષ રાંકા પણ સામેલ હતા.

CJPએ કાર્યવાહી માટે 48 કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું. ગ્રામજનોએ પણ CJP વિરુદ્ધ કાર્યવાહી ન થવા પર ધરપકડ કરવાની ચેતવણી આપી હતી.

પશ્ચિમ બંગાળના બાંકુડામાં કોકરોચ જનતા પાર્ટી (CJP) કાર્યકર શેખ અબ્દુલ હફીઝના પિતા જનાબ મફીકનું 15 ઓગસ્ટે હુમલામાં લાગેલી ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ થયું.

CJP અનુસાર, મફીક 13 ઓગસ્ટે તેમના ગામ કરિસુંડાની સરકારી શાળામાં CJPના અભિયાનમાં જોડાયા હતા. તેમણે શાળાની ખરાબ હાલતનો વીડિયો બનાવ્યો હતો. તે જ સાંજે હથિયારબંધ લોકોએ તેમના ઘરમાં ઘૂસીને તેમને માર માર્યો હતો.

## 35 વર્ષ પહેલાં કાશ્મીરી પંડિતોના નરસંહારની ફરી તપાસ: ગાંદરબલમાં મહિલાઓ-બાળકો સહિત 23ની હત્યા થઈ હતી

**શ્રીનગર , તા.24**

જમ્મુ-કાશ્મીર સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી (SIA) એ 35 વર્ષ જૂના વંધામા નરસંહારની તપાસ ફરીથી શરૂ કરી દીધી છે. વર્ષ 1998ના આ હત્યાકાંડમાં 23 કાશ્મીરી પંડિતોની હત્યા કરી દેવામાં આવી હતી. મૃતકોમાં 9 મહિલાઓ અને 4 બાળકો સામેલ હતા. સૂત્રો અનુસાર, SIA એ કેસ સંબંધિત પુરાવા ભેગા કરવા માટે કાશ્મીર ઘાટીમાં અનેક સ્થળોએ તપાસ કરી છે.



એજન્સી કાશ્મીરી પંડિતોની અન્ય હત્યાઓના કેસોની પણ ફરીથી તપાસ કરી રહી છે. આમાં કાશ્મીરી પંડિત નેતા ટીકા લાલ ટપલુ અને જસ્ટિસ નીલકંઠ ગંજૂની હત્યાના કેસો પણ સામેલ છે. તપાસ એજન્સી હુમલાઓમાં સામેલ આતંકવાદીઓ અને ઓવરગ્રાઉન્ડ વર્કર્સની ઓળખ કરીને તેમની ભૂમિકા શોધી કાઢવાનો પ્રયાસ કરી રહી છે.

25 જાન્યુઆરી 1998ની રાત્રે ગાંદરબલના વંધામા ગામમાં હથિયારબંધ આતંકવાદીઓએ કાશ્મીરી પંડિત પરિવારોના ઘરોમાં ઘૂસીને 23 લોકોની હત્યા કરી હતી. મૃતકોમાં 9 મહિલાઓ અને 4 બાળકોનો સમાવેશ થતો હતો.

રિપોર્ટ્સ મુજબ, હુમલાખોરોએ પરિવારોના લોકોને એક જગ્યાએ ભેગા કરીને ગોળીઓ મારી હતી. આ હુમલો ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ થયો હતો. તે દિવસે શબ-એ-કદ્રની રાત પણ હતી. આ કેસમાં લાંબા સમય સુધી કોઈ આરોપીને સજા મળી શકી નહોતી.

13 સપ્ટેમ્બર 1989ના રોજ શ્રીનગરમાં કાશ્મીરી પંડિત નેતા અને વકીલ ટીકા લાલ ટપલુની તેમના ઘરે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ટપલુ તે સમયે જમ્મુ-કાશ્મીર BJPના ઉપાધ્યક્ષ હતા અને ખીણમાં કાશ્મીરી પંડિતોના મુખ્ય રાજકીય ચહેરાઓમાંના એક હતા.

તેમની હત્યાને ઘાટીમાં આતંકવાદના શરૂઆતના તબક્કામાં કાશ્મીરી પંડિતોને નિશાન બનાવવાની મોટી ઘટનાઓમાં ગણવામાં આવે છે. ઉપલબ્ધ રેકોર્ડમાં હત્યા માટે JKLFના આતંકવાદીઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.

4 નવેમ્બર 1989ના રોજ શ્રીનગરના હરિ સિંહ સ્ટ્રીટ વિસ્તારમાં જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટના પૂર્વ જજ નીલકંઠ ગંજૂની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ગંજૂએ JKLFના આતંકવાદી મકબૂલ ભટને મોતની સજા સંભળાવી હતી.

ભટને બાદમાં 11 ફેબ્રુઆરી 1984ના રોજ તિહાર જેલમાં ફાંસી આપવામાં આવી હતી. ગંજૂની હત્યાના કેસમાં JKLFની ભૂમિકા નોંધવામાં આવી છે અને હવે SIA જૂના કેસમાં નવા પુરાવાઓ અને આરોપીઓની ભૂમિકાની તપાસ કરી રહી છે.

SIA એ કાશ્મીરી પંડિત નર્સ સરલા ભટની 1990 માં થયેલી હત્યાની તપાસ પણ ફરી શરૂ કરી હતી. જૂનમાં એજન્સીએ આ મામલે 737 પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી.

આમાં જેલમાં બંધ JKLF પ્રમુખ યાસીન મલિકને માસ્ટરમાઈન્ડ ગણાવવામાં આવ્યો છે. યાસીન હાલ તિહાર જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે.

## મહારાષ્ટ્રના અમરાવતીમાં હોસ્પિટલના ચાઈલ્ડ યુનિટમાં આગ: 3 નવજાત શિશુઓનાં મોત, 39 બાળકો દાખલ હતા

**અમરાવતી, તા.24**

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લા મહિલા હોસ્પિટલના નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટ (NICU)માં સોમવારે સવારે લગભગ 3:30 વાગ્યે આગ લાગી. આ દુર્ઘટનામાં 3 નવજાત બાળકોનાં મોત થયા. છ બાળકોને વધુ સારી સારવાર માટે સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પ્રાથમિક માહિતી અનુસાર, હોસ્પિટલના ત્રીજા માળે વેન્ટિલેટરમાં વિસ્ફોટ થયા બાદ આગ લાગી. ત્યારબાદ ધુમાડો ફેલાઈ ગયો. તે સમયે NICUમાં 39 નવજાત બાળકોની સારવાર ચાલી રહી હતી. આગ લાગતા જ ડ્યુટી પર હાજર ડોકટરો, નર્સો અને હોસ્પિટલના કર્મચારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી અને ઘણા બાળકોને સુરક્ષિત બહાર કાઢ્યા. આગ લાગવાનું કારણ તપાસવામાં આવી રહ્યું છે. બે દિવસ પહેલા મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લા હોસ્પિટલના NICUમાં પણ આવી જ ઘટના બની હતી. શનિવારે મોડી રાત્રે લગભગ 2 વાગ્યે વોર્મર મશીનના ફિલામેન્ટમાંથી નીકળેલી ચિનગારી બાદ આગ લાગી હતી. આ અકસ્માતમાં 3 નવજાત શિશુ દાઝી ગયા હતા. હોસ્પિટલ સ્ટાફે ફાયર ફાઈટિંગ ઉપકરણોની મદદથી આગ બુઝાવી અને ત્રણેય બાળકોને પ્રાથમિક સારવાર આપી. આ પછી ત્રણેય નવજાત શિશુઓને વધુ સારી સારવાર માટે જબલપુર રિફર કરવામાં આવ્યા હતા. તેમાંથી એક બાળકની હાલત ગંભીર હતી અને તેને સર્જરીની જરૂર હતી. છિંદવાડામાં પીડિયાટ્રિક સર્જન ઉપલબ્ધ ન હોવાને કારણે તેને જબલપુર લઈ જવામાં આવ્યો, પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું. આમાંથી એક બાળકનો જન્મ અકસ્માત પહેલાં થોડા કલાકો પહેલાં જ થયો હતો.



## LAC તણાવ ભૂલી ફરી નજીક આવશે ભારત-ચીન! બ્રિક્સ સમિટ પહેલાં NSA અજીત ડોભાલની બેઈજિંગમાં મંત્રણા

**નવી દિલ્હી, તા.24**

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ સોમવારે બે દિવસના ચીન પ્રવાસે બેઈજિંગ પહોંચ્યા છે. તેઓ ભારત-ચીન સરહદ વિવાદને લઈને વિશેષ પ્રતિનિધિઓની 25મા તબક્કાની મંત્રણામાં ભાગ લેશે. આ સમયગાળા દરમિયાન સરહદ પર શાંતિ અને સ્થિરતા સાથે બંને દેશોના દ્વિપક્ષીય સંબંધો સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થશે. ડોભાલ ચીનના વિદેશ મંત્રી અને ભારત-ચીન સરહદ મુદ્દા પર ચીનના વિશેષ પ્રતિનિધિ વાંગ યીના આમંત્રણ પર બેઈજિંગ પહોંચ્યા છે.



વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, અજિત ડોભાલ (Ajit Doval) અને વાંગ યી (Wang Yi) મંગળવારે સરહદ વિવાદ સંબંધિત મુદ્દાઓ પર વિશેષ પ્રતિનિધિ સ્તરની વાટાઘાટો કરશે. પોતાના ચીન પ્રવાસ દરમિયાન ભારતીય સુરક્ષા સલાહકાર ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ (Han Zheng) સાથે પણ મુલાકાત કરશે. આ મુલાકાતને ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં સરહદ સાથે જોડાયેલા પેન્ડિંગ પ્રશ્નોને ઉકેલવા તરફ આગળ વધારવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

અગાઉ 6 ઓગસ્ટે નવી દિલ્હીમાં બંને દેશો વચ્ચે સરહદી બાબતો પર પરામર્શ અને સંકલન માટે રચાયેલા વર્કિંગ મિકેનિઝમ (WMCC)ની 36મી બેઠક યોજાઈ હતી. તેમાં સીમા નિર્ધારણ, સરહદ વ્યવસ્થાપન અને સરહદ પાર સહયોગ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વિદેશ મંત્રાલય મુજબ, આ બેઠકમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC)ની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. બંને પક્ષોએ સ્પષ્ટ કર્યું હતું કે, સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવવી એ બંને દેશોના સંબંધોના સમગ્ર વિકાસ માટે ખૂબ જ જરૂરી છે.

બેઠક દરમિયાન બંને દેશોના અધિકારીઓએ બાકી રહેલા પ્રશ્નોના ઉકેલ માટે વર્તમાન રાજદ્વારી અને સૈન્ય સંવાદના માધ્યમોનો ઉપયોગ ચાલુ રાખવા પર સહમતિ દર્શાવી હતી. તેમાં WMCC, સ્થાનિક કમાન્ડર સ્તરની બેઠકો અને પૂર્વ-સ્થાપિત વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે. 24મા વિશેષ પ્રતિનિધિ તબક્કાની વાતચીત બાદ બંને પક્ષોએ સીમા નિર્ધારણ, સરહદ સંચાલન અને સરહદ પાર સહયોગ સાથે જોડાયેલા વિષયો પર વિગતવાર વિચાર-વિમર્શ કર્યો હતો.

ભારતે બંને દેશો વચ્ચે વહેતી સરહદ પારની નદીઓ સાથે સંકળાયેલા એક્સપર્ટ લેવલ મિકેનિઝમની આગામી બેઠક ઝડપથી બોલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આ સાથે જ ઉપલા વિસ્તારોમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ્સ સંબંધિત ટેકનિકલ માહિતીનું આદાન-પ્રદાન કરવાના મહત્ત્વ પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.




# અમદાવાદના બેહરામપુરામાં CCTV કેમેરાનું એંગલ ફેરવવા બાબતે પથ્થરમારો, 8 લોકો સામે ફરિયાદ

**અમદાવાદ, તા.24**

અમદાવાદ શહેરના બહેરામપુરા વિસ્તારમાં CCTV કેમેરાના એન્ગલ અને ખાનગીપણાને લઈને શરૂ થયેલી સામાન્ય બોલાચાલીએ ગંભીર અને હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. કેમેરાનું મોઢું પોતાના ઘર તરફ રાખવામાં આવી રહ્યું હોવાનો વિરોધ કરનાર 34 વર્ષીય વકીલ અને તેમના ભાઈ પર એક જૂથ દ્વારા લાકડીઓ, ઈંટો અને પથ્થરો વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. હુમલામાં બંને ભાઈઓને ઈજા પહોંચી છે. એટલું જ નહીં, હુમલાખોરોએ ગારમેન્ટની દુકાનના કાચ પણ તોડી નાખ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને દાણીલીમડા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, બહેરામપુરા વિસ્તારમાં રહેતા 34 વર્ષીય વકીલ અબ્દુલ અઝીમ ખાનના ઘરની બાજુમાં સોહિલ હનીફભાઈ શેખ ભાડાના મકાનમાં રહે છે. ગત 22 ઓગસ્ટના રોજ સોહિલના ઘરે કેટલાક યુવકો CCTV કેમેરા લગાવવા માટે



આવ્યા હતા. CCTV કેમેરા લગાવતી વખતે તેનો એન્ગલ એવો રાખવામાં આવી રહ્યો હતો કે અબ્દુલ અઝીમ ખાનના ઘરની અંદરનો ભાગ પણ કેમેરામાં સ્પષ્ટ રીતે દેખાઈ શકે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. પોતાના પરિવારની ખાનગી બાબતો કેમેરામાં કેદ થઈ શકે તેવી આશંકા હોવાથી અબ્દુલે આ બાબતે વાંધો ઉઠાવ્યો હતો અને કેમેરાનું મોઢું પોતાના ઘર તરફ ન રાખવા માટે યુવકોને જણાવ્યું હતું.

અબ્દુલ અઝીમના વિરોધ બાદ તે સમયે CCTV કેમેરા લગાવવા આવેલા યુવકો ત્યાંથી જતા રહ્યા હતા. પ્રથમ વખત મામલો ત્યાં જ શાંત થઈ ગયો હતો. જોકે, બીજા દિવસે સાંજે આ જ મુદ્દાને લઈને ફરી વિવાદ ઊભો થયો હતો. અબ્દુલ અઝીમ ખાન પોતાના ભાઈ સમીરની ગારમેન્ટની દુકાન તરફ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં આદિલ નામના યુવકે તેમને અટકાવ્યા હતા. આદિલે અગાઉ CCTV કેમેરા લગાવવાના બનાવને લઈને અબ્દુલ સાથે બોલાચાલી કરી હતી. બંને વચ્ચે વાતચીત દરમિયાન મામલો વધુ ઉગ્ર બન્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

બોલાચાલી બાદ આદિલ સાથે સફવાન અને અબ્દુલ રઝાક નામના વ્યક્તિનો ડ્રાઈવર પણ અબ્દુલની પાછળ ગારમેન્ટની દુકાન સુધી પહોંચ્યા હતા. ફરિયાદ મુજબ, ત્રણેયે દુકાન પાસે અબ્દુલને ગાળો આપી હતી અને ત્યારબાદ તેમના પર હુમલો કર્યો હતો. આ દરમિયાન હુમલાખોરોએ ઈંટોનો ઉપયોગ કર્યો હતો અને દુકાનના કાચ પર પણ ઈંટો ફેંકવામાં આવી હતી. ઈંટોના ઘા અને હુમલાને કારણે દુકાનના કાચ તૂટી ગયા હતા, જેના કારણે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પરિસ્થિતિ વધુ વણસતા અબ્દુલ અઝીમ ખાન ડરીને પોતાનો બચાવ કરવા માટે દુકાનથી પોતાના ઘર તરફ દોડી ગયા હતા. જોકે, ફરિયાદ મુજબ હુમલાખોરોએ તેમનો પીછો કર્યો હતો. સોસાયટીના ગેટ નંબર-2 પાસે પહોંચતા આદિલ, સફવાન અને અન્ય એક વ્યક્તિ લાકડીઓ લઈને અબ્દુલની પાછળ પહોંચી ગયા હતા અને ત્યાં ફરીથી તેમના પર હુમલો શરૂ કર્યો હતો. અબ્દુલને લાકડીઓ વડે માર મારવામાં આવ્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. આ દરમિયાન હુમલામાં વધુ લોકો જોડાઈ ગયા હોવાની પણ ફરિયાદમાં વિગતો આપવામાં આવી છે. હસન, મોહમ્મદ, શાહબાઝ, ઝુબેર અને એક બાઉન્સર સહિત વધુ પાંચ લોકો પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તેઓ પણ હુમલામાં સામેલ થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અચાનક મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ જતાં પરિસ્થિતિ વધુ તંગ બની હતી. અબ્દુલને બચાવવા માટે તેમના પરિવારજનો વચ્ચે પડ્યા હતા, પરંતુ તેમના પર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. હુમલાની આ સમગ્ર ઘટનામાં અબ્દુલ અઝીમ ખાનના કપાળના ભાગે ઈજા પહોંચી હતી. તેમના ભાઈ સમીરને પણ બંને હાથ અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. પરિવારજનો અને આસપાસના લોકોની દોડધામ વચ્ચે બંને ભાઈઓને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. બીજી તરફ, હુમલા દરમિયાન ગારમેન્ટની દુકાનના કાચ તોડી નાખવામાં આવતા મિલકતને પણ નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. CCTV કેમેરાના એન્ગલ અને પોતાના ઘરની પ્રાઈવસીને લઈને શરૂ થયેલો વિવાદ માત્ર બે પક્ષો વચ્ચેની બોલાચાલી સુધી મર્યાદિત રહ્યો નહોતો, પરંતુ થોડા જ સમયમાં મારામારી અને તોડફોડમાં ફેરવાઈ ગયો હતો. આ ઘટનાને લઈને વિસ્તારમાં પણ ચકચાર મચી હતી. CCTV કેમેરા લગાવતી વખતે કેમેરાનો એન્ગલ કયા વિસ્તારને કવર કરે છે.

# ગુજરાતમાં ખેતી ખતરામાં : 2.28 લાખ હેક્ટર ખેતીલાયક જમીન ઘટી, ખેડૂતો થયા લાચાર

**અમદાવાદ, તા.24**

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ અને શહેરીકરણની તેજ ગતિ વચ્ચે એક ચોંકાવનારી વિગતો સામે આવી છે. લોકસભામાં રજૂ કરાયેલા 'લેન્ડ યુઝ સ્ટેટિસ્ટિક્સ' મુજબ, રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં અંદાજે 2.28 લાખ હેક્ટર ખેતીલાયક જમીનનો ઘટાડો થયો છે. આ ઘટાડો ગુજરાતના કુલ કૃષિ ક્ષેત્રના આશરે 1.83 ટકા જેટલો થાય છે પરિણામે ભવિષ્યમાં ખાદ્ય સુરક્ષાએ ચિંતાનો વિષય બન્યો છે. ખેતી મોંઘી થતાં ખેડૂતો ખેતીલાયક જમીનો વેચી રહ્યાં છે જેથી ગુજરાતમાં આ સ્થિતિનું નિર્માણ થયું છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલયના સરકારી અહેવાલ મુજબ વર્ષ 2020-21માં રાજ્યમાં 124.62 લાખ હેક્ટર ખેતીલાયક જમીન હતી, જે વર્ષ 2024-25 સુધીમાં ઘટીને માત્ર 122.38 લાખ હેક્ટર રહી ગઈ છે. જિલ્લાવાર આંકડાઓ પર નજર કરીએ તો સાબરકાંઠામાં સૌથી વધુ 43.72 ટકા અને જામનગરમાં 40.61 ટકા અને વડોદરામાં 38.18 ટકા ખેતીની જમીન ઓછી થઈ છે. જ્યારે અમદાવાદ જિલ્લામાં 71,786 હેક્ટર જમીન બિન-ખેતીમાં ફેરવાઈ ગઈ છે. ખેતીની જમીન ઘટવા પાછળ ઝડપી શહેરીકરણ મુખ્ય જવાબદાર પરિબળ રહ્યું છે.



અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા મેટ્રો શહેરોની સરહદો સતત વિસ્તરી રહી છે. હાઉસિંગ પ્રોજેક્ટ્સના કારણે ખેડૂતો ઊંચી કિંમતે ખેતીલાયક જમીનો વેચી રહ્યા છે. ગુજરાતમાં ખેતીલાયક જમીન ઘટવાના મુખ્ય કારણ, ઝડપી શહેરીકરણ, ઔદ્યોગિક કોરિડોર નું નિર્માણ, ખેતીમાં ઓછી આવક અને મોંઘવારી, દરિયાઈ ખારાશ અને જમીન ધોવાણ, 2024-25માં 12,234 હેક્ટર.

મહત્ત્વનું કારણ એ પણ છે, હવે બિયારણ, ખાતર અને મજૂરીના વધતા ખર્ચ સામે ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળતા નથી. આ જોતાં ખેડૂતોને ખેતી પોષાય તેમ નથી જેથી તેઓ ખેતીલાયક જમીન વેચી રહ્યાં છે. ગુજરાતમાં ખેડૂત પરિવારની સરેરાશ માસિક આવક માત્ર રૂ. 12,631 છે જેના કારણે નવી પેઢી ખેતી છોડી અન્ય વ્યવસાય તરફ વળી રહી છે. ગુજરાત મોડેલમાં ઉદ્યોગોને પ્રાથમિકતા મળતા હાઈવે ટચ ખેતીની જમીનો ફેક્ટરીઓ, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન અને લોજિસ્ટિક પાર્કમાં ફેરવાઈ રહી છે. આ ઉપરાંત કચ્છ, સુરત જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જમીનમાં ખારાશ વધી રહી છે. રાસાયણિક ખાતરોના અતિશય વપરાશને લીધે પણ હજારો હેક્ટર જમીન બિન-ઉપજાઉ બની છે. કૃષિ નિષ્ણાતોનું માનવું છે કે, જો ગુજરાતમાં જમીન બિન-ખેતી થવાનો આ ટ્રેન્ડ ન રોકાયો, તો આગામી સમયમાં નાના ખેડૂતો ખેતમજૂર બની જશે અને ધાન્ય પાકોની તીવ્ર અછત સર્જાઈ શકે છે. સરકાર દ્વારા જે રીતે બેફામ નોન એગ્રીકલ્ચરને મંજૂરી આપવામાં આવે છે તેનાથી ખેતીલાયક જમીન સતત ઘટી રહી છે. તંત્ર દ્વારા આ મામલે નિયંત્રણ નહીં લેવામાં આવે તો સ્થિતિ વણસી શકે છે.

# સાણંદ-વિરમગામ હાઈવે પર પોલીસના દરોડા, 1 કરોડનો વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

**અમદાવાદ, તા.24**

અમદાવાદ ગ્રામ્ય પોલીસ જિલ્લાના સાણંદ GIDC પોલીસ સ્ટેશનની ટીમે દારૂની ગેરકાયદે હેરાફેરી સામે મોટી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે સાણંદ-વીરમગામ હાઈવે પર વીરપુર પાટીયા નજીકથી વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું છે. પોલીસની કાર્યવાહી દરમિયાન કન્ટેનરમાંથી આશરે 1200 બોક્સમાં ભરેલી વિદેશી દારૂની કુલ 32,392 બોટલો મળી આવી હતી. આ સમગ્ર જથ્થાની અંદાજિત કિંમત રૂ. 1,11,03,388 હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. દારૂ ઉપરાંત પોલીસે કન્ટેનર અને ટ્રક, ત્રણ મોબાઈલ ફોન તથા રૂ. 1,300 રોકડ સહિતનો મુદ્દામાલ પણ કબજે કર્યો છે. પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલા સમગ્ર મુદ્દામાલની કુલ કિંમત આશરે રૂ. 1,36,19,688 હોવાનું જણાવવામાં આવ્યું છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આટલી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો હોવાની ઘટના સામે આવતા પોલીસ તંત્ર પણ સતર્ક બન્યું છે.

મળતી માહિતી પ્રમાણે, સાણંદ GIDC પોલીસની ટીમ 23 ઓગસ્ટના રોજ સાણંદ-વીરમગામ હાઈવે વિસ્તારમાં પેટ્રોલિંગ અને વાહન ચેકિંગમાં હતી. તે દરમિયાન વીરપુર પાટીયા નજીકથી પસાર થઈ રહેલા એક



શંકાસ્પદ કન્ટેનર પર પોલીસની નજર પડી હતી. પોલીસ ટીમે કન્ટેનરને રોકીને તેની તપાસ હાથ ધરી હતી. કન્ટેનરની અંદર તપાસ કરતા મોટી સંખ્યામાં બોક્સ જોવા મળ્યા હતા. જ્યારે આ બોક્સની સઘન તપાસ કરવામાં આવી ત્યારે તેમાં વિદેશી દારૂનો મોટો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે કન્ટેનરમાંથી એક પછી એક બોક્સ બહાર કાઢીને તપાસ કરતાં આશરે 1200 બોક્સમાં કુલ 32,392 વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. દારૂના આટલા મોટા જથ્થાને જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ત્યારબાદ પોલીસે સમગ્ર દારૂનો જથ્થો કબજે કરી કન્ટેનર અને ટ્રકને પણ જપ્ત કરી લીધા હતા. આ ઉપરાંત કન્ટેનરમાંથી ત્રણ મોબાઈલ ફોન અને રૂ. 1,300 રોકડ પણ મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી કન્ટેનરના ડ્રાઈવર કરતારામ મેઘવાલની ધરપકડ કરી છે. કરતારામ મેઘવાલની ઉંમર 30 વર્ષ હોવાનું સામે આવ્યું છે અને તે રાજસ્થાનના બાડમેર જિલ્લાના ધોરીમના તાલુકાનો રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે તેની પૂછપરછ શરૂ કરીને આટલો મોટો દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો તે અંગે માહિતી મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસને આ સમગ્ર દારૂની હેરાફેરી પાછળ એક મોટું નેટવર્ક કાર્યરત હોવાની માહિતી મળી છે. પોલીસ તપાસમાં દારૂનો જથ્થો મોકલનાર અજમેરના સુરેન્દ્ર યાદવનું નામ સામે આવ્યું છે. આ ઉપરાંત કન્ટેનરના માલિક તરીકે બાડમેરના મેહરારામ માનારામની પણ ઓળખ થઈ હોવાનું જણાવવામાં આવ્યું છે.

# અમદાવાદના રખિયાલમાં નશામાં રિક્ષા હંકારતા ચાલકનો અકસ્માત, રિક્ષામાંથી 57 લીટર દેશી દારૂ ઝડપાયો.....

**અમદાવાદ, તા.24**

ભાવનગર લઠ્ઠાકાંડ બાદ રાજ્યભરમાં દારૂના ગેરકાયદે વેચાણ અને હેરાફેરી સામે પોલીસની કાર્યવાહી વધુ કડક બની રહી છે. અમદાવાદ શહેરમાં પણ બુટલેગરો અને દારૂની હેરાફેરી સાથે સંકળાયેલા તત્વો સામે પોલીસ દ્વારા તપાસ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ દરમિયાન અમદાવાદના રખિયાલ વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં નશાની હાલતમાં રિક્ષા ચલાવી રહેલા ચાલકે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત બાદ રિક્ષાની તપાસ કરવામાં આવતા તેમાં મોટી માત્રામાં દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રિક્ષામાંથી કુલ 57 લીટર જેટલો ગેરકાયદે દેશી દારૂ જપ્ત કર્યો હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ગત 23 ઓગસ્ટની રાત્રે આશરે 11.15 વાગ્યાના સમયે રખિયાલ વિસ્તારમાં આવેલા અજીત મીલ ચાર રસ્તા નજીક એક રિક્ષાચાલકે પૂરપાટ ઝડપે રિક્ષા હંકારી હતી. રાત્રિના સમયે બેફામ ઝડપે રિક્ષા ચલાવવાના કારણે ચાલકે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત થતાં જ



આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. થોડા જ સમયમાં અકસ્માત સ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. સ્થાનિક લોકોએ રિક્ષાચાલકની સ્થિતિ જોતા તે ભારે નશાની હાલતમાં હોવાનું જણાયું હતું.

અકસ્માના સ્થળે હાજર લોકોનું ધ્યાન રિક્ષાની પાછળના ભાગમાં મૂકવામાં આવેલા કોથળા તરફ ગયું હતું. આ કોથળામાંથી દેશી દારૂ જેવી વાસ આવતી હોવાની શંકા જતા સ્થાનિકોએ તરત જ પોલીસને જાણ કરી હતી. માહિતી મળતા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને નશાની હાલતમાં હોવાનું જણાતા રિક્ષાચાલકને રિક્ષા સાથે નજીકની પોલીસ ચોકી ખાતે લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ રિક્ષાની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે રિક્ષામાં રાખવામાં આવેલા કોથળાઓની તપાસ કરતા તેમાં દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન રિક્ષામાંથી ત્રણ મોટા પ્લાસ્ટિકના કોથળા મળી આવ્યા હતા. આ કોથળાઓમાં દેશી દારૂની કુલ 19 થેલીઓ સંતાડવામાં આવી હતી. પોલીસે તપાસ કરતાં આ તમામ થેલીઓમાંથી કુલ 57 લીટર જેટલો ગેરકાયદે દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂનો આ સમગ્ર જથ્થો જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ મામલે પોલીસે રખિયાલના વિવેકાનંદ આવાસમાં રહેતા રિક્ષાચાલક મનીષ ડાભી અને નડિયાદના કનીપુરા કબ્રસ્તાન નજીક રહેતા વિજય તળપદાને આરોપી બનાવ્યા છે. પોલીસ દ્વારા બંને સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, તેને ક્યાં પહોંચાડવાનો હતો અને આ હેરાફેરીમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે કેમ તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

આ સમગ્ર ઘટનામાં રિક્ષાચાલક મનીષ ડાભી નશાની હાલતમાં હોવાનું સામે આવતા પોલીસે તેની સામે દારૂના નશામાં વાહન ચલાવવાનો અલગથી કેસ પણ નોંધ્યો છે. દારૂના નશામાં વાહન ચલાવવાથી માત્ર ચાલકનું જ નહીં પરંતુ રસ્તા પર જતા અન્ય લોકોનું જીવન પણ જોખમમાં મુકાઈ શકે છે. આ કિસ્સામાં પણ નશાની હાલતમાં પૂરપાટ ઝડપે રિક્ષા ચલાવવાના કારણે અકસ્માત સર્જાતા ગંભીર ઘટના બનતા અટકી હોવાનું કહી શકાય.

દારૂબંધી ધરાવતા ગુજરાતમાં રિક્ષામાં છુપાવીને આટલી મોટી માત્રામાં દેશી દારૂની હેરાફેરી થતી હોવાની ઘટના સામે આવતા સ્થાનિક વિસ્તારમાં પણ ચર્ચા શરૂ થઈ છે. ખાસ કરીને રાત્રિના સમયે દારૂનો જથ્થો એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે પોલીસના નાઈટ પેટ્રોલિંગ અને વાહન ચેકિંગની કામગીરી અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. જોકે, આ સમગ્ર મામલે પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને તેની પાછળનું નેટવર્ક કેટલું મોટું છે તે સ્પષ્ટ થઈ શકશે.

અકસ્મત બાદ પોલીસના હાથે દારૂનો જથ્થો ઝડપાતા રખિયાલ વિસ્તારમાં દારૂની હેરાફેરી કરતા લોકોમાં પણ ફફડાટ ફેલાયો હોવાનું સામે આવ્યું છે. પોલીસે જપ્ત કરેલા 57 લીટર દેશી દારૂ અને રિક્ષાને તપાસના ભાગરૂપે કબજે લીધા છે. હવે પોલીસ આરોપીઓની પૂછપરછ કરીને આ દારૂની હેરાફેરી પાછળ કોણ છે અને અગાઉ પણ આ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિ કરવામાં આવી હતી કે નહીં તે અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરશે.

ભાવનગર લઠ્ઠાકાંડ બાદ રાજ્યમાં દારૂના ગેરકાયદે નેટવર્ક સામે પોલીસની કાર્યવાહી પર ખાસ ધ્યાન કેન્દ્રિત થયું છે. એવા સમયે અમદાવાદના રખિયાલ વિસ્તારમાંથી નશામાં રિક્ષા ચલાવતા ચાલક પાસેથી દેશી દારૂનો જથ્થો મળી આવવાની ઘટના પોલીસ માટે પણ ગંભીર બાબત બની છે. એક તરફ દારૂબંધીના કાયદાનો અમલ કરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

# ગુજરાતમાં શુદ્ધ આહારના નામે ભેળસેળનો ખેલ! દૂધ, ઘી, પનીરથી લઈને આઈસ્ક્રીમ સુધીના 489 સેમ્પલ ફેલ, 1096 સેમ્પલની હજુ તપાસ બાકી

**અમદાવાદ, તા.24**

ગુજરાતમાં 'શુદ્ધ આહાર'ના નામે ખાદ્યચીજોમાં ભેળસેળનો ગંભીર પ્રશ્ન સામે આવી રહ્યો છે. રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષ દરમિયાન કરવામાં આવેલા સેમ્પલિંગ અને લેબ ટેસ્ટિંગના આંકડા ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. દૂધ, ઘી, પનીર, ચીઝ, બટર અને આઈસ્ક્રીમ જેવી રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી ખાદ્યચીજોના સેમ્પલમાં ખામીઓ સામે આવી છે. લોકો પરિવાર સાથે વિશ્વાસપૂર્વક જે વસ્તુઓ ખરીદીને ખાઈ રહ્યા છે, તેની ગુણવત્તા અંગે સવાલો ઊભા થયા છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના આહારમાં નિયમિત ઉપયોગમાં આવતી ડેરી પ્રોડક્ટ્સમાં જો ભેળસેળ કે ગુણવત્તા સંબંધિત ખામી જોવા મળે તો તે સમગ્ર સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય બની શકે છે.

મળતી માહિતી પ્રમાણે, સમગ્ર વર્ષ દરમિયાન ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાંથી ઘી, ચીઝ, પનીર, આઈસ્ક્રીમ અને દૂધ



સહિતની વિવિધ ખાદ્યચીજોના કુલ 3589 સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સેમ્પલોને લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. તપાસવામાં આવેલા સેમ્પલમાંથી 489 સેમ્પલ ગુણવત્તાના ધોરણો પર ખરા ઉતર્યા ન હોવાનું સામે આવ્યું છે. એટલે કે મોટી સંખ્યામાં ખાદ્યચીજોના સેમ્પલમાં કોઈને કોઈ પ્રકારની ખામી મળી આવી છે. આ આંકડાએ ખાદ્ય સુરક્ષાને લઈને અનેક ગંભીર સવાલો ઊભા કર્યા છે.

સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે ઘી, બટર અને પનીર જેવા ઉત્પાદનોના સેમ્પલમાં ખાદ્ય ગુણવત્તા અંગે ગંભીર ખામીઓ સામે આવી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત પ્રોસેસ્ડ દૂધ અને લૂઝ દૂધના મળીને કુલ 66 સેમ્પલ પણ પરીક્ષણમાં નિષ્ફળ રહ્યા છે. દૂધ અને દૂધની બનાવટો ગુજરાતના લગભગ દરેક ઘરમાં રોજિંદા આહારનો મહત્વનો ભાગ છે. આવી સ્થિતિમાં આ પ્રકારના સેમ્પલ ફેલ થવાથી ગ્રાહકોમાં પણ ચિંતા ફેલાઈ છે. આઈસ્ક્રીમને લઈને પણ ચોંકાવનારી વિગતો સામે આવી છે. ઉનાળાથી લઈને અન્ય ઋતુઓમાં પણ બાળકો અને યુવાનોમાં આઈસ્ક્રીમ ખૂબ લોકપ્રિય છે. લોકો પરિવાર સાથે બહાર જઈને આઈસ્ક્રીમ ખાવાનું પસંદ કરે છે. પરંતુ ફૂડ સેમ્પલની તપાસ દરમિયાન આઈસ્ક્રીમના 23 સેમ્પલ પણ નિર્ધારિત ગુણવત્તાના ધોરણો પર નિષ્ફળ રહ્યા હોવાનું સામે આવ્યું છે. આ સ્થિતિમાં ગ્રાહકો માટે માત્ર સ્વાદ નહીં પરંતુ ખાદ્ય પદાર્થની ગુણવત્તા અને સલામતી પણ એટલી જ મહત્વપૂર્ણ બની જાય છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોવા છતાં આ સમગ્ર મામલામાં એક મોટો સવાલ એ છે કે ભેળસેળ કે ગુણવત્તામાં ખામી ધરાવતી ખાદ્યચીજો બજારમાં કેવી રીતે પહોંચી રહી છે. જો સેમ્પલ ટેસ્ટિંગમાં નિષ્ફળ જાય છે તો તે ઉત્પાદનો બનાવનારા, વેચનારા અથવા સપ્લાય કરનારા સામે કેટલી કડક કાર્યવાહી થાય છે તે પણ મહત્વનો મુદ્દો છે. મળતી માહિતી પ્રમાણે વિભાગ દ્વારા આ મામલે કુલ રૂ. 35.17 લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. જોકે, માત્ર દંડ વસૂલવાથી ખાદ્યચીજોમાં ભેળસેળની સમસ્યા કેટલી હદે અટકશે તે અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. ખાદ્યચીજોમાં ભેળસેળ માત્ર ગ્રાહક સાથેની છેતરપિંડી નથી, પરંતુ લાંબા ગાળે જાહેર આરોગ્ય માટે પણ ગંભીર જોખમ ઊભું કરી શકે છે. ખાસ કરીને દૂધ, પનીર, ઘી અને બટર જેવી વસ્તુઓનો નિયમિત ઉપયોગ થતો હોવાથી તેમાં ગુણવત્તાની ખામી હોય તો મોટી સંખ્યામાં લોકો તેની અસર હેઠળ આવી શકે છે. બાળકો, વૃદ્ધો અને પહેલેથી જ નબળી તબિયત ધરાવતા લોકો માટે પણ ગુણવત્તાવિહોણા ખોરાકનું સેવન વધુ નુકસાનકારક બની શકે છે.

આ સમગ્ર મામલામાં સૌથી મોટો અને ચોંકાવનારો સવાલ સેમ્પલની તપાસની ગતિને લઈને ઊભો થયો છે. વિભાગ દ્વારા કુલ 3589 સેમ્પલ લેવામાં આવ્યા હોવા છતાં તેમાંથી 1096 સેમ્પલની તપાસ હજુ સુધી પૂર્ણ થઈ ન હોવાનું જણાવવામાં આવે છે. એટલે કે સેમ્પલ લેવામાં આવ્યા બાદ પણ મોટી સંખ્યામાં સેમ્પલના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. જો કોઈ ખાદ્યચીજ ખરેખર હાનિકારક અથવા નિર્ધારિત ધોરણોથી વિરુદ્ધ હોય અને તેનો રિપોર્ટ સમયસર ન આવે તો તે દરમિયાન તે જ ઉત્પાદન બજારમાં વેચાતું રહેવાની શક્યતા અંગે પણ ચિંતા ઊભી થાય છે.

# અમદાવાદમાં મોંઘવારીની સીધી અસર ચાની કિટલીઓ પર, ખાંડના ભાવ વધતાં ચા-કોફી ₹5 મોંઘી, કટીંગ ચા હવે ₹15 રૂપિયામાં

**અમદાવાદ, તા.24**

ગૃહિણીઓના રસોડાનું બજેટ પહેલેથી જ મોંઘવારીના કારણે ખોરવાઈ ગયું છે ત્યારે હવે તેની સીધી અસર અમદાવાદ શહેરની ચાની કિટલીઓ અને સામાન્ય નાગરિકોના રોજિંદા જીવન પર પણ જોવા મળી રહી છે. ખાંડના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા અચાનક વધારાને પગલે અમદાવાદમાં ચા અને કોફીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. ચા-કોફી વેચતા વેપારીઓએ હવે પ્રતિ કપ અંદાજે 5નો વધારો કર્યો છે. જેના કારણે રોજ સવારે કે સાંજે ચાની ચુસકી લેતા સામાન્ય ગ્રાહકોના ખિસ્સા પર વધારાનો બોજ પડ્યો છે. અમદાવાદના સ્થાનિક હોલસેલ અને રિટેલ બજારમાં છેલ્લા એક સપ્તાહથી ખાંડના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વેપારીઓના જણાવ્યા પ્રમાણે આશરે 10 દિવસ પહેલા જે ખાંડ પ્રતિ કિલો 45ની આસપાસ મળતી હતી, તેનો ભાવ હવે 70ને પાર પહોંચી ગયો છે. એટલે કે ટૂંકા ગાળામાં ખાંડના ભાવમાં પ્રતિ કિલો આશરે 25 કે તેથી વધુનો વધારો જોવા મળ્યો છે. ખાંડ જેવી રોજિંદા ઉપયોગની વસ્તુમાં આટલો મોટો ભાવ વધારો થતાં તેની અસર ચા અને કોફી જેવા નાના વ્યવસાય પર પણ સીધી પડી છે. ચાની કિટલી ચલાવતા વેપારીઓ માટે ખાંડ, દૂધ, ચા પત્તી અને ગેસ જેવા ખર્ચ પહેલેથી જ મહત્વના છે. હવે તેમાં ખાંડના ભાવમાં થયેલા અચાનક વધારાથી એક કપ ચા પાછળનો ખર્ચ પણ વધ્યો છે. વેપારીઓનું કહેવું છે કે જો ચા-કોફીના ભાવમાં વધારો કરવામાં નહીં આવે તો હાલના ખર્ચે વ્યવસાય ચલાવવો મુશ્કેલ બની શકે છે. તેથી ગ્રાહકો પાસેથી વધારાના 5 વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં અગાઉ 10માં મળતી અડધી કટીંગ ચાનો ભાવ હવે વધારીને 15 કરવામાં આવ્યો છે. એટલે કે સામાન્ય રીતે કામકાજ દરમિયાન વારંવાર ચા પીતા ગ્રાહકો માટે એક કપ ચા પર સીધો 5નો વધારાનો ખર્ચ થશે. આ જ રીતે અગાઉ 15માં મળતી અડધી કોફીનો ભાવ હવે વધારીને 20 કરવામાં આવ્યો છે. ચા અને કોફીના ભાવમાં આ વધારો ખાસ કરીને રોજિંદા ગ્રાહકો માટે નોંધપાત્ર બની રહ્યો છે.

ચાની કિટલી પર પાર્સલ ચા લેનારા ગ્રાહકોને પણ હવે વધારાનો ખર્ચ કરવો પડશે. અગાઉ 10માં ચાનું પાર્સલ મળી જતું હતું, પરંતુ હવે અનેક સ્થળોએ 10નું ચા પાર્સલ બંધ કરીને લઘુત્તમ 15થી 20નું પાર્સલ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. એટલે કે દુકાન પર બેસીને ચા પીતા ગ્રાહકોની સાથે ઘરે કે ઓફિસમાં લઈ જવા માટે ચા પાર્સલ કરાવતા ગ્રાહકો પર પણ ભાવ વધારાની અસર જોવા મળી રહી છે.

વેપારીઓનું કહેવું છે કે માત્ર ખાંડ જ નહીં પરંતુ ચા-કોફી બનાવવામાં ઉપયોગમાં આવતી અન્ય વસ્તુઓના ભાવ પણ પહેલેથી જ ઊંચા છે. દૂધના ભાવમાં થયેલા વધારા ઉપરાંત રસોઈ ગેસ અને અન્ય ખર્ચનો બોજ પણ ચાની કિટલી ચલાવતા વેપારીઓ પર છે. આવી સ્થિતિમાં ખાંડના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા ઉછાળાએ તેમની મુશ્કેલી વધુ વધારી છે. એક કપ ચા બનાવવા માટે ખાંડની માત્રા ઓછી હોય છે, પરંતુ દિવસભરમાં હજારો કપ ચા વેચતા વેપારીઓ માટે ખાંડના ભાવમાં પ્રતિ કિલો 25થી વધુનો વધારો મોટો ખર્ચ બની જાય છે. ચાની કિટલી પર દિવસ દરમિયાન મોટી સંખ્યામાં ગ્રાહકો આવતા હોવાથી થોડા પૈસાનો ખર્ચ વધારો પણ મહિનાના અંતે વેપારીઓના કુલ ખર્ચમાં મોટો તફાવત પેદા કરી શકે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# જાપાનમાં 6.0 તીવ્રતાનો બીજો ભૂકંપ: ટોક્યો નજીક આવેલા આંચકાઓમાં 40+ લોકો ઘાયલ થયા હતા

**ટોક્યો, તા.24**

જાપાનના ઉત્તરી હોકાઈડો પ્રાંતમાં રવિવારે રાત્રે 6.0 તીવ્રતાનો ભૂકંપ આવ્યો. જાપાન હવામાન વિજ્ઞાન એજન્સી (JMA) અનુસાર, ભૂકંપ સ્થાનિક સમય મુજબ રાત્રે 10:45 વાગ્યે આવ્યો અને તેનું કેન્દ્ર હોકાઈડો નજીક સમુદ્રમાં 40 કિમીની ઊંડાઈએ હતું.

JMA એ સુનામીની ચેતવણી જાહેર કરી ન હતી. આ પહેલા શનિવારે મોડી રાત્રે સ્થાનિક સમય મુજબ 2 વાગ્યે જાપાનના પૂર્વીય ભાગમાં 5.9 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ક્યોડો ન્યૂઝ અનુસાર, ટોક્યો અને આસપાસના વિસ્તારોમાં 40થી વધુ લોકો ઘાયલ થયા છે.

જાપાન ટાઈમ્સ અનુસાર, સરકારે લોકોને આગામી એક અઠવાડિયા સુધી આવા જ તીવ્ર ભૂકંપ માટે સાવચેત રહેવા જણાવ્યું છે.

ભૂકંપના કારણે ટોક્યો અને નારિતા એરપોર્ટ જતી એક્સપ્રેસ ટ્રેનો મોડી પડી. ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં ચાલતી કેટલીક સ્થાનિક ટ્રેન સેવાઓ પર પણ અસર પડી. જોકે, ઈસ્ટ જાપાન રેલવે કંપનીના જણાવ્યા અનુસાર



શિંકનસેન બુલેટ ટ્રેનો સામાન્ય રીતે ચાલુ રહી.

ભૂકંપ પછી મોબાઈલ ફોન પર ઈમરજન્સી એલર્ટ જારી થયા અને ટોક્યોમાં પણ જોરદાર આંચકા અનુભવાયા. NHK પબ્લિક ટેલિવિઝન પર મિટો અને સાઈતામા સહિત આસપાસના શહેરોના રસ્તાઓ પર ટ્રાફિક સામાન્ય દેખાયો.

ટોક્યોના પૂર્વીય વોર્ડ કોટોમાં જમીનની નીચે પાણીની પાઈપલાઈન તૂટી ગઈ. પરંતુ બાદમાં પાઈપલાઈનનું સમારકામ કરવામાં આવ્યું અને પાણીનો લીકેજ બંધ થઈ ગયો.

પ્રાંતીય અધિકારીઓ અને ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સી અનુસાર, પાંચ પ્રાંતોમાં લોકો ઘાયલ થયા. ટોક્યોમાં 15, સાઈતામામાં 9, કાનાગાવામાં 8, ચિબામાં 4 અને ઈબારાકીમાં 1 વ્યક્તિ ઘાયલ થયો.

અધિકારીઓએ જણાવ્યું કે મોટાભાગના લોકો સૂતી વખતે ભૂકંપથી ગભરાઈ ગયા અને પથારીમાંથી ઉઠતી વખતે પડી ગયા અથવા ફર્નિચર અને દરવાજા સાથે અથડાઈ ગયા.

આમાં યોકોહામાની રહેવાસી 80 વર્ષની એક મહિલા પણ સામેલ છે, જે પથારીમાંથી પડી ગઈ અને તેમના હિપમાં ગંભીર ઈજા થઈ. આ જાણકારી યોમિઉરી અખબારે આપી.

ટોક્યોના પૂર્વીય વિસ્તાર તાઈતોમાં ખરીદી કરી રહેલા 23 વર્ષના એક વ્યક્તિએ અસાહી અખબારને જણાવ્યું કે ભૂકંપનું એલર્ટ વાગ્યાના થોડા સેકન્ડ પછી તેને ઉપર-નીચે જોરદાર આંચકો અનુભવાયો.

તેણે કહ્યું કે ઈમારત હલતી વખતે તેને ડર હતો કે કબાટોમાંથી પડતો સામાન તેને ઈજા પહોંચાડી શકે છે.

ટોક્યોના 23 વોર્ડ્સની સાથે સાઈતામા અને ચિબામાં લાંબા સમય સુધી ચાલતા આંચકા પણ નોંધાયા. તેને લોંગ પિરિયડ ગ્રાઉન્ડ મોશન કહેવાય છે.

આવા આંચકાઓમાં ઊંચી ઈમારતો લાંબા સમય સુધી હલી શકે છે. તેના બીજા સ્તરે લોકોને ઊભા રહેવામાં મુશ્કેલી પડી શકે છે અને ફર્નિચર કે અન્ય વસ્તુઓ હલીને પડી શકે છે.

વડાપ્રધાન સાને તાકાઈચીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે સરકારે સંભવિત નુકસાનનો અંદાજ લગાવવા માટે ટાસ્ક ફોર્સ બનાવી છે. પીએમએ ખાસ કરીને તે વિસ્તારોના લોકોને સાવચેત રહેવા જણાવ્યું જ્યાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા.

જાપાન હવામાન વિજ્ઞાન એજન્સીએ વિસ્તારના લોકોને લગભગ એક અઠવાડિયા સુધી વધુ એક ભૂકંપની સંભાવના અંગે પણ સાવચેત રહેવા જણાવ્યું છે.

પરમાણુ નિયમન પ્રાધિકરણ અનુસાર, લગભગ 12 પરમાણુ વીજળી પ્લાન્ટો અને પરમાણુ સામગ્રી સંભાળતી અન્ય જગ્યાઓ પરથી કોઈ પણ પ્રકારની અસામાન્ય સ્થિતિની જાણકારી મળી નથી.

ગયા મહિને જાપાનના સૌથી દક્ષિણી ટાપુ ક્યુશુના કુમામોતો વિસ્તારમાં 7.1 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેમાં 38 લોકોના મોત થયા હતા અને 364 લોકો ઘાયલ થયા હતા.

# રશિયન રાષ્ટ્રપતિ પુતિન સપ્ટેમ્બરમાં ભારત આવી શકે છે

## કહ્યું- મોદી સાથે મુલાકાત ટૂંક સમયમાં, જયશંકરે રશિયા પહોંચીને બ્રિક્સનું આમંત્રણ આપ્યું

**મોસ્કો, તા.24**

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન 12-13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી BRICS સમિટમાં ભાગ લઈ શકે છે. સોમવારે મોસ્કોમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની મુલાકાત દરમિયાન પુતિને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે જલ્દી મુલાકાત કરવાની આશા વ્યક્ત કરી હતી.

બંને નેતાઓએ ભારત-રશિયાના સંબંધો અને પરસ્પર સહયોગ અંગે પણ ચર્ચા કરી હતી. જયશંકર રવિવારે મોસ્કો પહોંચ્યા હતા. તેઓ રશિયાના બે દિવસના પ્રવાસે છે.

જયશંકરે પુતિનને કહ્યું કે પીએમ મોદી BRICS સમિટ માટે પુતિનનું ભારતમાં સ્વાગત કરશે. બંને નેતાઓની વાર્ષિક બેઠક પણ જલ્દી યોજાશે. તેમણે જણાવ્યું કે પીએમ મોદી કિર્ગીસ્તાનમાં યોજાનારી SCO સમિટમાં તેમને મળવાની રાહ જોઈ રહ્યા છે.

પુતિન બોલ્યા- આ વર્ષે બંને દેશો વચ્ચે વેપાર વધ્યો રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે આ વર્ષે રશિયા અને ભારત વચ્ચે વેપાર વધ્યો છે.

તેમણે કહ્યું કે રશિયા અને ભારત વચ્ચે દાયકાઓથી મજબૂત સંબંધો છે. બંને દેશો વ્યવહારિક



રીતે લગભગ તમામ ક્ષેત્રોમાં તેમનો સહયોગ ચાલુ રાખી રહ્યા છે. જયશંકર રશિયન નાયબ વડાપ્રધાનને પણ મળ્યા વિદેશ મંત્રી એસ. જયશંકરે સોમવારે મોસ્કોમાં રશિયાના નાયબ વડાપ્રધાન ડેનિસ મન્તુરોવ સાથે પણ મુલાકાત કરી. બંને નેતાઓએ ભારત-રશિયા વચ્ચે વેપાર અને આર્થિક સહયોગને વધુ વધારવાના માર્ગો પર ચર્ચા કરી. આ દરમિયાન બંને દેશો વચ્ચે ભાગીદારી વધારવા પર પણ વાત થઈ. ભારત અને રશિયા ઘણા ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ વધારવા અને આર્થિક સંબંધોને મજબૂત કરવાની કોશિશ કરી રહ્યા છે. જયશંકરે મન્તુરોવ સાથેની વાતચીતમાં કહ્યું કે ભારત-રશિયા ભાગીદારીએ સતત બદલાતી પરિસ્થિતિઓ અનુસાર પોતાને મજબૂત અને વધુ સારી રીતે ઢાળ્યા છે. તેમણે કહ્યું કે દુનિયામાં મુશ્કેલ પરિસ્થિતિઓ હોવા છતાં બંને દેશોના સંબંધો સતત ગાઢ બન્યા છે. આ બંને દેશો વચ્ચેના પરસ્પર હિત અને વિશ્વાસને દર્શાવે છે. જયશંકરે પુતિનને કહ્યું કે પીએમ મોદી BRICS સમિટ માટે પુતિનનું ભારતમાં સ્વાગત કરશે. બંને નેતાઓની વાર્ષિક બેઠક પણ જલ્દી યોજાશે. તેમણે જણાવ્યું કે પીએમ મોદી કિર્ગીસ્તાનમાં યોજાનારી SCO સમિટમાં તેમને મળવાની રાહ જોઈ રહ્યા છે. પુતિન બોલ્યા- આ વર્ષે બંને દેશો વચ્ચે વેપાર વધ્યો રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે આ વર્ષે રશિયા અને ભારત વચ્ચે વેપાર વધ્યો છે.

# બ્રિટન યુક્રેનને ગુપ્ત મિસાઈલ ટેકનોલોજી આપશે: કિવમાં લાંબા અંતરની SCALP મિસાઈલ બનાવી શકાશે

**કિવ, તા.24**

બ્રિટન યુક્રેનને ગુપ્ત મિસાઈલ ટેકનોલોજી આપવા જઈ રહ્યું છે. આનાથી યુક્રેનમાં જ બ્રિટન અને ફ્રાન્સની લાંબા અંતરની SCALP મિસાઈલ બનાવી શકાશે. આ મિસાઈલ રશિયામાં સેંકડો કિલોમીટર અંદર સુધીના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવી શકે છે. બ્રિટન અને ફ્રાન્સની મદદથી યુક્રેનમાં આ મિસાઈલની પ્રોડક્શન લાઈન શરૂ કરવાની યોજના છે. આ માટે બ્રિટન પોતાની મિસાઈલમાં ઉપયોગમાં લેવાતી કેટલીક ગુપ્ત ટેકનોલોજી યુક્રેનને આપશે. લક્ષ્ય છે કે આ વર્ષના અંત સુધીમાં યુક્રેનમાં ઉત્પાદન શરૂ થઈ જાય. SCALPને બ્રિટનમાં Storm Shadow કહેવામાં આવે છે. તેની મહત્તમ મારક ક્ષમતા લગભગ 550 કિમી છે. તેમાં લગભગ 400 કિલોનો ભારે વિસ્ફોટક લગાવી શકાય છે.

આ મિસાઈલ જમીનની ખૂબ નજીક ઉડતી લક્ષ્ય સુધી પહોંચી શકે છે, જેનાથી તેને એર ડિફેન્સથી બચવામાં મદદ મળે છે. તેમાં GPS, વિસ્તારની ઓળખ અને ઈન્ફ્રારેડ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે.

તેનો ઉપયોગ કમાન્ડ સેન્ટર, બંકર અને જમીનની અંદર બનેલા મજબૂત સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવા માટે કરી શકાય છે. યુક્રેન પહેલાથી જ આ મિસાઈલોનો ઉપયોગ કરી રહ્યું છે. નવેમ્બર 2024માં તેણે પહેલીવાર રશિયાની અંદર આ મિસાઈલોથી હુમલો કર્યો હતો. બ્રિટનના વડાપ્રધાન એન્ડી



બર્નહમે કહ્યું કે તેમનો દેશ યુક્રેન સાથે લાંબા સમય સુધી ઊભો રહેશે. તેમણે કહ્યું કે યુક્રેનની સુરક્ષા બ્રિટનની સુરક્ષા સાથે જોડાયેલી છે.

જોકે, ટેકનોલોજી મળ્યા પછી પણ યુક્રેનમાં મોટા પાયે મિસાઈલ બનાવવાનું તરત શરૂ નહીં થાય. ઉત્પાદન વધારવામાં ઘણા વર્ષો લાગી શકે છે.

યુક્રેન પહેલાથી જ પોતાની લાંબા અંતરની મિસાઈલો પર પણ કામ કરી રહ્યું છે. યુક્રેનિયન કંપની ફાયર પોઈન્ટે FP-5 ફ્લેમિંગો ક્રુઝ મિસાઈલ બનાવી છે. તેની જણાવેલી મારક ક્ષમતા લગભગ 3,000 કિમી છે.

જ્યારે, યુક્રેન સામે રશિયન મિસાઈલ અને ડ્રોન હુમલાઓથી બચવા માટે ઈન્ટરસેપ્ટર મિસાઈલોની અછત પણ એક મોટી સમસ્યા બની રહી છે. અમેરિકી પેટ્રિઓટ સિસ્ટમ માટે જરૂરી ઈન્ટરસેપ્ટરની અછતને કારણે યુક્રેનને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બ્રિટન અને ફ્રાન્સની મદદથી યુક્રેનમાં આ મિસાઈલની પ્રોડક્શન લાઈન શરૂ કરવાની યોજના છે. આ માટે બ્રિટન પોતાની મિસાઈલમાં ઉપયોગમાં લેવાતી કેટલીક ગુપ્ત ટેકનોલોજી યુક્રેનને આપશે. લક્ષ્ય છે કે આ વર્ષના અંત સુધીમાં યુક્રેનમાં ઉત્પાદન શરૂ થઈ જાય.

SCALPને બ્રિટનમાં Storm Shadow કહેવામાં આવે છે. તેની મહત્તમ મારક ક્ષમતા લગભગ 550 કિમી છે. તેમાં લગભગ 400 કિલોનો ભારે વિસ્ફોટક લગાવી શકાય છે.

આ મિસાઈલ જમીનની ખૂબ નજીક ઉડતી લક્ષ્ય સુધી પહોંચી શકે છે, જેનાથી તેને એર ડિફેન્સથી બચવામાં મદદ મળે છે. તેમાં GPS, વિસ્તારની ઓળખ અને ઈન્ફ્રારેડ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. બ્રિટનના વડાપ્રધાન એન્ડી બર્નહમે કહ્યું કે તેમનો દેશ યુક્રેન સાથે લાંબા સમય સુધી ઊભો રહેશે. તેમણે કહ્યું કે યુક્રેનની સુરક્ષા બ્રિટનની સુરક્ષા સાથે જોડાયેલી છે.

# ગિનીની રાજધાની કોનાક્રીમાં કચરાનો પહાડ ધસી પડ્યો, 30 લોકોના મોત, અનેક મકાનો કાટમાળ નીચે દટાયા

**કોનાક્રી, તા.24**

પશ્ચિમ આફ્રિકાના દેશ ગિનીની રાજધાની કોનાક્રીમાં રવિવારે વહેલી સવારે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. શહેરના સૌથી મોટા લેન્ડફિલ એટલે કે ખુલ્લા કચરાના ડમ્પમાં એકઠો થયેલો કચરાનો વિશાળ ઢગલો અચાનક ધસી પડતા આસપાસના વિસ્તારમાં રહેતા લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 30 લોકોના મોત થયા હોવાની માહિતી સામે આવી છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને કાટમાળ નીચે ફસાયેલા લોકોને શોધવા માટે સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

લેન્ડફિલ એવી જગ્યા છે જ્યાં શહેરમાંથી એકત્રિત કરવામાં આવેલો કચરો મોટા પ્રમાણમાં એકઠો કરીને ડમ્પ કરવામાં આવે છે. કોનાક્રીના દાર એસ સલામ વિસ્તારમાં આવેલો આ ખુલ્લો કચરાનો ડમ્પ શહેરનો સૌથી મોટો લેન્ડફિલ હોવાનું જણાવવામાં આવે છે. વર્ષોથી મોટી માત્રામાં કચરો અહીં એકઠો થતો રહ્યો છે. આ કચરાના વિશાળ ઢગલાની આસપાસ મોટી સંખ્યામાં લોકો ઝૂંપડીઓ અને નાના મકાનોમાં રહેતા હતા. ભારે વરસાદ બાદ કચરાના ઢગલાની સ્થિરતા ખોરવાતા આખો ઢગલો



આસપાસના રહેણાંક વિસ્તારમાં ધસી આવ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, રવિવારે વહેલી સવારે આશરે બે વાગ્યાના સમયથી કોનાક્રીમાં ભારે વરસાદ શરૂ થયો હતો. સતત વરસાદને કારણે કચરાના વિશાળ ઢગલા ઉપરથી પાણી વહેવા લાગ્યું હતું. પાણીના ભારે પ્રવાહ અને કચરાના ઢગલામાં વધેલી ભેજને કારણે તેની અંદરની જમીન અને કચરાનો ભાર અસ્થિર બન્યો હતો. ત્યારબાદ અચાનક કચરાનો મોટો હિસ્સો ભૂસ્ખલનની જેમ નીચે તરફ ધસી આવ્યો હતો.

કચરાનો પહાડ ધસી પડતા તેની નજીક આવેલી અનેક ઝૂંપડીઓ અને મકાનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. ઘટના એટલી ઝડપથી બની હતી કે લોકોને પોતાના ઘરમાંથી બહાર નીકળવાની પણ પૂરતી તક મળી નહોતી. અનેક પરિવારો કાટમાળમાં ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક બચાવ ટીમો અને સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 30 લોકોના મોતની પુષ્ટિ થઈ છે. આ ઉપરાંત છ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનું જણાવવામાં આવ્યું છે. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ, કાટમાળ નીચે હજુ પણ કેટલાક લોકો દટાયેલા હોવાની આશંકા છે. તેથી મૃતકોની સંખ્યા વધવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

બચાવ કામગીરીમાં ભારે કચરો અને કાટમાળ સૌથી મોટો પડકાર બની રહ્યો છે. બચાવકર્મીઓ કાટમાળને ધીમે ધીમે હટાવીને તેની નીચે કોઈ વ્યક્તિ જીવિત છે કે નહીં તેની તપાસ કરી રહ્યા છે. ભારે વરસાદને કારણે સ્થળ પર કાદવ અને પાણી ભરાઈ જતા બચાવ કામગીરી વધુ મુશ્કેલ બની છે. તેમ છતાં બચાવ દળો દ્વારા સતત કામગીરી ચાલુ રાખવામાં આવી છે. સૈન્ય એન્જિનિયરિંગ બટાલિયનના સફાઈ અધિકારી લેફ્ટનન્ટ કર્નલ બાલ્ડ મામાડો બૈલોના જણાવ્યા અનુસાર, આ લેન્ડફિલને રવિવારે જ બંધ કરવાની યોજના હતી. એટલે કે દુર્ઘટના બને તે પહેલાં જ આ સ્થળની સ્થિતિ અંગે તંત્રને ચિંતા હતી. લેન્ડફિલની આસપાસ રહેતા લોકોને વિસ્તાર ખાલી કરવા માટે અગાઉથી નોટિસ પણ આપવામાં આવી હતી.

નોટિસ મળ્યા બાદ ઘણા લોકો વિસ્તાર છોડીને અન્ય સ્થળે જતા રહ્યા હતા. જોકે, દુર્ઘટના બની ત્યારે પણ ઘણા લોકો હજુ આ વિસ્તારમાં હાજર હતા. કેટલાક લોકો કચરાના ઢગલાની આસપાસ આવેલી ઝૂંપડીઓમાં રહેતા હતા, જ્યારે કેટલાક લોકો અન્ય કારણોસર ત્યાં રોકાયા હતા. આ જ લોકો અચાનક ધસી આવેલા કચરાના પહાડની ઝપેટમાં આવી ગયા હતા. આ ઘટના માત્ર કુદરતી આફત નહીં પરંતુ શહેરના કચરા વ્યવસ્થાપન અને ગરીબી સાથે જોડાયેલા ગંભીર પ્રશ્નોને પણ ઉજાગર કરે છે. મોટા શહેરોમાં કચરાના યોગ્ય નિકાલ માટે લેન્ડફિલનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ જ્યારે રહેણાંક વિસ્તારોની નજીક આવા કચરાના વિશાળ ઢગલા ઊભા થાય અને તેની યોગ્ય જાળવણી ન થાય ત્યારે ભારે વરસાદ કે અન્ય કુદરતી પરિસ્થિતિમાં ગંભીર અકસ્માતનું જોખમ વધી શકે છે.

કોનાક્રીમાં બનેલી આ દુર્ઘટનામાં પણ ભારે વરસાદ મુખ્ય કારણોમાંથી એક હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. વરસાદનું પાણી કચરાના ઢગલા ઉપરથી વહેતા તેની રચનાને અસ્થિર બનાવતું ગયું અને અંતે કચરાનો મોટો હિસ્સો ધસી પડ્યો. આ દરમિયાન નજીકના ઘરો પર ભારે કચરો અને કાટમાળ પડતાં મકાનો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. ગિની કુદરતી સંપત્તિથી સમૃદ્ધ દેશ હોવા છતાં અહીંનો એક મોટો વર્ગ ગરીબીમાં જીવન પસાર કરે છે. ગિનીમાં બોક્સાઈટના વિશ્વના સૌથી મોટા ભંડારો પૈકીના ભંડારો આવેલા છે. બોક્સાઈટ ઉપરાંત દેશમાં લોહ અયસ્ક, સોનું, હીરા અને અન્ય અનેક ખનિજ સંપત્તિ પણ ઉપલબ્ધ છે. આ ખનિજ સંપત્તિના કારણે ગિનીને આર્થિક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ દેશ માનવામાં આવે છે. પરંતુ કુદરતી સંપત્તિથી સમૃદ્ધ હોવા છતાં ગિનીની મોટી વસ્તી હજુ પણ ગરીબીનો સામનો કરી રહી છે. વિશ્વ બેંકના આંકડા અનુસાર, ગિનીની આશરે 43.7 ટકા વસ્તી રાષ્ટ્રીય ગરીબી રેખા નીચે જીવન જીવે છે.

# ઈરાન હોર્મુઝમાં જહાજો પાસેથી ટોલ વસૂલશે, સંસદની મંજૂરી: રિયાલ અને પસંદગીની કરન્સીમાં પેમેન્ટ લેશે

**તહેરાન, તા.24**

ઈરાનની સંસદે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ એટલે કે ફી લેવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ઈરાનની મેહર ન્યૂઝ એજન્સી અનુસાર, જે દેશોના જહાજોને હોર્મુઝમાંથી પસાર થવાની મંજૂરી હશે, તેમની પાસેથી દરિયાઈ સેવાઓના બદલામાં શુલ્ક લેવામાં આવશે. ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના પ્રવક્તા હસન કાશકવી અનુસાર, ફીના બદલામાં દરિયાઈ સેવાઓ, સુરક્ષા અને વીમા જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

આ ઉપરાંત, પર્યાવરણ સંબંધિત સેવાઓ અને ખાસ પરિસ્થિતિઓમાં ઈંધણ પણ આપવામાં આવશે. ચુકવણી ઈરાની રિયાલ અથવા ઈરાનની પસંદગીની અન્ય કોઈ કરન્સીમાં કરી શકાશે. અમેરિકી નાણાં પ્રધાન સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર હવે ઈરાન સામે આર્થિક યુદ્ધના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. બેસેન્ટના મતે, અમેરિકાનો હેતુ ઈરાનની કમાણીના મોટા માર્ગો બંધ કરવાનો છે. બેસેન્ટે કહ્યું કે અમેરિકા ઈરાન પર દબાણ વધારવા માટે તેની તમામ સરકારી એજન્સીઓ અને અધિકારોનો ઉપયોગ કરશે. તેમણે આ અભિયાનને 'ઈકોનોમિક ડી-ડે' ગણાવ્યું. આ પહેલા ટ્રમ્પે તેને કોઈ વિરોધી દેશ સામેની સૌથી મોટી આર્થિક કાર્યવાહી ગણાવી હતી અને અન્ય દેશોને ઈરાનને અલગ પાડવામાં સાથ આપવા અપીલ કરી હતી. ઈરાને અમેરિકાની આર્થિક કાર્યવાહીમાં સાથ આપનારા ખાડી દેશોને ચેતવણી આપી છે. ઈરાનના નવા રાષ્ટ્રીય સુરક્ષા પ્રમુખ મોહસેન રેઝાઈએ કહ્યું કે જે દેશ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લગાવવામાં અમેરિકાનો સાથ આપશે, તેને દુશ્મન ગણવામાં આવશે.

રેઝાઈએ કહ્યું કે આવા દેશોના આર્થિક હિતોને નિશાન બનાવી શકાય છે. તેમણે એ પણ ચેતવણી આપી કે જો અમેરિકાનું આર્થિક દબાણ ચાલુ રહેશે તો ઈરાન આ



વિસ્તારમાંથી તેલનું એક ટીપું પણ બહાર જવા દેશે નહીં.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હોર્મુઝ સ્ટ્રેટને 'ન્યૂ યુએસ ટેરિટરી' એટલે કે નવો અમેરિકી વિસ્તાર ગણાવી ચૂક્યા છે. 18 ઓગસ્ટે તેમણે પહેલીવાર હોર્મુઝ પર અમેરિકી નિયંત્રણની વાત કહી હતી. આ પછી તેમણે રવિવારે ફરીથી એવી તસવીર શેર કરી, જેમાં હોર્મુઝને અમેરિકી વિસ્તાર તરીકે દર્શાવવામાં આવ્યું હતું. યુદ્ધ શરૂ થતા પહેલા હોર્મુઝને એક જ દરિયાઈ માર્ગ માનવામાં આવતો હતો. જહાજો નિર્ધારિત માર્ગેથી પસાર થતા હતા. તેમનો માર્ગ બંદરગાહ, જહાજના કરાર અને સુરક્ષાને જોઈને નક્કી થતો હતો. પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યા પછી અહીં બે અલગ માર્ગોની વાત થવા લાગી. ઈરાની માર્ગ: આ હોર્મુઝના ઉત્તરીય ભાગમાં ઈરાનના કિનારા પાસે છે. આ લારક અને કિશ્મ ટાપુઓની નજીકથી પસાર થાય છે અને ઈરાનના બંદરગાહો અને તેલ ટર્મિનલો સુધી જાય છે.

ઓમાની માર્ગ: આ હોર્મુઝના દક્ષિણી ભાગમાં ઓમાનની નજીક છે અને ઈરાનના કિનારાથી દૂર છે. અમેરિકા આ જ માર્ગેથી જહાજોને પસાર થવા પર ભાર મૂકે છે. અમેરિકી નૌકાદળની સુરક્ષામાં ચાલતા ઘણા કોમર્શિયલ જહાજો પણ આ જ માર્ગનો ઉપયોગ કરે છે. ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના પ્રવક્તા હસન કાશકવી અનુસાર, ફીના બદલામાં દરિયાઈ સેવાઓ, સુરક્ષા અને વીમા જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, પર્યાવરણ સંબંધિત સેવાઓ અને ખાસ પરિસ્થિતિઓમાં ઈંધણ પણ આપવામાં આવશે. ચુકવણી ઈરાની રિયાલ અથવા ઈરાનની પસંદગીની અન્ય કોઈ કરન્સીમાં કરી શકાશે. અમેરિકી નાણાં પ્રધાન સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર હવે ઈરાન સામે આર્થિક યુદ્ધના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. બેસેન્ટના મતે, અમેરિકાનો હેતુ ઈરાનની કમાણીના મોટા માર્ગો બંધ કરવાનો છે. બેસેન્ટે કહ્યું કે અમેરિકા ઈરાન પર દબાણ વધારવા માટે તેની તમામ સરકારી એજન્સીઓ અને અધિકારોનો ઉપયોગ કરશે. તેમણે આ અભિયાનને 'ઈકોનોમિક ડી-ડે' ગણાવ્યું. આ પહેલા ટ્રમ્પે તેને કોઈ વિરોધી દેશ સામેની સૌથી મોટી આર્થિક કાર્યવાહી ગણાવી હતી અને અન્ય દેશોને ઈરાનને અલગ પાડવામાં સાથ આપવા અપીલ કરી હતી. ઈરાને અમેરિકાની આર્થિક કાર્યવાહીમાં સાથ આપનારા ખાડી દેશોને ચેતવણી આપી છે. ઈરાનના નવા રાષ્ટ્રીય સુરક્ષા પ્રમુખ મોહસેન રેઝાઈએ કહ્યું કે જે દેશ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લગાવવામાં અમેરિકાનો સાથ આપશે, તેને દુશ્મન ગણવામાં આવશે.

# ઈરાનની કરન્સી રિયાલ 20 લાખ પ્રતિ ડોલર પર પહોંચી: આ અત્યાર સુધીનું સૌથી નીચું સ્તર, અમેરિકી પ્રતિબંધોથી બગડેલી અર્થવ્યવસ્થા

**તહેરાન, તા.24**

ઈરાનનું ચલણ રિયાલ સવારના કારોબારમાં અમેરિકી ડોલર સામે 20 લાખ પર પહોંચી ગયું. એસોસિએટેડ પ્રેસ (AP)ના અહેવાલ મુજબ, આ રિયાલનું અત્યાર સુધીનું સૌથી નીચું રેકોર્ડ સ્તર છે. અમેરિકી નૌકાદળની નાકાબંધી, લાંબા સમયથી ચાલી રહેલા આર્થિક પ્રતિબંધો અને યુદ્ધને કારણે ઈરાનનો વિદેશી મુદ્રા ભંડાર લગભગ ખતમ થઈ ચૂક્યો છે.

ઈરાની રિયાલમાં આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે વોશિંગ્ટન નવા અને વધુ કડક પ્રતિબંધોની જાહેરાત કરવાની તૈયારી કરી રહ્યું છે. અમેરિકાએ આ પગલાંને 'ઈકોનોમિક ડી-ડે' ગણાવ્યું છે. અમેરિકાનો હેતુ આ કડક નાણાકીય પ્રતિબંધો દ્વારા ઈરાન પર દબાણને ચરમસીમા પર પહોંચાડવાનો છે, જેનાથી રિયાલ પર આવનારા દિવસોમાં વધુ ઘટાડાનો ખતરો મંડરાઈ રહ્યો છે.



ઈરાનની કરન્સી 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાઓ પહેલા પણ દબાણમાં હતી. દેશ પહેલાથી જ મોંઘવારી અને નકારાત્મક આર્થિક વિકાસ દરનો સામનો કરી રહ્યો હતો. જોકે, છેલ્લા છ મહિનાથી ચાલી રહેલા યુદ્ધ અને સંઘર્ષે ઈરાની અર્થતંત્રને ખૂબ ઊંડું નુકસાન પહોંચાડ્યું છે, જેના કારણે રિયાલ સતત નવા નીચલા સ્તરને સ્પર્શી રહ્યો છે.

અમેરિકા દ્વારા ઈરાનની આસપાસ કરવામાં આવેલી નૌકાદળની નાકાબંધીએ દેશની આયાત અને નિકાસ વ્યવસ્થાની કમર તોડી નાખી છે. ઈરાનનો મુખ્ય આવક સ્ત્રોત ક્રૂડ ઓઈલની નિકાસ રહ્યો છે, પરંતુ નાકાબંધીને કારણે તેના તેલ ટેન્કરોની અવરજવર પર રોક લાગી ગઈ છે. આના કારણે દેશમાં વિદેશી મુદ્રા ભંડાર, ખાસ કરીને અમેરિકી ડોલરની ભારે અછત સર્જાઈ છે, જેનાથી અનૌપચારિક બજારોમાં ડોલરની માગ અને કિંમત બંને અનિયંત્રિત રીતે વધી ગઈ છે.

રિયાલ નબળો પડવાનો સીધો પ્રભાવ ઈરાનના સામાન્ય નાગરિકો પર પડવાનો છે. અન્ય દેશોમાંથી આવતો સામાન, ખાદ્યપદાર્થો અને દવાઓની કિંમતો વધી જશે.

બજાર નિષ્ણાતોનું માનવું છે કે જો અમેરિકાની પ્રસ્તાવિત 'ઈકોનોમિક ડી-ડે' પાબંદીઓ લાગુ થાય છે અને નાકાબંધી ચાલુ રહે છે, તો આવનારા અઠવાડિયામાં રિયાલમાં વધુ ઘટાડો જોવા મળી શકે છે, જેનાથી ઈરાનમાં મોંઘવારી વધુ વધી શકે છે.

## તંત્રી લેખ

# ભાજપએ યુવા વોટરો પર ફોક્સ કરવાનું નક્કી કર્યું

ઘટતી જતી લોકપ્રિયતા બાબતે મોદી - શાહ સહિત ભાજપના નેતાઓ ચિંતીત છે. એમને સમજણ પડતી નથી કે, દેશમાં વધી રહેલો વિરોધ કઈ રીતે શાંત કરવો. ભાજપ પાસે ઈન્દિરા ગાંધી જેવી આવડતવાળા કોઈ નેતા નથી. હવે ભાજપના નેતાઓની નજર યુવા મતદારો પર છે. જાણવા મળ્યા પ્રમાણે ભાજપની કોર ટીમએ 'જેન ઝી આઉટ રીચ પ્રોગ્રામ'ને આગળ વધરવા માટે એક ખાસ ટીમ બનાવી છે. આ ટીમમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતિન નવીન, રાષ્ટ્રીય મહામંત્રી સ્મૃતિ ઈરાની અને વિનોદ તાવડે, ગુજરાતના ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી, છત્તીસગઢના મંત્રી ઓપી ચૌધરી સહિત બીજા કેટલાક નેતાઓ છે. ભાજપ ઝડપથી જેન ઝી સાથે આઉટ રીચ પ્રોગ્રામ શરૂ કરવા માંગે છે. નવી પેઢી સાથે સીધો સંવાદ કરીને એમને પક્ષ તરફ વાળવાની કોશિષ થશે. આવનારી ચૂંટણીઓમાં પણ હવે જેન ઝીને વધુ ટિકિટો આપવી એવું નક્કી કરવામાં આવ્યું છે. તામિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયની કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે અરધી રાત્રે થયેલી મુલાકાત પછી એવી ચર્ચા ચાલી હતી કે, સીમાંકન બીલ બાબતે વિજય કુણા પડયા છે. જોકે હવે કોંગ્રેસે સ્પષ્ટતા કરી છે કે વિજયનું વલણ બદલાયું નથી. ભૂવનેશ્વરમાં કોંગ્રેસના નેતા સંતોષ સિંહ સલુજાએ કહ્યું છે કે મને નથી લાગતું કે વિજયનો નિર્ણય બદલાયો હોય. કારણ એ છે કે એમના પક્ષનો કોઈપણ સભ્ય લોકસભા કે રાજ્યસભામાં નથી. કોઈપણ રાજ્યની બેઠકો ઘટવી જોઈએ નહીં. બેઠકો ઓછી નહીં કરવાની વાત કહીને તેઓ પહેલાની જેમ જ વિચાર પ્રદર્શિત કરી રહ્યા છે. સલુજાનું કહેવું છે કે સીમાંકન બીલનો વિરોધ કોઈ નથી કરી રહ્યું. વાધો એ છે કે મહિલા અનામત નામના બીલે ખોટી રીતે સીમાંકન બીલ પસાર કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. મહિલા અનામત બીલ ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનામાં જ પસાર થઈ ચૂક્યું છે.

કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે દિલ્હી હાઈકોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. એમણે રાજકીય વિશ્લેષક અભિજીત ઐયર મિત્રા, અલગ અલગ લો પોર્ટલ અને મીડિયા સામે ફરિયાદ દાખલ કરી છે. પોતાના ઘરનું શુટીંગ કરીને એનું વિવરણ સાર્વજનીક કરવા બદલ આ બધા સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. સીજેપીના પ્રવક્તાએ કોર્ટ સમક્ષ પોતાના અધિકારો અને સુરક્ષા માટેની રક્ષા કરવાના અધિકારો માટે આરોપીઓને દંડીત કરવાની માંગણી પણ કરી છે. એમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ તેમજ ગુગલ સામે પણ પગલા લેવાની માંગણી કરી છે. ગુગલ અને એક્સ એના ઘરના તમામ વીડિયો પોતાના પ્લેટફોર્મ પરથી દુર કરે અને ભવિષ્યમાં આવુ પ્રસારણ થતું રોકે એને માટે પણ દાદ માંગી છે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની ઈમેજ સામાન્ય લોકોમાં નસીબથી મુખ્યમંત્રી બનનારની છે. જોકે હવે ભગવંત માનએ ઈમેજ બદલવા માટે પોતાની જિંદગી પરથી આધારીત એક વિશેષ ડોક્યુમેન્ટરી ફિલ્મ તૈયાર કરાવી છે. આ ફિલ્મનું નામ 'સતૌજ સે સંસદ તક' રાખવામાં આવ્યું છે. માન આ ડોક્યુમેન્ટરીથી ખુબ ખુશ છે અને એની જાહેરાત એમણે પોતે જ સોશ્યલ મીડિયા એક્સ પર કરી છે. એમણે લખ્યું હતું કે, 'ડોક્યુમેન્ટરી ડિસ્કવરી ચેનલ પર ૩૦મી ઓગસ્ટે સાંજે ૭ વાગ્યે બતાવવામાં આવશે. મુખ્યમંત્રીએ એક્સ પર ડોક્યુમેન્ટરીની કેટલીક ક્લીપ પણ શેર કરી હતી. ડોક્યુમેન્ટરીમાં એમના ગામ સતૌજથી સંસદ સુધીની એમની સફર અને ત્યાર પછી મુખ્યમંત્રી બન્યા એ કાર્યકાળનો ઉલ્લેખ છે. આ ડોક્યુમેન્ટરી ૭ અલગ અલગ ભાષાઓમાં તૈયાર કરવામાં આવી છે.' થોડા દિવસો પહેલા પાકિસ્તાનમાં ભારતના હાઈકમિશનની બહાર કરવામાં આવેલા કેટલાક બાંધકામોને પાકિસ્તાનના સત્તાવાળાઓએ તોડી પાડયા હતા. હવે ભારતે વળતા જવાબમાં પાકિસ્તાની હાઈકમિશનની બહાર બનાવવામાં આવેલા કેટલાક ટેમ્પરરી સ્ટ્રક્ચર તોડી પાડયા છે. ભારતના વિદેશ મંત્રાલયે પણ ખુલીને આ બાબતે માહિતી આપી છે.

**ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ હવે વર્તમાન સમયની કઠોર અને નિર્વિવાદ વાસ્તવિકતા છે. તેથી જ વસતી ગણતરીમાં માત્ર જનસંખ્યા નહીં, પરંતુ ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણનો હિસાબ પણ અનિવાર્ય બને છે : આવાસ પાકું હોવા છતાં જો તે વિસ્તાર અસહ્ય ગરમી કે પૂરના જોખમમાં હોય, ઘરમાં વીજળી હોવા છતાં જો સ્થાનિક જળસ્રોત સંપૂર્ણપણે સુકાઈ ગયા હોય, તો કેવળ ભૌતિક સંપત્તિના આંકડા સાચા જીવનધોરણનું ચિત્ર રજૂ કરી શકતા નથી**

# વસતી ગણતરી : માત્ર માણસો નહીં ક્લાઈમેટ ચેન્જનો પણ હિસાબ કરવો પડશે!

## આજે ભારત જે કટોકટીનો સામનો કરી રહ્યો છે તે માત્ર સામાજિક, રાજકીય કે આર્થિક સીમાઓ પૂરતી સીમિત નથી

આજે ભારત જે કટોકટીનો સામનો કરી રહ્યો છે તે માત્ર સામાજિક, રાજકીય કે આર્થિક સીમાઓ પૂરતી સીમિત નથી. ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ હવે વર્તમાન સમયની કઠોર અને નિર્વિવાદ વાસ્તવિકતા છે. તેથી જ વસતી ગણતરીમાં માત્ર જનસંખ્યા નહીં, પરંતુ ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણનો હિસાબ પણ અનિવાર્ય બને છે : આવાસ પાકું હોવા છતાં જો તે વિસ્તાર અસહ્ય ગરમી કે પૂરના જોખમમાં હોય, ઘરમાં વીજળી હોવા છતાં જો સ્થાનિક જળસ્રોત સંપૂર્ણપણે સુકાઈ ગયા હોય, તો કેવળ ભૌતિક સંપત્તિના આંકડા સાચા જીવનધોરણનું ચિત્ર રજૂ કરી શકતા નથી. ક્લાઈમેટ ચેન્જ ભારતના વિવિધ ભૌગોલિક પ્રદેશોમાં અલગ-અલગ આપત્તિઓ અને સામાજિક-આર્થિક સંકટો પેદા કરી રહ્યું છે. લોકશાહી રાષ્ટ્રમાં વસતી ગણતરીમાત્ર માથાં ગણવાની કે નાગરિકોની સંખ્યા નોંધવાની યાંત્રિક પ્રક્રિયા નથી. તે હકિકતે રાજ્યના પ્રશાસનિક દ્રષ્ટિકોણ, તેની નીતિવિષયક પ્રાથમિકતાઓ અને ભવિષ્યની સામાજિક-આર્થિક દિશાનું જીવંત દર્પણ છે. કોઈ પણ શાસન જે બાબતોને રાષ્ટ્રના અસ્તિત્વ અને વિકાસ માટે નિર્ણાયક ગણે છે, તે મુદ્દાઓ જ તેની વસતી ગણતરીની પ્રશ્નાવલીમાં સ્થાન પામે છે. તેથી, વસતી ગણતરીમાત્ર એ નથી દર્શાવતી કે દેશમાં કેટલા લોકો વસે છે; તે સ્પષ્ટ કરે છે કે શાસનતંત્ર પોતાના સમાજને કયા દ્રષ્ટિકોણથી જોઈ રહ્યું છે અને આવનારા દાયકાઓના પડકારો સામે કેવી સજ્જતા કેળવી રહ્યું છે. લાંબા અંતરાલ બાદ ભારત જ્યારે આગામી વસતી ગણતરીના ઉંબરે ઊભું છે. આ સમગ્ર રાજકીય અને આંકડાકીય કોલાહલ વચ્ચે એક પાયાનો અને નિર્ણાયક સવાલ લગભગ ગાયબ છે, શું ૨૧મી સદીના ત્રીજા દાયકાની આ વસતી ગણતરી અભૂતપૂર્વ વાસ્તવિકતાઓને નોંધવા તૈયાર છે, જેનો સામનો આજે ભારતના છેવાડાનો નાગરિક રોજિંદા જીવનમાં કરી રહ્યો છે?

આજે ભારત જે કટોકટીનો સામનો કરી રહ્યો છે તે માત્ર સામાજિક, રાજકીય કે આર્થિક સીમાઓ પૂરતી સીમિત નથી. ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ હવે કોઈ ભવિષ્યની આપત્તી નથી, પરંતુ વર્તમાન સમયની કઠોર અને નિર્વિવાદ વાસ્તવિકતા છે. તેથી જ આગામી વસતી ગણતરીમાં માત્ર જનસંખ્યા નહીં, પરંતુ બદલાતી આબોહવા અને જૈવિક પરિસ્થિતિઓનો હિસાબ પણ અનિવાર્ય બને છે.

ઉલ્લેખનીય છે કે, સ્વતંત્ર ભારતની વસતી ગણતરી સ્થિર કે જડ રહી નથી; તે સમયના સામાજિક અને વિકાસલક્ષી બદલાવો સાથે સતત વિસ્તરતી રહી છે. સ્વતંત્રતા પછીની શરૂઆતની વસતી ગણતરીઓનું મુખ્ય ધ્યાન દેશની વસતીનું ચોક્કસ કદ, સ્ત્રી-પુરુષ પ્રમાણ, સાક્ષરતા દર, ધાર્મિક જૂથો અને પાયાના વ્યવસાયિક વર્ગીકરણ સુધી મર્યાદિત હતું. તે સમયે નવજાત રાષ્ટ્રનું આયોજન પાયાની ભૂખમરો અને શિક્ષણની સમસ્યાઓ ઉકેલવા પર કેન્દ્રિત હતું. ત્યારબાદના તબક્કામાં દેશનો વિકાસ આગળ વધતાં પ્રશ્નાવલીમાં આવાસના પ્રકાર, પીવાના પાણીના સ્ત્રોત, શૌચાલયની ઉપલબ્ધતા, વીજળીનું જોડાણ, રાંધણ ગેસ અને બેંકિંગ સેવાઓ જેવી બાબતો ઉત્તરોત્તર ઉમેરાતી ગઈ. ત્યારબાદ ૨૦૧૧ પછીના સમયમાં ટેલિફોન, મોબાઈલ ફોન, કમ્પ્યુટર અને બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી સુધીની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો.

આજે પરિસ્થિતિ બદલાઈ ચૂકી છે. આવાસ પાકું હોવા છતાં જો તે વિસ્તાર અસહ્ય ગરમી કે પૂરના જોખમમાં હોય, ઘરમાં વીજળી હોવા છતાં જો સ્થાનિક જળસ્ત્રોત સંપૂર્ણપણે સુકાઈ ગયા હોય, તો કેવળ ભૌતિક સંપત્તિના આંકડા સાચા જીવનધોરણનું ચિત્ર રજૂ કરી શકતા નથી. ક્લાઈમેટ ચેન્જ ભારતના વિવિધ ભૌગોલિક પ્રદેશોમાં અલગ-અલગ




આપત્તિઓ અને સામાજિક-આર્થિક સંકટો પેદા કરી રહ્યું છે. દેશનો કોઈ પણ ખૂણો હવે તેની અસરોથી મુક્ત રહ્યો નથી. દેશના વિવિધ ભાગમાં આવી રહેલી આપત્તીઓ અને થઈ રહેલા ફેરફારો સીધી રીતે કૃષિ ઉત્પાદન, ગ્રામીણ રોજગારી, જાહેર આરોગ્ય અને દેશના સમગ્ર જીડીપીને અસર કરી રહ્યા છે. જળવાયુ પરિવર્તનના આ ગંભીર યુગમાં મૂળ સમસ્યા આંકડાઓની ઉપલબ્ધતાની નથી; સમસ્યા એ છે કે આપણી પાસે માનવજીવન અને કુદરતી પર્યાવરણને એકસાથે મૂકીને મૂલ્યાંકન કરતી સંકલિત રાષ્ટ્રીય માહિતી પ્રણાલી નથી. તેના કારણે યોગ્ય માહિતી મળતી નથી.

ઉલ્લેખનીય છે કે, ભારતીય વહીવટી ઈતિહાસમાં માનવ વસતી અને પર્યાવરણને એક સિક્કાની બે બાજુ તરીકે જોવાની સર્વગ્રાહી પરંપરા સદીઓ જૂની છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં તત્કાલીન જોધપુર (મારવાડ) રાજ્યમાં વસતી ગણતરી અને ગ્રામીણ સર્વેક્ષણ માટે ૫૬ પ્રશ્નો ધરાવતી અત્યંત વિસ્તૃત પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. આ પ્રશ્નાવલી કેવળ માણસોની ગણતરી કે મહેસૂલ નક્કી કરવા પૂરતી સીમિત નહોતી. તેમાં મુખ્ય વિગતો ઊંડાણપૂર્વક નોંધવામાં આવતી હતી. ગામમાં કૂવા અને તળાવોની ચોક્કસ સંખ્યા, પાણી મીઠું છે કે ખારું, અને ભૂગર્ભજળની ઊંડાઈ. તે ઉપરાંત જમીન અને માટીના પ્રકારો, સ્થાનિક ગૌચરો (ઓરણ અને બીડ)ની સ્થિતિ. આ સિવાય વૃક્ષોની સ્થાનિક પ્રજાતિઓ (જેમ કે ખીજડો, રોહિડો) અને ઔષધીય વનસ્પતિઓનું પ્રમાણ. તેની સાથે સાથે પશુધનનું બંધારણ (ગાય, બળદ, ઊંટ, ઘેટાં-બંકાં) અને સ્થાનિક પાકની જાતો. સૌથી મહત્ત્વનું કુટીર ઉદ્યોગો, ભૂતકાળમાં આવેલા દુષ્કાળ અને રોગચાળાની અસરો, તેમજ પલાયનની સ્થિતિ. આ પ્રશ્નાવલી સાબિત કરે છે કે તે સમયના પ્રશાસકો ગામને માત્ર ઘરો કે વ્યક્તિઓના સમૂહ તરીકે નહીં, પરંતુ માનવ, કુદરત, પશુધન અને સામાજિક સંસ્થાઓથી બનેલું એક જીવંત અને આત્મનિર્ભર ઈકોસિસ્ટમ માનતા હતા.

ત્યારબાદ ૧૯મી અને ૨૦મી સદીના પ્રારંભિક દાયકાઓમાં તૈયાર થયેલા ગેઝેટિયર્સમાં પણ વસતીના આંકડાઓની સાથે નદીઓ, જંગલો, જમીનની ફળદ્રુપતા, સિંચાઈના પરંપરાગત સાધનો અને કુદરતી આપત્તિઓનો વિગતવાર દસ્તાવેજ તૈયાર થતો હતો. જોકે તેમનો મૂળ હેતુ સંસ્થાનવાદી મહેસૂલ ઉઘરાવવાનો અને દુષ્કાળ વ્યવસ્થાપનનો હતો, તેમ છતાં તેમણે એવું સામાજિક-પર્યાવરણીય ચિત્ર સુરક્ષિત રાખ્યું જે આજે ઐતિહાસિક તુલનાત્મક અભ્યાસ માટે અમૂલ્ય સ્ત્રોત બની ગયું છે. વિશ્વભરના વિકસિત અને વિકાસશીલ દેશોમાં હવે સત્તાવાર આંકડાશાસ્ત્રને ક્લાઈમેટ ચેન્જની વાસ્તવિકતાઓ સાથે જોડવા માટે ગંભીર મનોમંથન ચાલી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સભ્ય દેશોને તેમના ડેમોગ્રાફિક ડેટાને પર્યાવરણીય આંકડાઓ સાથે સંકલિત કરવા માટે વૈશ્વિક માર્ગદર્શિકા પૂરી પાડવામાં આવી રહી છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે રાષ્ટ્રીય વસતી ગણતરીને સૌથી સચોટ માધ્યમ તરીકે સ્વીકારવામાં આવી રહ્યું છે.

ભારત પાસે વિશ્વનું સૌથી મોટું ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (આધાર, યુપીઆઈ, કોવીન), અત્યાધુનિક સેટેલાઈટ મેપિંગ સિસ્ટમ (ઈસરો-ભુવન) અને પંચાયતી રાજનું સંગઠિત માળખું છે. ભારત આ ક્ષેત્રમાં માત્ર ભાગીદાર બનવાને બદલે વૈશ્વિક સ્તરે માર્ગદર્શક બની શકે તેવી ક્ષમતા ધરાવે છે. વસતી ગણતરીમાં મૂળભૂત ગણતરીની પ્રક્રિયાને બોજારૂપ કે અતિશય જટિલ બનાવ્યા વિના માત્ર મહત્ત્વની બાબતોને ધ્યાને રાખીને નક્કર રીતે કામ કરવું પડશે. તેના માટે સૌથી પહેલાં તો સચોટ સવાલ કરવા પડશે જેથી નક્કર જવાબ અને પરિણામ મળી શકે. સૌથી પહેલાં તો ગામ કે વોર્ડમાં ઐતિહાસિક તળાવો, કૂવા, વાવ, બોરીબંધ કે ચેકડેમ પૈકી કેટલા કાર્યરત છે અને કેટલા અતિક્રમણ કે પ્રદૂષણને લીધે નષ્ટ થયા છે તે જાણવું પડશે. ત્યારબાદ પીવાના પાણી માટે ટેન્કર કે દૂરના સ્ત્રોતો પર નિર્ભર પરિવારોનું પ્રમાણ કેટલું છે તેની માહિલી લેવી પડશે. છેલ્લા પાંચ-દસ વર્ષમાં ગામ કે વિસ્તારમાં અતિવૃષ્ટિ, પૂર, અનાવૃષ્ટિ કે ગંભીર હીટવેવની કેટલી ઘટનાઓ નોંધાઈ છે તે ચકાસવી પડશે. આ આપત્તિઓને લીધે સ્થાનિક રોજગાર કે પાક નિષ્ફળતાનું સ્તર કેટલું રહ્યું તે જાણવું પડશે.

તે ઉપરાંત પાણીની તંગી અથવા અનિયમિત તાપમાનને લીધે ખેડૂતોએ પરંપરાગત ખાદ્ય પાકો છોડીને રોકડિયા પાકો કે ઓછા પાણીવાળા પાકો તરફ વળવું પડ્યું છે કે નહીં તેની સમજ મેળવવી પડશે. છેલ્લા એક દાયકામાં ખરાબાની કે પડતર બનેલી ખેતીલાયક જમીનનું પ્રમાણ કેટલું છે તેની નોંધ કરવી પડશે.

સ્થાનિક ગૌચર, સામુદાયિક વન વિસ્તાર અને જૈવવિવિધતાની વર્તમાન સ્થિતિ શું છે તેની વિગતો પણ ભેગી કરવી પડશે. પશુપાલકો માટે ઘાસચારાની અછતને લીધે પશુઓની સંખ્યામાં ઘટાડો થયો છે કે નહીં તે જાણવું પડશે. ત્યારબાદ ગામમાંથી કાયમી કે ચોક્કસ ઋતુ પૂરતું સ્થળાંતર કરતા પરિવારોની સંખ્યા કેટલી છે તેની ગંભીર નોંધ લેવી પડશે. સ્થળાંતરનું મુખ્ય કારણ પાણીની અછત, જમીનની ઘટતી ફળદ્રુપતા કે ખેતીમાં સતત નુકસાન છે કે નહીં તે જાણવું પડશે.

ભારત સરકાર જ્યારે 'ડિજિટલ ઈન્ડિયા' અને ડેટા-ડ્રિવન ગવર્નન્સ પર ભાર મૂકી રહી છે, ત્યારે ક્લાઈમેટ ચેન્જની માહિતી પણ નીતિનિર્માણમાં ક્રાંતિકારી ફેરફારો લાવી શકે છે તે સમજવું પડશે અને તેના આધારે નિર્ણય લેવા પડશે.

જે જિલ્લાઓ કે તાલુકાઓ પર્યાવરણીય રીતે અત્યંત સંવેદનશીલ જાહેર થાય, ત્યાં આપત્તિ વ્યવસ્થાપન બજેટ અને ક્લાઈમેટ રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે અગાઉથી નાણાં ફાળવી શકાય. આ સિવાય ગ્રામ પંચાયત સ્તરે 'ક્લાઈમેટ એક્શન પ્લાન' તૈયાર કરી શકાય, જેથી મનરેગા જેવી યોજનાઓ હેઠળ માત્ર રસ્તા બનાવવાને બદલે જળ સંરક્ષણ, વનીકરણ અને તળાવોના પુનર્જીવન પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય. તેની સાથે સાથે અતિશય ગરમી કે પાણીજન્ય રોગચાળાની સંભાવના ધરાવતા વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને અગાઉથી જરૂરી દવાઓ, સાધનો અને તાલીમબદ્ધ સ્ટાફથી સજ્જ કરી શકાય જેથી રોગચાળો ફેલાતા પહેલાં જ ડામી દેવાય. એક સદી પહેલાં ગ્રામીણ સમાજને સમજવા માટે માત્ર લોકોની સંખ્યા ગણવી પૂરતી માનવામાં આવતી નહોતી; તેમના કુદરતી જળસ્ત્રોત, જંગલ, ખેતર, માટી અને પશુધનની સ્થિતિ પણ એટલી જ મહત્વપૂર્ણ ગણાતી હતી. આજે ૨૧મી સદીના જળવાયુ સંકટના યુગમાં વિકાસની ગતિ જાળવી રાખવા માટે આપણે ફરીથી તે જ મૂળભૂત વળાંક પર આવીને ઊભા છીએ. આગામી વસતી ગણતરીને કેવળ માથાં ગણવાના નિયમિત સરકારી કાર્યક્રમ તરીકે ન જોતાં, બદલાતા સમાજ અને બદલાતી કુદરત વચ્ચેના પરસ્પર સંબંધોને વૈજ્ઞાનિક ઢબે સમજવાની ઐતિહાસિક તક તરીકે જોવી જોઈએ.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : બ્રહ્મપુત્રી સંધ્યાની તપશ્ચર્યાથી ચંદ્રભાગના તટે ગુંજતો આત્મ- સાક્ષાત્કાર

## યોગ, ધ્યાન અને સમાધિ-શિવ સુધી પહોંચવાના ત્રણ સોપાન



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

શિવ જ્યાંથી શરૂ થાય છે ત્યાંથી જ સત્ય શરૂ થાય છે ભારતીય પુરાણોમાં શિવ માત્ર દેવ નથી, તે એક તત્વ છે. તે સત્યમ્, શિવમ્, સુંદરમ્ નો સંગમ છે. બ્રહ્મા સર્જન કરે છે, વિષ્ણુ પાલન કરે છે, પણ શિવ તો લય અને નવસર્જન બંનેના અધિષ્ઠાતા છે. શિવને આશુતોષ કહેવામાં આવે છે, કારણ કે તે અતિ શીઘ્ર પ્રસન્ન થનારા છે. એક સાચા હૃદયથી કરાયેલું ધ્યાન પણ તેમને પ્રસન્ન કરવા માટે પૂરતું છે. આવા જ આશુતોષના અનંત મહિમાની એક અલૌકિક કથા છે - બ્રહ્માની માનસ પુત્રી સંધ્યાની તપશ્ચર્યાની કથા. આ કથા માત્ર એક પૌરાણિક પ્રસંગ નથી, પરંતુ ધ્યાન, યોગ, સમાધિ અને મોક્ષના રહસ્યને ઉજાગર કરતો એક દિવ્ય ગ્રંથ છે.

કથાનુસાર, બ્રહ્માની પુત્રી સંધ્યા આત્મશુદ્ધિ અને આત્મજ્ઞાનની અભિલાષાથી ચંદ્રભાગ પર્વત ઉપર ગઈ. ત્યાં એકાંત સરોવરના તટે તેણે તપ કરવાનો પ્રારંભ કર્યો. તેના હૃદયમાં તપની તીવ્ર ઝંખના હતી, પરંતુ તપની શાસ્ત્રોક્ત વિધિથી તે અજ્ઞાન હતી. અધૂરા જ્ઞાને કરેલું તપ ક્યારેક ભટકાવી શકે છે. પિતા તરીકે બ્રહ્માએ આ જોયું. તેમણે સૃષ્ટિના મહાન જ્ઞાની,બ્રહ્મર્ષિવશિષ્ઠ ને આજ્ઞા કરી કે,'તમે બીજું રૂપ ધારણ કરીને ચંદ્રભાગ પર્વત પર જાઓ અને મારી પુત્રી સંધ્યાને તપની સાચી વિધિ સમજાવો.' આ પ્રસંગ જ શિવ મહિમાની શરૂઆત છે. શિવ સુધી પહોંચવા માટે ગુરુ જોઈએ. ગુરુ વિના જ્ઞાન અધૂરું છે.બ્રહ્મા જેવા સર્જનહારને પણ પુત્રીને શિવમાર્ગ બતાવવા માટે ગુરુની જરૂર પડી. વશિષ્ઠ મુનિ એક તેજસ્વી તપોધન નું રૂપ ધારણ કરીને ચંદ્રભાગ પર્વત પર પહોંચ્યા. નિર્જન સ્થળે એકલી તપ કરતી સ્ત્રીને જોઈને તેમણે પૂછ્યું, 'હે સ્ત્રી! તું આ નિર્જન સ્થળે શું કરી રહી છે?' સંધ્યાએ વિનમ્રતાથી કહ્યું, 'હું બ્રહ્માની પુત્રી સંધ્યા છું અને તપ કરવા આવી છું. આપ મને તપ કરવાની વિધિ સમજાવશો તો હું આપનો ઉપકાર માનીશ.'

ત્યારે વશિષ્ઠ મુનિએ જે ઉપદેશ આપ્યો તે દરેક સાધક માટે જીવનમંત્ર છે. તેમણે કહ્યું, 'હે ભાગ્યવાન સ્ત્રી! તું ભગવાન આશુતોષનું ધ્યાન કર.' અહીં વશિષ્ઠ મુનિ ધ્યાનની અત્યંત ગહન વ્યાખ્યા આપે છે. તેઓ કહે છે, ધ્યાન એ એક અંતરયાત્રા છે. બહારના વિશ્વમાં ભટકતું મન જ્યારે અંદર વળે છે ત્યારે ધ્યાન શરૂ થાય છે. આપણા અંતઃકરણની અંદર જો આપણે શિવતત્ત્વનું દર્શન કરવું હોય તો આપણું અંતઃકરણ સ્વચ્છ અને સ્થિર બનાવવું પડે. જેમ ગંદા પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાતું નથી, તેમ ચંચળ અને મલિન મનમાં શિવ દેખાતા નથી. આ જ ધ્યાનની ભૂમિકા છે. વશિષ્ઠ મુનિ વધુ સ્પષ્ટ કરે છે કે ધ્યાન એટલે જીવાત્માનો પરમાત્મા સાથે તાદાત્મ્ય અનુભવવાનો પ્રયાસ યોગ અને ધ્યાન એ મન ઉપર નિયંત્રણ મેળવવાની પદ્ધતિ છે એ આત્માનો ઉદ્ધાર કરનારીસાધના છે,શાંતિ મેળવવાનો પ્રયાસ છે અને જીવન પરિવર્તનની પ્રક્રિયા છે

જીવાત્માના પરમાત્મા સાથેના સંયોગને જ 'યોગ' કહેવાય છે. શ્રુતિ કહે છે કે, 'તપ દ્વારા બ્રહ્મને જાણો.' તેથી ધ્યાન અને ધારણા વડે મનને મુક્ત બનાવી બ્રહ્મસ્વરૂપ બનવું એ જ સાચો યોગ છે.

ઉપનિષદનું એક અદભુત ઉદાહરણ આપતા તેઓ કહે છે, જેમ સાકર પાણીમાં ઓગળીને જળરૂપ થઈ જાય છે,તેમ સાધકનું મન આત્મામાં વિલીન થઈ જાય છે. આત્મા અને મનની એકતાનું નામ જ સમાધિ છે. ધ્યાન એ યોગની સાતમી અવસ્થા છે,જ્યારે સમાધિ એ ધ્યાનની અંતિમ પરમ અવસ્થા છે. સમાધિ એ ધ્યાનનું પરમ લક્ષ્ય છે. પૂર્ણ જ્ઞાનની અવસ્થા પ્રાપ્ત કરવી એ જ સાચી સમાધિ છે.માટે તું એવી સમાધિ સિદ્ધ કર કે જેમાં ભગવાન શંકરનો સાક્ષાત્કાર થાય. આ જ શિવ મહિમા છે. શિવ કોઈ મંદિરમાં કેદ નથી, તે આપણી અંદર જ છે. આપણી અંદરના અજ્ઞાનરૂપી આવરણોને કોતરી કાઢીને અંદર રહેલા સત્યમ-શિવમ્-સુંદરમના સ્વરૂપને પ્રગટ કરવું એટલે જ આધ્યાત્મિક જીવન. શિવના અનેક રૂપો અને સાધકની કસોટી વશિષ્ઠ મુનિ સંધ્યાને ચેતવે છે કે, હે દેવી! તપ દરમિયાન શિવના દર્શન સૌને એકસરખા થતા નથી. કેટલાક સાધકોને તેમના સૌમ્ય, કરુણામય, કૈલાસ પર બિરાજમાનશંકર-પાર્વતી ના રૂપમાં દર્શન થાય છે,તો કેટલાકને તેમના વિરાટ કે ભયાનક સ્વરૂપમાં દર્શન થાય છે. કેટલાકને તો ભગવાન શંકર રુદ્ર સ્વરૂપે, સ્મશાન માં અઘોર રૂપમાં પણ દેખાય છે. આથી ડરવું નહીં. જેમ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ગીતામાં પોતાના ભયંકર વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા હતા, તેમ શિવ પણ ક્યારેક સાધકના આત્મબળની કસોટી કરવા માટે રુદ્ર સ્વરૂપ ધારણ કરે છે. જ્યારે આવા ભયાનક દર્શન થાય ત્યારે સમજવું કે શિવ આપણને પોતાનું આત્મબળ મજબૂત કરવાની તક આપી રહ્યા છે. જે સાધક આ કસોટીમાંથી પસાર થઈ જાય છે, તે જ શિવનો પ્રિય બને છે. નિર્વિચાર ધ્યાન-શિવ પ્રાપ્તિનો રાજ માર્ગ ગીતામાં શ્રીકૃષ્ણે ધ્યાનની સર્વોચ્ચ અવસ્થા વિશે કહ્યું છે,'ન કિંચિદપિ ચિંતયેત્' એટલે કે જ્યારે મનમાં કોઈ પણ બાબતનો વિચાર આવતો નથી, કોઈ સંકલ્પ-વિકલ્પ રહેતો નથી. આ નિર્વિચાર અવસ્થા જ ધ્યાનનું પરમ લક્ષ્ય છે. પ્રત્યેક આત્મા અપ્રગટરૂપે પરમાત્મા જ છે. હું આ સ્થૂળ કે સૂક્ષ્મ દેહ નથી, હું તો ચેતન સ્વરૂપ છું, હું જ શિવ છું - આવી દ્રઢ વૃત્તિ કેળવીને મનને સ્થિર કરવું તેનું નામ ધ્યાન છે. ધ્યાન દરમિયાન મનમાં વિચારો આવવા સ્વાભાવિક છે, કારણ કે સર્જન અને વિસર્જન એ મનનું કાર્ય છે. પરંતુ ભક્તિ અને શ્રદ્ધાનીભૂમિકા વિના ધ્યાન ટકતું નથી.તેથી જ વેદ કહે છે કે શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગ - આ ચાર જ મુમુક્ષુ માણસની મુક્તિનો ઉપાય છે. જે આ ચારને વળગી રહે છે, તે અજ્ઞાનથી ઊભા થયેલા દેહબંધન અને દુઃખમાંથી મુક્ત થઈ જાય છે. પોતાની જાતને દુઃખમાંથી ઉગારી લેવી એનું જ નામ મોક્ષ છે.માટે સાચી શાંતિ,સાચું સુખ અને સાચો આનંદ મેળવવા માટે મનની સ્થિરતા અને એકાગ્રતા એ અમોઘ શસ્ત્ર છે. ધ્યાન એ મનને મહાન અને શક્તિશાળી બનાવવાનું દિવ્ય સાધન છે.ઓમ નમઃ શંકરાય નો મહામંત્ર અને સંધ્યાની સિદ્ધિ અંતે વશિષ્ઠ મુનિએ સંધ્યાને શિવ પ્રાપ્તિનો સૌથી સરળ અને શક્તિ શાળી માર્ગ બતાવ્યો. તેમણે કહ્યું, 'હે ભાગ્યશાળી સ્ત્રી!તું મનમાં શંભુનું ધ્યાન કર.તે મહાશ્રેષ્ઠ તેજ રૂપ, મહાતપરૂપ અને આરાધવા યોગ્ય છે. તું નિરંતર 'ૐ નમઃ શંકરાય ૐ' મંત્રનો જપ કરજે. સ્નાનવિધિથી પરવાર્યા પછી જ શિવપૂજન કરવું અને માત્ર જળનો આહાર કરવો. આને મૌન તપસ્યા કહે છે.

# રુદ્રાક્ષ એ શિવનો જ મંગલમય વિગ્રહ છે, છતાં એક થી ચૌદ મુખવાળા રુદ્રાક્ષનું મહાત્મ્ય અલગ છે

અત્યારે શ્રાવણ માસ ચાલી રહ્યો છે, અને લોકમાનસમાં ભક્તિનાં મોજા અપરંપાર વેગે ઉછળી રહ્યાં છે. શિવનાં સ્વરૂપ વિશે અને તેની સાધના વિશે તેમજ સમગ્ર સૃષ્ટિના સર્જનમાં જેની મહત્વની ભૂમિકા છે, એ જ શિવ છે. શિવપુરાણ વાંચ્યા પહેલાં શિવ સંહારનાં દેવ છે, અને ત્રીજી આંખ ખોલે એટલે પૃથ્વી પર પ્રલય આવે છે, સૌને એવી જાણકારી હતી. પણ ભગવાન શિવ ભોલેનાથ તો અનુગ્રહનાં દેવ છે, અને



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

એ માટે જીવની નિયતિ, કે નીતિને ઓવરટેક કરી નેતિમાં સ્થિત છે, નેતિ એટલે કે આપણે જેનો પાર પામી શકતા નથી. શિવપુરાણ મુજબ જીવ પર અનુગ્રહ કરવા માટે ખુદ શિવતત્વ પોતાનું ચરિત્ર વર્ણવે છે, અને સ્વયં પરમેશ્વર શિવ પોતાનાં વિષાદનું વર્ણન કરે છે. શિવ પૂજામાં રુદ્રાક્ષનું ખૂબ જ મહત્વ છે, અને ભગવાન ભોળાનાથને અત્યંત પ્રેય એવાં રુદ્રાક્ષનું મહાત્મય આપણે એનાં મુખે જાણીએ.

એકવાર ભગવાન શિવે પાર્વતી સમક્ષ પોતાને અત્યંત પ્રિય એવાં રુદ્રાક્ષનું મહિમા ગાન કર્યું, અને કહ્યું મેં સુંદર સૃષ્ટિની રચના કરી, અને આ સૃષ્ટિને ઉપભોગ કરી શકે, એ માટે પ્રાણીઓની પણ રચના કરી, છતાં ભગવાન શિવને સંતોષ થયો નહીં, અને એણે એક ઉત્તમ જીવની રચના કરી. એટલે કે તે આ સૃષ્ટિમાં રમણ કરીને બુદ્ધિથી તેનો ઉપભોગ કરી આનંદની વૃદ્ધિ કરી પ્રેમ એટલે કે પરિવારનો વિસ્તાર કરી પોતાનાં જેવાં જ પ્રેમાળ જીવો પેદા કરે. કાળ પર કાળ વિતતા ગયાં, અને જીવ એટલે કે માનવીની માનસિકતા પણ બદલાતી ગઈ!; એનાં અંતરમાંથી સંતોષ એ જ પરમસુખ છે, એ સત્ય ભૂસાતું ગયું, અને પ્રેમ પૂર્વક પરમ તત્વનો આભાર માનવો જોઈએ,એની ભક્તિ કરવી જોઈએ,એની બદલે મારુ મારું શરું થયુ, અને સત્તા માટે યુદ્ધ, સંઘર્ષ અથવા તો ઈર્ષા, નિંદા, લોભ, હિંસા, આ બધાં ભાવોની વૃદ્ધિ થઈ, અને આ બધું જોઈ ભગવાન શિવનું મન ક્ષુબ્ધ થઈ ગયું! કે અરરર આ શું થઈ રહ્યું છે! મેં શું વિચારીને આ સૃષ્ટિનું સર્જન કર્યું હતું? સૌથી વધુ દુઃખ એને એ વાતનું હતું કે જીવ, એટલે કે માનવી કર્તા બની કર્મ જાળમાં ફસાતો જાય છે, અને પાપ પુણ્યનાં આ લેખાંજોખાં કેટલાં આકરાં હોય છે, એનો એને અંદાજ નથી! ભક્તિ કે મુક્તિ માટે વિચારતાં નથી એ કેવળ ભોગ માટે જ વિચારે છે! અને એ પણ સમજ્યાં પરંતુ ભોગ માટે એ કંઈ પણ કરી શકે એટલી હદે કાળનો પ્રભાવ વધતો જાય છે! સદા સમાધિમાં સ્થિર રહેનાર હું લીલાવશ થયો, અને મેં બે આંખો ખોલી, અરરર મારાં ભક્તોનું શું થશે? એવી વ્યાધિ થઈ, અને આમ એની આંખમાંથી આંસુ પડ્યું! અને ત્યાં એક વૃક્ષ ઉગ્યું એ વૃક્ષ એટલે રુદ્રાક્ષનું વૃક્ષ અને એનાં ફળને રુદ્રાક્ષ કહેવામાં આવે છે, આ ઉત્તમ રુદ્રાક્ષ અસહ્ય પાપ સમુહનું ભેદન કરે છે, અને શ્રુતિ ઓનાં પ્રેરક છે. આમ માનવી પર કર્મ જાળની મુક્તિની માટે રુદ્રાક્ષ રુપે આપણને શિવ કૃપા પ્રાપ્ત થઈ. રુદ્રાક્ષની જ જાતિનાં શુભાક્ષ પણ છે, રુદ્રાક્ષમાં પણ વર્ણ પ્રેરક વાત છે, જેમાં આપણે જવું નથી. પરંતુ કદ અને આકારમાં મોટાં આમળા જેવડા, તેમજ બોર જેવડાં, અને એનાથી પણ નાનાં ચણોઠી જેવડાં, રુદ્રાક્ષની વાત શિવ પુરાણમાં છે. શિવ પાર્વતીની પ્રસન્નતા ઈચ્છનાર કે શિવલોકમાં સ્થાનની ઈચ્છા ધરાવનારે રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવાં, અને એનાથી જાપ કરવાનો મહિમા પણ છે.

આમળા જેવડાં મોટાં રુદ્રાક્ષ સમસ્ત અરીષ્ટોનાં વિનાશક છે, બોર જેવડા રુદ્રાક્ષ ઉત્તમ ફળપ્રદાયક અને સુખ સૌભાગ્યની વૃદ્ધિ કરનારાં છે. તેમજ ચણોઠી જેવડા નાનાં રુદ્રાક્ષ સંપૂર્ણ મનોરથ અને ફળોની સિદ્ધિ કરવાવાળા છે. રુદ્રાક્ષ જેમ જેમ નાનાં હોય તેમ તેમ અધિક ફળ આપનારા હોય છે, એક મોટા રુદ્રાક્ષથી નાનાં રુદ્રાક્ષને વિદ્વાનોએ દસ ગણું અધિક ફળ આપનારા માન્યાં છે. પાપનો નાશ કરવા માટે રુદ્રાક્ષ ધારણ કરવા જરૂરી છે. ઈચ્છિત મનોરથનો સાધક હોય, તેણે રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવો જોઈએ. રુદ્રાક્ષની માળા બનાવીને ધારણ કરવાનું પણ મહત્વ છે. માથા પર ઈશાન મંત્રથી, કાનમાં તત્પુરુષ મંત્રથી, ગળા અને હૃદયમાં અઘોર મંત્રથી, રુદ્રાક્ષ ધારણ કરવાં જોઈએ. વિદ્વાન પુરુષ બંને હાથમાં અઘોર બીજ મંત્રથી રુદ્રાક્ષ ધારણ કરે છે!: અઘોર પંથમાં ત્રણ પાંચ અથવા સાત રુદ્રાક્ષની માળાઓ ધારણ કરે. બ્રહ્મચારી વાનપ્રસ્થ ગૃહસ્થ અને સંન્યાસી બધાએ નિયમપૂર્વક રુદ્રાક્ષ ધારણ કરવો ઉચિત છે. રુદ્રાક્ષ મારો મંગલમય શ્રીવિગ્રહ છે, અને એને ધારણ કરનાર એનું ઉત્તમ ફળ મળે છે.

રુદ્રાક્ષનાં અનેક પ્રકાર બતાવ્યાં છે. એક મુખવાળો રુદ્રાક્ષ સાક્ષાત શિવનું સ્વરૂપ છે, જ્યાં રુદ્રાક્ષની પૂજા થતી હોય, ત્યાંથી લક્ષ્મી દૂર જતી નથી, અને એ સ્થાનનાં બધા જ ઉપદ્રવો નષ્ટ થઈ જાય છે. બે મુખ વાળો રુદ્રાક્ષ દેવ દેવેશ્વર કહેવાયો છે, તે સંપૂર્ણ કામનાઓનું ફળો આપનાર છે. ત્રણ મુખવાળો રુદ્રાક્ષ સદા સાક્ષાત સાધનનું ફળ આપનાર છે, જેનાં પ્રભાવથી બધી વિદ્યાઓ પ્રતિષ્ઠિત થઈ જાય છે. ચાર મુખ વાળો રુદ્રાક્ષ સાક્ષાત બ્રહ્માનું સ્વરૂપ છે, તે દર્શન અને સ્પર્શથી ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારેય પુરુષાર્થનું ફળ આપનાર છે. પાંચ મુખ વાળાં રુદ્રાક્ષ સાક્ષાત રુદ્ર રૂપ છે, તે સર્વ કાંઈ કરવાં સમર્થ છે, સર્વને મુક્તિપ્રદ અને સંપૂર્ણ મનોવાંશિક ફળ પ્રદાન કરે છે. પંચમુખી રુદ્રાક્ષ સમસ્ત પાપને દૂર કરે છે. છ મુખી રુદ્રાક્ષ કાર્તિકેય સ્વરૂપ છે, અને એનો ધારક બ્રહ્મ હત્યા જેવા ઘોર પાપથી મુક્ત થઈ શકે છે, એમાં કોઈ સંશય નથી. સાત મુખી રુદ્રાક્ષ અનંગ સ્વરૂપ છે ,જે અનંગ નામથી પ્રસિદ્ધ છે, એને ધારણ કરનાર દરિદ્ર ઐશ્વર્યશાળી થઈ જાય છે. અષ્ટમુખી રુદ્રાક્ષ અષ્ટમૂર્તિ ભૈરવ રૂપ છે, એને ધારણ કરવાથી મનુષ્ય થાય છે, અને મરણ પછી ત્રિશૂળ લધારી શંકર થઈ જાય છે. નવમુખી રુદ્રાક્ષ અને ભૈરવ તથા કપિલ મુનિનું પ્રતીક માનવામાં આવે છે, અને નવદુર્ગા સ્વરૂપ ધારણ કરનારી મહેશ્વરી દુર્ગા એની અધિષ્ઠાત્રી દેવી માનવામાં આવી છે, જે માણસ ભક્તિ પરાયણ થઈને પોતાનાં ડાબા હાથમાં નવમુખી રુદ્રાક્ષ ધારણ કરે છે, તે નિશ્ચય જ સમાન સર્વેશ્વર થઈ જાય છે એમાં સંસય નથી, એ મહેશ્વરી દસ મુખી રુદ્રાક્ષ સાક્ષાત ભગવાન વિષ્ણુનું રૂપ છે, એને ધારણ કરવાથી મનુષ્યની સંપૂર્ણ કામનાઓ પૂર્ણ થઈ જાય છે. અગિયાર મુખી રુદ્રાક્ષ રુદ્ર સ્વરૂપ છે, એને ધારણ કરવાથી મનુષ્ય સર્વત્ર વિજય થાય છે.

# રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિમાં ધોલેરા ખાતે 77મા 'વન મહોત્સવ'ની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી કરાઇ

### વિકાસની સાથે ગ્રીન કવર વધારવું અત્યંત જરૂરી : રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા, સામાજિક વનીકરણ વિભાગ, અમદાવાદ દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન, 'વનકવચ'માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ વનરક્ષકોનું સન્માન કરાયું








**અમદાવાદ, તા.24**

સામાજિક વનીકરણ વિભાગ, અમદાવાદ દ્વારા ધોલેરા ખાતે 77મા 'વન મહોત્સવ'ની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન 'વન સંરક્ષણ'માં ઉત્કૃષ્ઠ કામગીરી દાખવવા બદલ વનરક્ષકનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોને સંબોધતા રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, પહેલાનું ધોલેરા અને હાલનું ધોલેરા વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે. આજે જમીનના ભાવમાં થયેલો સુધારો દર્શાવે છે કે ધોલેરા વિકાસની દિશામાં સતત આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન સાથે આકાર પામેલા ધોલેરા અને ગિફ્ટ સિટી આજે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ધોલેરાના આ સમગ્ર વિકાસનો શ્રેય વડાપ્રધાનને જાય છે તેવું તેમણે કહ્યું હતું.

વધુમાં મંત્રીએ જણાવ્યું કે, 'જેમ વિકાસ જરૂરી છે તેમ જ ગ્રીન કવર (હરિયાળી) વધારવું પણ તેટલું જ અનિવાર્ય છે. વૃક્ષારોપણને માત્ર એક કાર્યક્રમ પૂરતું સીમિત ન રાખતાં, તેને એક મિશન બનાવીને છોડના ઉછેર અને જતનની જવાબદારી દરેક નાગરિકે ઉપાડવી જોઈએ.

મંત્રીએ વડાપ્રધાનના 'એક પેડ મા કે નામ' અભિયાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ પ્રેરણાદાયી અભિયાનથી દેશભરમાં વૃક્ષારોપણ પ્રવૃત્તિને મોટો વેગ મળ્યો છે. તાજેતરમાં જ અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમે નવો રેકોર્ડ સર્જ્યો છે તેવું તેમણે ઉમેર્યું હતું.

મંત્રીએ ઉપસ્થિત સૌને આવનારી પેઢીને શુદ્ધ અને સ્વસ્થ વાતાવરણ મળી રહે તે માટે વધુને વધુ વૃક્ષારોપણ કરવાની અપીલ કરી હતી.

કાર્યક્રમના પ્રારંભે નાયબ વન સંરક્ષક ડૉ. મીનલ જાની (IFS) એ મંત્રી તથા તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વન મહોત્સવ એ વન વિભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન કરવામાં આવતી કામગીરીનો નિચોડ છે. વર્ષ 2047 સુધી વિકસિત ભારતના નિર્માણના સંકલ્પમાં ધોલેરા પણ સહભાગી થાય તે માટે વન વિભાગ પૂર્ણ યોગદાન આપવા કટિબદ્ધ છે.

તેમણે વન વિભાગની સિદ્ધિઓની વિગતો આપતાં જણાવ્યું કે, ધોલેરા અને ભાલ જેવા કઠિન ભૌગોલિક પ્રદેશમાં સામાજિક વનીકરણ વિભાગના સતત પ્રયાસોથી 50,000થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વિશેષ 'ડ્રમ પદ્ધતિ'થી કરાયેલા વાવેતરની નોંધ સમગ્ર દેશસ્તરે લેવાઈ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, ધોલેરાના દરિયાકિનારે 1.5 કરોડથી વધુ ચેર (મેન્ગ્રોવ્ઝ) પ્રકારની વનસ્પતિનું વાવેતર કરાયું છે તથા છેલ્લા 10 વર્ષમાં 4000 હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતરની કામગીરી પૂર્ણ થઈ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, વીતેલા એક જ વર્ષમાં 1,60,000થી વધુ વનસ્પતિનું વાવેતર કરીને ધોલેરા પંથકને હરિયાળો બનાવવાનું કાર્ય ચાલુ છે.

કાર્યક્રમ દરમિયાન મંત્રીના હસ્તે 'વનકવચ' માં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ વનરક્ષકનું સન્માન કરાયું.

આ પ્રસંગે 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત મંત્રી સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું અને વૃક્ષાના રોપાના વિતરણ માટેના 'વૃક્ષરથ'ને પ્રસ્થાન પણ કરાવ્યું હતું.

આ પ્રસંગે ધોલેરા તાલુકા પંચાયત પ્રમુખ દિગપાલસિંહ ચુડાસમા, ધંધુકાના પ્રાંત અધિકારી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન સાગરભાઈ સોલંકી અને તાલુકાના પ્રમુખ સહિતના પદાધિકારીઓ, ધોલેરાના સરપંચ તેમજ જિલ્લાના તમામ તાલુકાઓના RFOઓ અને વન વિભાગના કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરમતી રેલવે સ્ટેશનના પુનઃવિકાસ કામો અને યાત્રી સુવિધાઓનું DRM વેદ પ્રકાશ એ કર્યું નિરીક્ષણ

## સાબરમતીના ધારાસભ્ય ડૉ. હર્ષદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા



**અમદાવાદ, તા.24**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશ એ આજે સાબરમતી રેલવે સ્ટેશનનું સર્વગ્રાહી નિરીક્ષણ કર્યું. આ નિરીક્ષણ દરમિયાન સાબરમતીના ધારાસભ્ય ડૉ. હર્ષદભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ સાબરમતી રેલવે સ્ટેશનના પુનઃવિકાસ કામોની પ્રગતિ, યાત્રી સુવિધાઓ તેમજ સ્ટેશન પર યાત્રીઓની અવરજવર અને ભીડ વ્યવસ્થાપન સંબંધિત વ્યવસ્થાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી.

નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે સ્ટેશનના પ્રવેશ અને નિકાસ દ્વારોની સમીક્ષા કરી હતી તથા અધિકારીઓ સાથે એ બાબતે વિશેષ ચર્ચા કરી હતી કે યાત્રીઓની અવરજવરને સુવ્યવસ્થિત રાખવાની સાથે પ્રવેશ અને નિકાસ વ્યવસ્થા એવી હોવી જોઈએ, જેથી પીક અવર્સ અને તહેવારો દરમિયાન યાત્રીઓની ભીડનું સુગમ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરી શકાય. તેમણે સ્ટેશન સંકુલમાં યાત્રીઓની અવરજવર, લાઈન વ્યવસ્થાપન અને સંચાલન સંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વ્યવસ્થાઓને વધુ અસરકારક બનાવવા પર ભાર મૂક્યો.

શ્રી વેદ પ્રકાશ એ સ્ટેશન બિલ્ડિંગના પ્રથમ માળે આવેલા હોલ્ડિંગ એરિયાનું પણ નિરીક્ષણ કર્યું અને તેની ક્ષમતા તથા ઉપયોગિતાની સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા કે તહેવારો અને ખાસ પ્રસંગો દરમિયાન વધતી યાત્રીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને હોલ્ડિંગ એરિયા અને કોનકોર્સ વિસ્તારમાં ભીડને નિયંત્રિત કરવા માટે અસરકારક અને વ્યવહારૂ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે. સ્ટેશનના કોનકોર્સ વિસ્તારના નિરીક્ષણ દરમિયાન આગામી તહેવારોમાં સંભવિત ભીડને ધ્યાનમાં રાખીને એકથી વધુ પ્રવેશ અને નિકાસ માર્ગો વિકસાવવા તથા યાત્રીઓની અવરજવરને અલગ-અલગ દિશામાં સુવ્યવસ્થિત કરવાની શક્યતાઓ પર વિગતવાર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો.

પ્લેટફોર્મ નંબર 1 થી 7 સુધી યાત્રી સુવિધાઓ અને સ્ટેશન પર ઉપલબ્ધ વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે પ્લેટફોર્મ, યાત્રી અવરજવર વિસ્તારો અને અન્ય સંબંધિત સુવિધાઓની સ્થિતિની સમીક્ષા કરતા અધિકારીઓને નિર્દેશ આપ્યા કે સ્ટેશન પર ઉપલબ્ધ સુવિધાઓની નિયમિત જાળવણી સુનિશ્ચિત કરવામાં આવે તથા પુનઃવિકાસ કામોની સાથે સાથે યાત્રીઓને સ્વચ્છ, સુરક્ષિત, સુગમ અને ઉત્તમ અનુભવ પૂરો પાડવા પર વિશેષ ધ્યાન આપવામાં આવે.

મંડળ રેલ પ્રબંધકે સ્ટેશન સંકુલમાં ઓટો-રિક્ષા અને ટેક્સી ચાલકો સાથે પણ સંવાદ કર્યો હતો અને સ્ટેશનના પ્રવેશ તથા નિકાસ માર્ગો સંબંધિત તેમના સૂચનો અને વ્યવહારૂ અનુભવો જાણ્યા હતા. તેમણે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા કે યાત્રીઓની સાથે સાથે ઓટો-રિક્ષા અને ટેક્સી ચાલકોની સુવિધાને ધ્યાનમાં રાખીને પિક-અપ અને ડ્રોપ-ઓફ વ્યવસ્થા તથા ટ્રાફિક મેનેજમેન્ટને સુવ્યવસ્થિત કરવામાં આવે, જેથી સ્ટેશનની બહાર બિનજરૂરી ભીડ અને ટ્રાફિક જામની સ્થિતિ ઊભી ન થાય.

ત્યારબાદ મંડળ રેલ પ્રબંધકે સાબરમતી લોકોમોટિવ શેડનું પણ નિરીક્ષણ કર્યું હતું. તેમણે શેડની વિવિધ વ્યવસ્થાઓ અને મેન્ટેનન્સ પ્રવૃત્તિઓની સમીક્ષા કરી તથા WAG-12 લોકોમોટિવનું નિરીક્ષણ કરીને તેની જાળવણી અને ટેકનિકલ પાસાઓની માહિતી મેળવી. તેમણે સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી જાળવણી કામો, સુરક્ષાના ધોરણો અને લોકોમોટિવની વિશ્વસનીયતા સંબંધિત વિષયો પર માહિતી લીધી.

નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે સંબંધિત અધિકારીઓને યાત્રી સુવિધા, સુરક્ષા, ભીડ વ્યવસ્થાપન, સ્ટેશન સંચાલન તથા પુનર્વિકાસ કાર્યોની ગુણવત્તા અંગે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા. આ પ્રસંગે કર્ણાવતી મહાનગર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા તથા તેમણે સ્ટેશનના પુનર્વિકાસ કાર્યો, યાત્રી સુવિધાઓ તેમજ આગામી તહેવારો દરમિયાન સંભવિત યાત્રી ભીડના વધુ સારા વ્યવસ્થાપન અંગે પોતાના સૂચનો અને વિચારો રજૂ કર્યા.

# રેલવે ફાટક સંખ્યા 11 બી તારીખ 25 ઓગસ્ટથી 5 સપ્ટેમ્બર સુધી બંધ રહેશે

**અમદાવાદ, તા.24**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ આંબલી રોડ-ચાંદલોડિયા રેલખંડ પર રેલવે કિલોમીટર 511/02-04 પર આવેલ રેલવે ફાટક સંખ્યા 11 બી ને જરૂરી સમારકામ અને ઓવરહૉલિંગ કામને લીધે નિશ્ચિત સમયગાળામાં રોડ વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવશે.

રેલવે ફાટક સંખ્યા 11 બી તારીખ 25 ઓગસ્ટ 2026 ના રોજ સવારે 08:00 કલાકથી 5 સપ્ટેમ્બર 2026 ના રોજ સાંજે 20:00 કલાક સુધી, કુલ 12 દિવસો માટે બંધ રહેશે. આ દરમિયાન માર્ગ વાહનવ્યવહારની સુરક્ષાને ધ્યાનમાં રાખતાં ઉપરોક્ત માર્ગ પર અવરજવરને વૈકલ્પિક માર્ગોથી ડાયવર્ટ કરવામાં આવશે.

આ સમયગાળા દરમિયાન માર્ગ વાહનવ્યવહારને સોલા બ્રિજ, શીલજ બ્રિજ અને સિમ્સ બ્રિજ મારફતે ડાયવર્ટ કરવામાં આવશે.

પશ્ચિમ રેલવે દ્વારા સામાન્ય જનતાને જણાવવામાં આવે છે કે તેઓ નિશ્ચિત સમયગાળામાં રેલવે ફાટક સંખ્યા 11 બી ની બંધ રહેવાની સૂચનાને ધ્યાનમાં રાખીને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે તથા વાહનવ્યવહાર વ્યવસ્થા જાળવી રાખવામાં સહયોગ આપે, જેથી કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

# અમદાવાદ–મંગલુરુ સાપ્તાહિક વિશેષ ટ્રેનનો પાલઘર સ્ટેશન પર અતિરિક્ત હોલ્ટ

**અમદાવાદ, તા.24**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 09424/09423 અમદાવાદ-મંગલુરુ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ ટ્રેનને પાલઘર (PLG) સ્ટેશન પર અતિરિક્ત હોલ્ટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અતિરિક્ત હોલ્ટ ટ્રેન નંબર 09424 અમદાવાદ-મંગલુરુ માટે 28 ઓગસ્ટ 2026થી તેમજ ટ્રેન નંબર 09423 મંગલુરુ-અમદાવાદ માટે 29 ઓગસ્ટ 2026થી અમલમાં આવશે.

v ટ્રેન નંબર 09424 અમદાવાદ-મંગલુરુ વિશેષ ટ્રેન પાલઘર સ્ટેશન પર 22:02 કલાકે પહોંચશે અને 22:04 કલાકે પ્રસ્થાન કરશે.

v તેવી જ રીતે, ટ્રેન નંબર 09423 મંગલુરુ-અમદાવાદ વિશેષ ટ્રેન પાલઘર સ્ટેશન પર 19:10 કલાકે પહોંચશે અને 19:12 કલાકે પ્રસ્થાન કરશે.

ટ્રેનોના હોલ્ટ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ સાપ્તાહિક વિશેષ ટ્રેનનું નિયમિત સંચાલન 24 સપ્ટેમ્બરથી

## ટ્રેન નંબર 09419/09420 અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ ટ્રેન હવે ટ્રેન નંબર 19419/19420 ના રૂપે નિયમિત સાપ્તાહિક ટ્રેન તરીકે સંચાલિત થશે

**અમદાવાદ, તા.24**

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને ઉત્તમ રેલવે કનેક્ટિવિટીને ધ્યાનમાં રાખતાં ટ્રેન નંબર 09419/09420 અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ ટ્રેનને નિયમિત કરવામાં આવી છે. નિયમિતીકરણ પછી આ ટ્રેન હવે ટ્રેન નંબર 19419/19420 અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ રૂપે સંચાલિત થશે.

ટ્રેન નંબર 19419 અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ એક્સપ્રેસ તારીખ 24 સપ્ટેમ્બર 2026 થી દરેક ગુરૂવારે અમદાવાદથી 09:20 કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસ શનિવારે 03:35 કલાકે તિરૂચ્ચિરાપ્પલ્લિ પહોંચશે. પરતમાં ટ્રેન નંબર 19420 તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ 27 સપ્ટેમ્બર 2026 થી દરેક રવિવારે તિરૂચ્ચિરાપ્પલ્લિથી 05:45 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે સોમવારે 21:15 કલાકે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં વડોદરા, સૂરત, વલસાડ, વાપી, વસઈ રોડ, કલ્યાણ, પુણે, સોલાપુર, કલબુરગિ, વાડી, કૃષ્ણા, રાયચૂર, મંત્રાલયમ, આદોનિ, ગુંટકલ, તાડિપત્રિ, કડપા, રેણિગુંટા, અરક્કોણમ, પેરમ્બૂર, ચેન્નાઈ એગ્મોર, તામ્બરમ, ચેંગલપટ્ટૂ, વિલ્લુપુરમ, કડલૂર, ચિદમ્બરમ, શિરકાષિ, વૈથીશ્વરન કોઈલ, મઈલાડુતુરૈ, કુંભકોણમ, પાપનાસમ તથા તંજાવૂર સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર તથા સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર 19419 નું રિઝર્વેશન 26 ઓગસ્ટ 2026 ના રોજ સવારે 08:00 કલાકથી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# સુરતમાં શ્રાવણીયા જુગાર સામે લસકાણા પોલીસનો સપાટો, નવા બંગલાના ટેરેસ પર જુગારધામ ચલાવતી મહિલા સહિત 8 ઝડપાયા

**સુરત, તા.24**

સુરત શહેરમાં શ્રાવણ માસ દરમિયાન ચાલતા જુગાર સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. લસકાણા પોલીસે શ્રાવણીયા જુગાર સામે મોટી કાર્યવાહી કરતા આશિર્વાદ બંગ્લોઝમાં આવેલા એક નવા બંગલાના ટેરેસ પર ચાલી રહેલા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ટેરેસ પર ગોળ કુંડાળું વળી જુગાર રમતા બંગલાની માલિક અને મુખ્ય સંચાલક મહિલા સહિત કુલ 8 શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસની કાર્યવાહીમાં સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને ગંજીપાનાં સહિત કુલ રૂ. 2.64 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ સમગ્ર ઘટનામાં સૌથી રસપ્રદ બાબત એ છે કે જે બંગલાના ટેરેસ પર જુગાર રમાતો હતો તે બંગલો થોડા સમય પહેલાં જ તૈયાર કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી રસીલા ઉર્ફે રશ્મિ હરેશભાઈ વેકરીયાએ લસકાણાના આશિર્વાદ બંગ્લોઝ વિસ્તારમાં આશરે બે મહિના પહેલાં નવો બંગલો બનાવ્યો હતો. આ નવા બંગલાના ટેરેસનો ઉપયોગ બહારથી લોકોને બોલાવીને જુગાર રમાડવા માટે કરવામાં આવતો હોવાનો પોલીસનો આક્ષેપ છે. બંગલામાં જુગારનું આયોજન શરૂ થયું તે દરમિયાન જ પોલીસને ચોક્કસ બાતમી મળી જતા સમગ્ર જુગારધામનો પર્દાફાશ થયો હતો.

મળતી માહિતી પ્રમાણે, લસકાણા પોલીસની ટીમ વાલક પાટીયા ચાર રસ્તા નજીક પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે લસકાણા વિસ્તારમાં આવેલા આશિર્વાદ બંગ્લોઝ વિભાગ-4ના ઘર નંબર 135ના ટેરેસ પર ખુલ્લામાં કેટલાક લોકો ભેગા થઈને જુગાર રમી રહ્યા છે. બાતમીને ગંભીરતાથી લઈને પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરવાની તૈયારી કરી હતી. પોલીસની ટીમ ખાનગી વાહનોમાં ઘટનાસ્થળે પહોંચી હતી જેથી જુગાર રમતા લોકોને પોલીસની હાજરીની અગાઉથી જાણ ન થાય.



પોલીસે અચાનક બંગલા પર રેઈડ કરતા ટેરેસ પર બેઠેલા લોકોમાં નાસભાગ મચી હતી. જોકે, પોલીસે તમામ લોકોને ઘેરીને ઝડપી પાડ્યા હતા. ટેરેસ પર કુલ 8 લોકો ગોળ કુંડાળું બનાવીને જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસની ટીમે સ્થળ પર જ તમામની તપાસ શરૂ કરી હતી અને જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાતી રોકડ રકમ તથા અન્ય સામાન કબજે કર્યો હતો.

પકડાયેલા આરોપીઓમાં બંગલાની માલિક અને કથિત મુખ્ય સંચાલક રસીલાબેન હરેશભાઈ વેકરીયા, ઉંમર 37 વર્ષનો સમાવેશ થાય છે. તેની સાથે હિતેશભાઈ જયસુખભાઈ ઠુમ્મર, ઉંમર 46 વર્ષ, જે સીમાડાનાકા વિસ્તારમાં રહે છે, હરેશભાઈ જેન્તીભાઈ કરગર, ઉંમર 32 વર્ષ અને વરાછા વિસ્તારમાં રહે છે, તેમજ મુકેશભાઈ ગોવિંદભાઈ સોલંકી, ઉંમર 37 વર્ષ અને વરાછા વિસ્તારમાં રહે છે, ઝડપાયા છે.

આ ઉપરાંત માતાવાડી વિસ્તારમાં રહેતા 45 વર્ષીય ગોવિંદભાઈ છનાભાઈ પટોલીયા, મીની બજાર વિસ્તારમાં રહેતા 38 વર્ષીય અમિતભાઈ રમેશભાઈ પરમાર, સિંગણપુર વિસ્તારમાં રહેતા 42 વર્ષીય મનોજભાઈ શંભુભાઈ રાઠોડ અને છાપરાભાઠા-અમરોલી વિસ્તારમાં રહેતા 40 વર્ષીય રસીકભાઈ હરિભાઈ ગેડીયાનો પણ પોલીસે ધરપકડ કરી છે. પોલીસે તમામ આરોપીઓને કાયદેસરની કાર્યવાહી હેઠળ લીધા છે. પોલીસ તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે પકડાયેલા મોટાભાગના શખ્સો અલગ-અલગ વ્યવસાય સાથે સંકળાયેલા છે. કેટલાક આરોપીઓ રત્નકલાકાર તરીકે કામ કરે છે, જ્યારે અન્ય કેટલાક કડિયાકામ અને કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે જોડાયેલા હોવાનું જાણવા મળ્યું છે. રોજિંદા વ્યવસાય કરતા લોકો નવા બંગલાના ટેરેસ પર એકઠા થઈને જુગાર રમતા ઝડપાતા આ ઘટનાએ પણ સ્થાનિક વિસ્તારમાં ચર્ચા જગાવી છે.

પોલીસે રેઈડ દરમિયાન સ્થળ પરથી જુગારના દાવ પર લગાવવામાં આવેલી રોકડ રકમ પણ કબજે કરી હતી. દાવ પર રહેલી આશરે રૂ. 5,000ની રોકડ ઉપરાંત આરોપીઓની અંગઝડતી દરમિયાન રૂ. 1.11 લાખ જેટલી રોકડ મળી આવી હતી. આમ પોલીસે કુલ રૂ. 1.16 લાખની રોકડ રકમ જપ્ત કરી હતી. આ રોકડ રકમ અંગે પણ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે કે તે જુગારના વ્યવહારમાં કેવી રીતે ઉપયોગમાં લેવામાં આવી રહી હતી. રોકડ ઉપરાંત પોલીસે આરોપીઓ પાસેથી કુલ 8 મોબાઈલ ફોન પણ કબજે કર્યા છે. આ મોબાઈલ ફોનની કુલ કિંમત આશરે રૂ. 1.48 લાખ હોવાનું સામે આવ્યું છે.

# ગાવસ્કર-કપિલ દેવ સહિત 21 પૂર્વ દિગ્ગજ કપ્તાનોએ પાકિસ્તાની PMને પત્ર લખી 3 માગ કરી

**નવી દિલ્હી, તા.24**

પાકિસ્તાનની જેલમાં બંધ ભૂતપૂર્વ વડાપ્રધાન અને 1992ના વર્લ્ડ કપ વિજેતા સુકાની ઈમરાન ખાનના કથળતા સ્વાસ્થ્ય અને અયોગ્ય સારવાર અંગે વિશ્વ ક્રિકેટ જગતના દિગ્ગજો ચિંતિત બન્યા છે. ભારતના ભૂતપૂર્વ કેપ્ટનો સુનીલ ગાવસ્કર, કપિલ દેવ અને દિલીપ વેંગસરકર સહિત વિશ્વભરના 21 પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેપ્ટનોએ પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફને સંયુક્ત પત્ર લખીને ઈમરાન ખાન સાથે માનવીય વ્યવહાર કરવા અને તાત્કાલિક યોગ્ય તબીબી સારવાર પૂરી પાડવા ભારપૂર્વક અપીલ કરી છે.



આ પત્ર 23 ઓગસ્ટના રોજ મોકલવામાં આવ્યો છે. 73 વર્ષીય ઈમરાન ખાન છેલ્લા 3 કરતાં વધુ વર્ષથી જેલમાં બંધ છે. અગાઉ 6 મહિના પહેલાં ફેબ્રુઆરીમાં પણ 14 પૂર્વ કેપ્ટનોએ પાકિસ્તાન સરકારને પત્ર લખ્યો હતો. હવે વધુ 7 ભૂતપૂર્વ સુકાનીઓ આ પહેલમાં જોડાતાં પત્ર લખનારા કેપ્ટનોની કુલ સંખ્યા 21 થઈ ગઈ છે.

પૂર્વ ક્રિકેટરોએ પત્રમાં સ્પષ્ટતા કરી છે કે તેઓ કોઈ રાજકીય પક્ષ કે પાકિસ્તાનની આંતરિક કાનૂની પ્રક્રિયામાં દખલગીરી કરવા માગતા નથી, પરંતુ રમતગમતના સાથીદાર તરીકે માનવીય ધોરણે આ અપીલ કરી રહ્યા છે. તાજેતરમાં પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે ઈમરાન ખાનને હોસ્પિટલમાં શિફ્ટ કરવાનો આદેશ આપ્યો હતો, જેમાં તેમના અંગત તબીબો અને તેમની બહેન ડૉ. ઉઝમા ખાનને સામેલ કરી એક ખાસ મેડિકલ બોર્ડ દ્વારા તપાસ કરવાનો સ્પષ્ટ નિર્દેશ હતો.

જોકે, ઈમરાન ખાનને હોસ્પિટલમાં માત્ર ગણતરીના કલાકો જ રાખવામાં આવ્યા હતા અને કોર્ટ દ્વારા નિર્ધારિત સ્વતંત્ર બોર્ડના બદલે સરકારી તબીબો દ્વારા તપાસ કરાવી તેમને 'તબીબી રીતે ફિટ' જાહેર કરી અદિયાલા જેલમાં પરત ધકેલી દેવાયા હતા. ઈમરાન ખાનના પરિવારે આક્ષેપ કર્યો છે કે જેલમાં યોગ્ય સારવાર ન મળવાને કારણે તેમની જમણી આંખની દૃષ્ટિ લગભગ જતી રહી છે, જેના પગલે સમગ્ર ક્રિકેટ જગત સ્તબ્ધ થઈ ગયું છે.

સંપૂર્ણ અને સ્વતંત્ર તબીબી તપાસ: સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ઈમરાન ખાનના અંગત તબીબોનો સમાવેશ ધરાવતા મેડિકલ બોર્ડને તેમની તબિયતની– ખાસ કરીને તેમની જમણી આંખની કથળેલી દૃષ્ટિ અંગેની સંપૂર્ણ અને સ્વતંત્ર તપાસ કરવા દેવામાં આવે.

પરિવાર સાથે મુલાકાત પુન:સ્થાપિત કરવી: સુપ્રીમ કોર્ટે મંજૂર કરેલી સાપ્તાહિક પારિવારિક મુલાકાતોમાં કોઈપણ પ્રકારનો વહીવટી અવરોધ કે અડચણ ઊભી કર્યા વિના તેનું સંપૂર્ણ પાલન કરવામાં આવે.

ભલામણ મુજબ તાત્કાલિક સારવાર: સ્વતંત્ર મેડિકલ બોર્ડ દ્વારા તપાસ બાદ જે પણ સારવારની ભલામણ કરવામાં આવે, તે સારવાર કોઈપણ જાતના વિલંબ વિના ઈમરાન ખાનને તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે.

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સુકાની ગ્રેગ ચેપલની પહેલથી શરૂ થયેલી આ અપીલ પર સહી કરનારાઓમાં ભારતમાંથી 1983ના વર્લ્ડ કપ વિજેતા સુકાની કપિલ દેવ, સુનીલ ગાવસ્કર અને દિલીપ વેંગસરકર સામેલ છે. આ ઉપરાંત અન્ય વિદેશી દિગ્ગજોમાં માઈકલ એથર્ટન, એલેક્સ બ્લેકવેલ, એલન બોર્ડર, માઈકલ બ્રિયરલી, ઈયાન ચેપલ, ગ્રેગ ચેપલ, બેલિન્ડા ક્લાર્ક, સર એલિસ્ટર કૂક, લી જર્મન, એડમ ગિલક્રિસ્ટ, ડેવિડ ગોવર, કિમ હ્યુજીસ, નાસીર હુસૈન, સર ક્લાઈવ લોઈડ, અર્જુના રણતુંગા, સર એન્ડ્ર્યુ સ્ટ્રોસ, સ્ટીવ વો અને જ્હોન રાઈટ જેવા 21 દિગ્ગજ સુકાનીઓનો સમાવેશ થાય છે.

# પંતે ધોનીનો મહારેકોર્ડ તોડ્યો, વિદેશમાં રચ્યો ઈતિહાસ, દિગ્ગજોની ખાસ ક્લબમાં એન્ટ્રી...

**કોલંબો, તા.24**

ભારત અને શ્રીલંકા વચ્ચે કોલંબોના સિંહલી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહેલી ટેસ્ટ સિરિઝની બીજી મેચમાં ઋષભ પંતે ઈતિહાસ રચ્યો છે. પંતે વિદેશી ધરતી પર ટેસ્ટ ક્રિકેટમાં વિકેટકીપર તરીકે સૌથી વધુ રન બનાવનારા ભારતીય બેટ્સમેનોની યાદીમાં મહેન્દ્ર સિંહ ધોનીને પાછળ છોડી દીધો છે. પંતના નામે હવે વિદેશી અને ન્યૂટ્રલ વેન્યૂ પર રમાયેલી ટેસ્ટ મેચોમાં 2501 રન નોંધાઈ ગયા છે, જ્યારે એમએસ ધોનીએ 2496 રન બનાવ્યા હતા.

આ યાદીમાં ત્રીજા સ્થાન પર ફરોખ એન્જિનિયર (1209 રન), ચોથા સ્થાન પર સૈયદ કિરમાની (1109 રન) અને પાંચમા સ્થાન પર કિરણ મોરે (901 રન) છે. ખાસ વાત એ છે કે પંતે આ સિદ્ધિ 41.68ની એવરેજથી હાંસલ કરી છે, જે આ યાદીમાં સામેલ તમામ ભારતીય વિકેટકીપરોમાં સૌથી શ્રેષ્ઠ છે.





રવિવારે કોલંબોમાં શ્રીલંકા સામેની બીજી ટેસ્ટના પ્રથમ દિવસે ડાબા હાથ પર ઈજા પહોંચ્યા બાદ પંત 'રિટાયર્ડ હર્ટ' થઈ ગયો હતો. આ ઘટના ત્રીજા સેશન દરમિયાન બની જ્યારે શ્રીલંકાના ફાસ્ટ બોલર લાહિરુ કુમારાએ પંતને શોર્ટ બોલ ફેંક્યો હતો. ભારતીય બેટ્સમેને બોલને 'બિહાઈન્ડ સ્ક્વેર' રમવાનો પ્રયાસ કર્યો પરંતુ ચૂક થઈ ગઈ અને બોલ તેના ડાબા હાથ પર વાગ્યો હતો. ઈજા પહોંચ્યા બાદ પંતને થતો દુ:ખાવો સ્પષ્ટપણે જોઈ શકાતો હતો. ભારતીય ટીમના ફિઝિયોથેરાપિસ્ટે તાત્કાલિક તેની સારવાર કરી હતી. શરૂઆતમાં તેના હાથ પર આઈસ પેક લગાવવામાં આવ્યો અને ત્યારબાદ પાટો બાંધવામાં આવ્યો હતો, પરંતુ પંતને અસ્વસ્થતા અનુભવાતા બાદમાં ટેપ હટાવી દેવાઈ હતી.

15 બોલ પર ત્રણ રન બનાવ્યા બાદ પંત ભારતની ઈનિંગ્સની 58મી ઓવરમાં ફિઝિયોથેરાપિસ્ટ સાથે મેદાનની બહાર જતો રહ્યો. જોકે, બીજા દિવસે જ્યારે અસિથા ફર્નાન્ડોએ સારાંશ જૈનને છ રન પર આઉટ કરીને શ્રીલંકાને છઠ્ઠી વિકેટ અપાવી, ત્યારે પંત બેટિંગ કરવા માટે મેદાન પર ઉતર્યો હતો.

પંતે ધ્રુવ જુરેલ સાથે મળીને ઈનિંગ્સને સંભાળી અને ટીમને એક સારા સ્કોર તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. શ્રીલંકાના ઝડપી બોલરોએ શોર્ટ-પિચ બોલના મારાથી પંતની પરીક્ષા લીધી હતી અને ડ્રિંક્સ બ્રેક પહેલાં બેટ્સમેનના ખભા પર પણ કેટલાક બોલ વાગ્યા હતા. તેમ છતાં, પંતે મક્કમતા દર્શાવી અને જુરેલે પણ સારો સાથ આપ્યો હતો; બંનેએ એક જરૂરી પાર્ટનરશિપ કરીને ભારતની ઈનિંગ્સને સંભાળી અને ડ્રિંક્સ બ્રેક સુધી 47 રન જોડ્યા હતા.

# મેદાનમાં ઝઘડો ભારે પડ્યો, ICC એ જયસ્વાલ અને શ્રીલંકન ખેલાડીને ફટકાર્યો મોટો દંડ

**કોલંબો, તા.24**

કોલંબો ખાતે રમાઈ રહેલી ભારત અને શ્રીલંકા વચ્ચેની બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે મેદાન પર જ ગંભીર વિવાદ સામે આવ્યો હતો. ભારતીય ટીમના યુવા ઓપનર બેટર યશસ્વી જયસ્વાલ અને શ્રીલંકાના તેજ બોલર અસિથા ફર્નાન્ડો વચ્ચે મેદાનની અંદર જ ઉગ્ર બોલાચાલી અને તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. આ સમગ્ર ઘટના ભારતીય ઈનિંગ્સની 17મી ઓવરમાં બની હતી, જ્યારે અસિથા ફર્નાન્ડોએ યશસ્વી જયસ્વાલને આઉટ કર્યો હતો. આઉટ થયા બાZદ પવેલિયન તરફ પરત ફરી રહેલા જયસ્વાલે ફર્નાન્ડો તરફ જઈને કંઈક કહ્યું હતું.




તેના જવાબમાં આક્રમકતા બતાવતા ફર્નાન્ડોએ પોતાનું માથું જયસ્વાલ તરફ આગળ કર્યું હતું, અને સામે જયસ્વાલે પણ પાછળ હટ્યા વિના માથું આગળ ધર્યું હતું. આ દરમિયાન બંનેના માથા એકબીજા સાથે અથડાયા હતા, જે ક્રિકેટના આચારસંહિતા નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે. રમતના નિયમો અને રમતભાવના વિરૂદ્ધ આ વર્તનને ગંભીરતાથી લેતાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ તાત્કાલિક એક્શન લીધા છે.

# 'કોઈ હદ વટાવશે તો...', શ્રીલંકન બોલર સાથેના ઝઘડા મુદ્દે યશસ્વી જયસ્વાલે મૌન તોડ્યું

**નવી દિલ્હી, તા.24**

ભારત અને શ્રીલંકા વચ્ચે કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબ (SSC) ખાતે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતીય યુવા ઓપનર યશસ્વી જયસ્વાલ અને શ્રીલંકાના ફાસ્ટ બોલર અસિથા ફર્નાન્ડો વચ્ચે મેદાન પર થયેલી ઉગ્ર બોલાચાલી અને શારીરિક ટક્કરનો મામલો હવે જોર પકડી રહ્યો છે. જાણીતા ક્રિકેટ કોમેન્ટેટર હર્ષા ભોગલે દ્વારા કરવામાં આવેલી ટીકા બાદ યશસ્વી જયસ્વાલે સોશિયલ મીડિયા પર જાતે સામે આવીને ખુલાસો કર્યો છે અને ટીકાકારોને જડબાતોડ જવાબ આપ્યો છે. કોલંબો ટેસ્ટના પ્રથમ દિવસે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી યશસ્વી જયસ્વાલ 45 રન બનાવીને ક્રિઝ પર રમી રહ્યો હતો.



આ દરમિયાન શ્રીલંકાના ફાસ્ટ બોલર અસિથા ફર્નાન્ડોની એક ઓવરમાં જયસ્વાલે સતત 3 ચોગ્ગા ફટકારી દબાણ બનાવ્યું હતું. જોકે, એ જ ઓવરમાં ફર્નાન્ડોએ જયસ્વાલને બોલ્ડ કરીને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો.

આઉટ કર્યા બાદ ફર્નાન્ડોએ અતિશય આક્રમક અંદાજમાં જશ્ન મનાવીને પેવેલિયન તરફ જઈ રહેલા જયસ્વાલ તરફ જોઈને સેન્ડ-ઓફ આપતાં કેટલીક ટિપ્પણી કરી હતી. આ ટિપ્પણી સાંભળીને જયસ્વાલ ગુસ્સે ભરાઈને પાછો વળ્યો હતો અને બંને ખેલાડીઓ વચ્ચે જોરદાર બોલાચાલી થઈ હતી. વાત આટલેથી જ ન અટકી, બંને ખેલાડીઓ વચ્ચે શારીરિક ટક્કર પણ થઈ ગઈ હતી, જેમાં જયસ્વાલના હેલ્મેટનો ભાગ ફર્નાન્ડોના માથા સાથે અથડાયો હતો. મામલો ગંભીર બનતો જોઈ શ્રીલંકાના કેપ્ટન ધનંજય ડી સિલ્વા અને અમ્પાયર્સે તાત્કાલિક વચ્ચે પડીને બંનેને અલગ કર્યા હતા.

આ ઘટના બાદ એક સ્પોર્ટ્સ પ્લેટફોર્મ પર વિશ્લેષણ કરતી વખતે જાણીતા કોમેન્ટેટર હર્ષા ભોગલેએ જયસ્વાલના આ વલણ સામે નારાજગી દર્શાવી હતી. ભોગલેએ જણાવ્યું હતું કે, ભલે બોલરે ઉશ્કેરણીજનક વર્તન કર્યું હોય, પરંતુ આઉટ થયા બાદ જયસ્વાલે શાંતિથી પેવેલિયન તરફ ચાલ્યા જવું જોઈતું હતું અને બોલરની સામે બાખડવા જવાની જરૂર નહોતી. આ વિશે એક વીડિયો પણ પોસ્ટ કરવામાં આવ્યો છે જેમાં 'Did Jaiswal cross the line?' (શું જયસ્વાલે મર્યાદા ઓળંગી?) લખવામાં આવ્યું છે. પોતાના પર ઉઠેલા સવાલો અને ટીકાઓ બાદ યશસ્વી જયસ્વાલે પોતે ઈન્સ્ટાગ્રામ પોસ્ટના કોમેન્ટ સેક્શનમાં આવીને હર્ષા ભોગલે સહિતના તમામ ટીકાકારોને સીધો જવાબ આપ્યો હતો. જયસ્વાલે લખ્યું: 'જો તમને ખબર ન હોય કે તેણે (ફર્નાન્ડોએ) શું કહ્યું હતું, તો કૃપા કરીને પોતાનો નિર્ણય ન સંભળાવો. જો કોઈ હદ પાર કરશે, તો આપણે તેને જણાવવું પડશે.

# 'આ મેચ ફિક્સિંગ છે...', રિયાલિટી શૉ અંગે શુભમન ગિલની બહેનના ખુલાસાએ સનસનાટી મચાવી.....

**મુંબઈ, તા.24**

રિયાલિટી શૉ 'ધ ટ્રેટર્સ' (The Traitors)ની બીજી સીઝન શરૂ થતાંની સાથે જ મોટા વિવાદમાં સપડાઈ છે. ભારતીય ક્રિકેટર શુભમન ગિલની બહેન અને શૉની સ્પર્ધક શહનીલ ગિલે ગેમ દરમિયાન અંદરની ગુપ્ત માહિતી લીક કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. શહનીલે આ સમગ્ર મામલાને 'મેચ ફિક્સિંગ' જેવો ગણાવતા અન્ય સ્પર્ધક પારુલ ગુલાટીની વારંવાર સાચી પડતી 'ગટ ફીલિંગ' પર સવાલો ઊભા કર્યા છે.



શહનીલ ગિલે એક ઈન્સ્ટાગ્રામ વીડિયો શેર કરીને દાવો કર્યો હતો કે, 'શૉમાં પારુલ ગુલાટીને દરરોજ સવારે અચાનક 'ગટ ફીલિંગ' આવતી હતી કે કયો ખેલાડી 'ટ્રેટર' (ધોકેબાજ) છે અને દર વખતે તેનો અંદાજ સાચો પડતો હતો. શરૂઆતમાં બધા સ્પર્ધકોને લાગ્યું કે પારુલ પાસે કોઈ કમાલની સિક્સ્થ સેન્સ છે, પરંતુ બાદમાં જાણવા મળ્યું કે આ ગટ ફીલિંગ પાછળ બહારથી મળતી ગુપ્ત માહિતીનો એક સ્ત્રોત કામ કરી રહ્યો હતો.'

શહનીલે શૉના પ્રોડક્શન સિસ્ટમ અંગે ખુલાસો કરતા જણાવ્યું કે, 'શૂટિંગ દરમિયાન દરેક સ્પર્ધકનું ધ્યાન રાખવા માટે પ્રોડક્શન તરફથી એક વ્યક્તિ એટલે કે 'શેડો' આપવામાં આવે છે. આ શેડો સવારથી રાત સુધી સ્પર્ધકની તમામ જરૂરિયાતો પૂરી કરે છે. એક ઈનોસન્ટ સ્પર્ધકના શેડોને કથિત રીતે પૈસા આપવામાં આવ્યા હતા અને તેના દ્વારા જ શૉના અંદરના ગુપ્ત સમાચાર તે સ્પર્ધક સુધી પહોંચાડવામાં આવી રહ્યા હતા.'

શહનીલે કટાક્ષ કરતા કહ્યું હતું કે, 'વિચારો, તમે 'ધ ટ્રેટર્સ' શૉમાં જાઓ અને ત્યાં માત્ર 'ટ્રેટર્સ' જ એકમાત્ર ઈમાનદારીથી ગેમ રમી રહ્યા હોય. જો કોઈ ખેલાડીને બહારથી અંદરની માહિતી મળી રહી હોય, તો તે એવા નિર્દોષ ખેલાડીઓ સાથે મોટો અન્યાય છે જેઓ પોતાના અંદાજ, વિચાર અને રણનીતિના આધારે નિયમો મુજબ રમી રહ્યા હતા.'

મનોરંજન જગતના જાણીતા હોસ્ટ કરણ જોહર દ્વારા હોસ્ટ કરવામાં આવતા આ શૉમાં સ્પર્ધકોને બે જૂથો- નિર્દોષ અને ટ્રેટર્સ (ધોકેબાજ)માં વહેંચવામાં આવે છે. નિર્દોષનું કામ પોતાના સમૂહમાં છુપાયેલા ટ્રેટર્સને ઓળખીને બહાર કરવાનું હોય છે, જ્યારે ટ્રેટર્સ પોતાની ઓળખ છુપાવીને ઈનોસન્ટ્સને ગેમમાંથી બહાર કરે છે. આ ફોર્મેટમાં ખેલાડીઓની રણનીતિ અને વર્તન વાંચવાની ક્ષમતા મહત્ત્વની હોય છે, તેથી જો માહિતી લીક કરવાનો આ આરોપ સાચો સાબિત થાય તો શૉની નિષ્પક્ષતા પર મોટા સવાલો ઊભા થઈ શકે છે.

# સિદ્ધાર્થની ધી વનમાં રી શૂટિંગ છતાં સપ્ટે.માં રીલિઝ નક્કી......






**મુંબઈ, તા.24**

સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની ફિલ્મ 'ધી વન' આગામી પચ્ચીસમી સપ્ટેમ્બરે જ રજૂ થવાની છે તેવું કન્ફર્મ કરાયું છે. ફિલ્મમાં રિ-શૂટ, રિ-એડિટિંગ અને નિર્દેશન ટીમમાં ફેરફારના અહેવાલને કારણે તેની રિલીઝ બાબતે સવાલ ઉઠી રહ્યા હતા. જો કે એકતા કપૂર અને બાલાજી મોશન પિક્ચર્સે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા રીલિઝ તારીખની પુષ્ટી કરી છે. અગાઉ ચર્ચા હતી કે ફિલ્મમાં અનેક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યા છે અને તેના માટે કેટલાક હિસ્સાનું ફરીથી શૂટિંગ તેમજ એડિટિંગ કરવું પડયું છે. 'પરમેનન્ટ રૂમમેટ્સ' અને 'પંચાયત' જેવી ચર્ચિત સીરીઝના નિર્દેશક દીપક મિશ્રા અને તેની ટીમને કથિત રીત આ ફિલ્મ પ્રોજેક્ટમાંથી હટાવી દેવામાં આવ્યા છે.

ફિલ્મના નવા એડિટિંગ કાર્યની જવાબદારી નીરજ કોઠારી અને સાહિર રઝા સંભાળી રહ્યા છે. તેમજ સિદ્ધાર્થ મલ્હોત્રાએ ફિલ્મના ક્લાઈમેક્સ અને એક્શન દ્રશ્યોના શૂટિંગ માટે પોતાના વ્યસ્ત કાર્યક્રમથી અતિરિક્ત ૧૭ દિવસ ફાળવ્યા છે. ફેરફારો થયા હોવા છતાં સર્જકોએ ફિલ્મને નિર્ધારીત તારીખે જ રજૂ કરવાની ખાતરી આપી છે.

# સારા અર્જુને મધુબાલાનો રોલ ભજવવા તૈયારી શરૂ કરી





**મુંબઈ, તા.24**

સંજય લીલા ભણસાલી પોતાની હાલની ફિલ્મ'લવ એન્ડ વોર' પૂરી થયા પછી લોકપ્રિય અભિનેત્રી મધુબાલા પર એક બાયોપિકની તૈયારી કરી રહ્યા છે. 'ડાર્લિંગ્સ'ની દિગ્દર્શક જસમીત કે. રીન આ પ્રોજેક્ટનું દિગ્દર્શન કરશે અને 'ધુરંધર'ની અભિનેત્રી સારા અર્જુન આ આઈકોનિક સ્ટારનો રોલ નિભાવવાની તૈયારી કરી રહી છે, જે તેની કારકિર્દીમાં એક મોટુ સીમાચિહ્ન સાબિત થશે. ફિલ્મનું શૂટ સપ્ટેમ્બરમાં મુંબઈના ગોરેગાંવમાં શરૂ થવાની સંભાવના છે. આ એ જ સ્થળ છે જ્યાં હાલ 'લવ એન્ડ વોર'નું પણ શૂટ થઈ રહ્યું છે. ઓગસ્ટમાં તેનું શૂટ પૂર્ણ થયા પછી પ્રોડક્શન ડિઝાઈન ટીમ બાયોપિક માટે સેટ તૈયાર કરશે. અહેવાલ મુજબ સારાએ આ મુશ્કેલ રોલ માટે તૈયારી પણ શરૂ કરી દીધી છે. જસમીત મધુબાલાના વર્તન, વ્યક્તિત્વ અને તેના સમયને વાસ્તવિક રીતે દેખાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સ્ક્રીનપ્લે અને સપોર્ટિંગ કાસ્ટ વિશે હાલ કોઈ જાણકારી જાહેર નથી કરાઈ.

૩૬ વર્ષની વયે અવસાન પામેલી મધુબાલાને 'મુગલ-એ-આઝમ', 'મહલ' અને 'ચલતી કા નામ ગાડી' જેવી ક્લાસીક ફિલ્મો માટે આજે પણ યાદ કરવામાં આવે છે અને હિન્દી સિનેમાની સૌથી સુંદર હિરોઈનોમાંની એક માનવામાં આવે છે.

# મલયાલમમાં દ્રશ્યમ ફોરની જાહેરાત પણ થઈ ગઈ

**મુંબઈ, તા.24**

અજય દેવગણની હિન્દી 'દ્રશ્યમ થ્રી' હજુ રીલિઝ થવાની બાકી છે ત્યાં મલયાલમમાં 'દ્રશ્યમ ફોર'ની પણ જાહેરાત કરી દેવામાં આવી છે. નિર્માતા એન્ટની પેરુમબાવૂરે આ બાબતની પુષ્ટી કરી છે. મઝાવીલ એવોર્ડ્સ ખાતે બોલતા તેમણે આ માહિતી આપી હતી. ગત ૨૧ મેના રજૂ થયેલી મલયાલમ ' દ્રશ્યમ ૩' બ્લોકબસ્ટર બનીને થોડા દિવસોમાં જ સો કરોડનો આંક વટાવી દેતા આ જાહેરાત કરવામાં આવી છે.



ફ્રેન્ચાઈસીના કેન્દ્રમાં રહેલા પરિવારના સભ્ય તરીકે મોહનલાલે જ્યોર્જકુટ્ટીનું પાત્ર ભજવ્યું હતું જ્યારે મૂળ ફિલ્મનું દિગ્દર્શન જીથુ જોસફે કર્યું હતું. 'દ્રશ્યમ ૩'ને દર્શકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો હોવા છતાં તેની કમર્શિયલ સફળતાએ ફ્રેન્ચાઈસીને મજબૂત કરી છે. આ સીરીઝને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ લોકપ્રિયતા હાંસલ થઈ છે અને ચીની તેમજ કોરિયન સહિત અનેક ભાષામાં તેની રિમેક બની છે. જીથુ જોસફે જણાવ્યું કે પેરુમ્બાવૂરે તેને ચોથા ભાગ માટે પ્રોત્સાહન આપ્યું છે પરંતુ પોતે આ માટે ઉતાવળ નહીં કરે.

# સેન્સેક્સમાં 200 અંકથી વધુનો ઉછાળો: 77,750 પર ટ્રેડિંગ, નિફ્ટી પણ 50 અંક વધ્યો, બેંકિંગ અને IT શેરોમાં વધુ ખરીદી



મુંબઈ, તા.24

આજના કારોબારી દિવસે ભારતીય શેરબજારમાં રોકાણકારોનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળી રહ્યો છે અને સવારથી જ ચોમેર ખરીદીનો માહોલ બન્યો છે. દેશના બે મુખ્ય શેરબજારો સેન્સેક્સ અને નિફ્ટી બંને મજબૂત વધારા સાથે કારોબાર કરી રહ્યા છે. સેન્સેક્સ 200 પોઈન્ટથી પણ વધુના શાનદાર ઉછાળા સાથે 77,750ના અત્યંત મહત્વપૂર્ણ અને માનસિક સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક નિફ્ટી પણ 50 પોઈન્ટથી વધુ વધીને 24,300ના સ્તર પર મજબૂતી સાથે પોતાની પકડ જાળવી રાખવામાં સફળ રહ્યો છે. આજના આ સકારાત્મક માહોલમાં ખાસ કરીને બેન્કિંગ ક્ષેત્ર અને આઈટી (ઈન્ફોર્મેશન ટેકનોલોજી) સેક્ટરના શેરોમાં ભારે લેવાલી જોવા મળી રહી છે. રોકાણકારો મોટા પાયે આ ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરી રહ્યા છે, જેના કારણે એકંદર બજારની તેજીને ખૂબ મોટો સપોર્ટ મળ્યો છે.

ગૌણ બજારની સાથે સાથે આજથી પ્રાથમિક બજાર એટલે કે IPO માર્કેટમાં પણ ભારે ધમધમાટ અને રોનક જોવા મળી રહી છે. આજથી 3 નવી અને અગ્રણી કંપનીઓના IPO રોકાણકારો માટે વિધિવત રીતે ખુલી રહ્યા છે.

સૌથી પહેલા સિમ્બાયોટેક ફાર્માલેબ પોતાના આ પબ્લિક ઈશ્યૂ દ્વારા બજારમાંથી 1,757 કરોડ રૂપિયાનું માતબર ફંડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. બીજી કંપની હાઈ-ટેક એન્જિનિયર્સ છે, જે બજારમાંથી 135.73 કરોડ રૂપિયાનું ફંડ એકત્ર કરવા માગે છે. જ્યારે ત્રીજી કંપની સ્કાયવેઝ એર સર્વિસિસ પોતાના IPO દ્વારા 582.80 રૂપિયાનું મૂડીરોકાણ મેળવવાના હેતુથી બજારમાં ઉતરી છે. પ્રાથમિક બજારમાં રોકાણ કરવા ઈચ્છતા તમામ નાના અને મોટા રોકાણકારો આ ત્રણેય કંપનીઓના IPOમાં 26 ઓગસ્ટ સુધી પોતાની બોલી લગાવી શકશે.

આ ત્રણેય IPO સંબંધિત મહત્વપૂર્ણ સમયરેખા અને તારીખો પર નજર કરીએ તો: 24 ઓગસ્ટના રોજ આ IPO ઓપનિંગ થઈ રહ્યા છે અને રોકાણકારો 27 ઓગસ્ટ સુધી તેમાં અરજી કરી શકશે. 27 ઓગસ્ટે IPO બંધ થયા બાદ, કંપનીઓ દ્વારા 28 ઓગસ્ટના રોજ સફળ અરજદારોને શેરની ફાળવણી કરવામાં આવશે. જે રોકાણકારોને શેર ફાળવવામાં નહીં આવે, તેમની બ્લોક થયેલી રકમનું રિફંડ અને સફળ રોકાણકારોના ડીમેટ એકાઉન્ટમાં શેર ક્રેડિટ કરવાની તમામ પ્રક્રિયાઓ 31 ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે. આ પ્રક્રિયા પૂરી થયા બાદ, 1 સપ્ટેમ્બરના રોજ આ ત્રણેય શેરોનું સ્ટોક એક્સચેન્જ પર સત્તાવાર લિસ્ટિંગ થશે.

એક તરફ ભારતીય બજારમાં તેજીનું મોજું છે, તો બીજી તરફ આજના દિવસે મોટાભાગના એશિયન બજારોમાં દબાણ અને ઘટાડાની ચાલ જોવા મળી રહી છે. સાઉથ કોરિયાનો અગ્રણી કોસ્પી ઈન્ડેક્સ 199 પોઈન્ટ એટલે કે 2.67 ટકાના મોટા અને તીવ્ર ઘટાડા સાથે 6737ના સ્તરે પહોંચી ગયો છે. જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ પણ 48 પોઈન્ટ એટલે કે 0.07 ટકાના નજીવા ઘટાડા સાથે 65969 પર કારોબાર કરી રહ્યો છે. આ સિવાય હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ પ્રોફિટ બુકિંગના કારણે 549 પોઈન્ટ એટલે કે 2.11 ટકા ઘટીને 25461ના સ્તરે આવી ગયો છે.

એશિયન બજારો પહેલાં, 21 ઓગસ્ટના રોજ અમેરિકી શેરબજારોમાં પણ ભારે વેચવાલીના કારણે નકારાત્મક વાતાવરણ સર્જાયું હતું અને ઘટાડો ર્યો હતો. મુખ્ય અમેરિકી સૂચકાંક ડાઉ જોન્સ 518 પોઈન્ટ એટલે કે 0.98 ટકા ઘટીને 53277ના સ્તરે બંધ થયો હતો. આ ઉપરાંત, ટેકનોલોજી સેક્ટરની કંપનીઓ ધરાવતો નાસ્ડેક ઈન્ડેક્સ 113 પોઈન્ટ એટલે કે 0.43 ટકા ઘટીને 26180 ના મથાળે બંધ રહ્યો હતો, જ્યારે S&P 500 ઈન્ડેક્સ પણ 33 પોઈન્ટ એટલે કે 0.43 ટકાના કડાકા સાથે 7674ના સ્તરે આવીને અટક્યો હતો.

વૈશ્વિક સ્તરે અમેરિકી અને એશિયન બજારોમાં જોવા મળતી આ સુસ્તી અને દબાણ છતાં, ભારતીય બજાર પોતાની મજબૂતી જાળવી શક્યું છે. આની પાછળનું મુખ્ય કારણ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) તરફથી મળી રહેલો મજબૂત ટેકો છે. આંકડાઓ દર્શાવે છે કે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ છેલ્લા 7 કારોબારી દિવસોમાં કુલ 12,215 કરોડ રૂપિયાના શેરની ભારે ખરીદી કરી છે, જેમાં લેટેસ્ટ આંકડા મુજબ જ 2,124 કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી સામેલ છે. જો છેલ્લા 30 દિવસના ગાળાની વાત કરીએ તો, DII દ્વારા ભારતીય બજારમાં 39,757 કરોડ રૂપિયાનું ભવ્ય અને વિપુલ રોકાણ કરવામાં આવ્યું છે. બીજી તરફ, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) ની ગતિવિધિઓ પર નજર કરીએ તો, લેટેસ્ટ ટ્રેડિંગ આંકડામાં 543 કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી જોવા મળી છે.

# 'ધનિક થવું હોય તો સોનું-ચાંદી ખરીદો, ડૉલરના ચક્કરમાં ના ફસાતા...', રોબર્ટ કિયોસાકીની સલાહ



નવી દિલ્હી, તા.24

વિશ્વભરમાં નાણાકીય જગતમાં પોતાની આગવી ઓળખ ધરાવતા અને 'રિચ ડેડ પૂર ડેડ' પુસ્તકના જાણીતા લેખક રોબર્ટ કિયોસાકી સોશિયલ મીડિયા પર ખુબ જ સક્રિય રહે છે અને અવારનવાર નાણાકીય બાબતો અંગે અત્યંત રસપ્રદ અને આંખ ઉઘાડનારી પોસ્ટ શેર કરતા હોય છે. તેઓ વારંવાર અમેરિકન ડૉલરને 'નકલી કરન્સી' કે માત્ર કાગળનો ટુકડો ગણાવે છે અને લોકોને સોનું, ચાંદી તથા બિટકોઈન જેવા મજબૂત ડિજિટલ અને ભૌતિક સંપત્તિના વિકલ્પોમાં રોકાણ કરીને અમીર બનવાની અને પોતાની મૂડી સુરક્ષિત કરવાની સલાહ આપે છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉનું ટ્વિટર) પર તેમની એક નવી પોસ્ટ ખુબ જ વાઈરલ થઈ રહી છે, જેમાં તેમણે દુનિયાભરના રોકાણકારોને એક મોટો અને ગંભીર ઍલર્ટ આપતા સ્પષ્ટ કર્યું છે કે વર્તમાન આર્થિક સ્થિતિમાં કેવા લોકો ગરીબ થઈ રહ્યા છે અને કેવા લોકો વધુને વધુ અમીર બની રહ્યા છે. રોબર્ટ કિયોસાકીએ પોતાની આ નવી વાઈરલ પોસ્ટમાં ફરી એકવાર અમેરિકન ડૉલર અને યુએસ નીતિઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે લખ્યું છે કે, 'US ટ્રેઝરી દ્વારા ક્વાન્ટિટેટિવ ઈઝિંગ (QE) એટલે કે મનફાવે તેમ વધુ નકલી ડૉલર છાપવાના એક નવા રાઉન્ડની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જ્યારે પણ બજારમાં ડૉલરનો પુરવઠો કૃત્રિમ રીતે વધારવામાં આવે છે અને DXY (ડૉલરની ખરીદશક્તિ દર્શાવતો ઈન્ડેક્સ) ઘટે છે, ત્યારે ફુગાવો અને મોંઘવારી અતિશય ઝડપથી વધવા લાગે છે. તેનો સીધો અને સ્પષ્ટ અર્થ એ જ થાય છે કે જે લોકો કાગળના નકલી ડૉલર કે કરન્સી બચાવીને પોતાની પાસે રાખે છે, તેમને ભવિષ્યમાં સૌથી મોટું નાણાકીય નુકસાન વેઠવાનો વારો આવે છે.' તેમણે દુનિયાભરના સામાન્ય રોકાણકારોને અપીલ કરી છે કે આવી મોટી નાણાકીય ભૂલ કરીને પોતાનું નુકસાન કરાવનારા ન બનો. પોતાની આ પોસ્ટને વધુ વિગતવાર સમજાવતા તેમણે લખ્યું કે, 'જો તમને લાગતું હોય કે ફાઈનાન્સિયલ એજ્યુકેશન કે નાણાકીય શિક્ષણ મેળવવું ખુબ મોંઘું છે, તો નાણાકીય જ્ઞાન ન હોવાની કિંમત તમારે ભવિષ્યમાં આના કરતાં પણ કેટલીય ગણી વધારે ચૂકવવી પડે છે તે સમજી લેવું જોઈએ. આજના સમયની વાસ્તવિકતા એ છે કે ચતુર અને સમજદાર રોકાણકારો હંમેશાં એવી વાસ્તવિક અને મજબૂત એસેટ્સમાં જ પોતાનું નાણું રોકે છે જેમના ભાવ સમય જતાં સતત વધતા રહે છે-જેમ કે સોનું, ચાંદી, બિટકોઈન અને રિયલ એસ્ટેટ. આવી ટકાઉ એસેટ્સ ખરીદીને તેઓ સમય જતાં સતત વધુ ને વધુ અમીર બનતા જાય છે. બીજી તરફ, જે લોકો નાણાકીય રીતે જાગ્રત નથી અને માત્ર ડૉલર કે બેંકમાં કાગળની ચલણી નોટો બચાવી રાખવાની જૂની પદ્ધતિ પર નિર્ભર રહે છે, તેઓ ફુગાવાના કારણે ધીમે ધીમે વધુ ને વધુ ગરીબ થતા જાય છે.'

'રિચ ડેડ પૂઅર ડેડ'ના લેખકે ભારપૂર્વક કહ્યું કે દરેક વ્યક્તિએ દરરોજ કંઈક નવું શીખીને નાણાકીય રીતે વધુ સમજદાર અને સક્ષમ બનવું જોઈએ. તેઓ પોતાના જીવનનો અનુભવ શેર કરતાં જણાવે છે કે તેમના 'રિચ ડેડ' તેમને હંમેશાં એક મહત્વપૂર્ણ પાઠ શીખવતા હતા કે તમારો સૌથી મોટો ખર્ચ એ સમય કે પૈસા નથી જે તમે ફાઈનાન્સિયલ એજ્યુકેશન કે જ્ઞાન મેળવવા પર ખર્ચો છો, પરંતુ તમારો સૌથી મોટો અને નુકસાનકારક ખર્ચ એ પૈસા છે જે તમે તમારી અજ્ઞાનતા, માહિતીના અભાવ અને નાણાકીય અસમજણાના કારણે કમાઈ શકતા નથી. કિયોસાકીની આ પોસ્ટ દર વખતની જેમ સમગ્ર વિશ્વમાં સોશિયલ મીડિયા પર ખુબ ઝડપથી વાઈરલ થઈ રહી છે.

# બેંક કર્મચારીઓની 11 સપ્ટેમ્બરે હડતાળ: અઠવાડિયામાં 5 દિવસ કામને મંજૂરી મળે અને નવી PLI સ્કીમના વિરોધમાં પ્રદર્શન



નવી દિલ્હી, તા.24

દેશભરના બેંક કર્મચારીઓ અને અધિકારીઓ સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં હડતાળ પર જઈ શકે છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) એ તેમની બે મુખ્ય માંગણીઓને લઈને સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં તબક્કાવાર રીતે દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. બેંક યુનિયનોની મુખ્ય માંગ અઠવાડિયામાં 5 દિવસ કામને મંજૂરી આપવી અને સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી નવી પર્ફોર્મન્સ-લિંક્ડ ઈન્સેન્ટિવ એટલે કે PLI સ્કીમને પાછી ખેંચવી છે. જો સરકાર અને બેંક મેનેજમેન્ટે માંગણીઓ નહીં માને, તો 26 ઓક્ટોબરથી દેશભરની બેંકોમાં અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ થઈ જશે. હડતાળનું શેડ્યૂલ 3 તબક્કામાં નક્કી કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કા અંતર્ગત 11 સપ્ટેમ્બરના રોજ 1 દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ રહેશે. આ ઉપરાંત 12 સપ્ટેમ્બરના રોજ બીજો શનિવાર અને 13 સપ્ટેમ્બરના રોજ રવિવાર હોવાથી બેંકો બંધ રહેશે. બીજા તબક્કામાં 28 સપ્ટેમ્બરથી 30 સપ્ટેમ્બર સુધી સતત 3 દિવસની હડતાળ યોજાશે. ત્રીજા તબક્કામાં 26 ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરવામાં આવશે.

5-દિવસીય બેંકિંગ પર 2 વર્ષથી મંજૂરી અટકેલી છે. UFBU નું કહેવું છે કે 8 માર્ચ 2024 ના રોજ ઈન્ડિયન બેંક્સ એસોસિએશન એટલે કે IBA સાથે 12મા દ્વિપક્ષીય કરાર અને 9મી સંયુક્ત નોંધ પર હસ્તાક્ષર થયા હતા. તેમાં 5-દિવસીય બેંકિંગ લાગુ કરવા પર સહમતિ બની હતી. આ અંતર્ગત કર્મચારીઓ સોમવારથી શુક્રવાર સુધી દરરોજ 40 મિનિટ વધારાનું કામ કરશે. IBA એ આ પ્રસ્તાવને મંજૂરી આપીને કેન્દ્ર સરકારને મોકલ્યો હતો, પરંતુ બે વર્ષથી વધુ સમય વીતી જવા છતાં નાણા મંત્રાલય તરફથી તેને મંજૂરી મળી નથી. વર્તમાન 5-દિવસીય બેંકિંગ પ્રસ્તાવ મુજબ અત્યારે બેંકોમાં મહિનાના બીજા અને ચોથા શનિવારે રજા હોય છે. જો નવો પ્રસ્તાવ લાગુ થશે તો દર શનિવારે રજા રહેશે અને તેના બદલે સોમવારથી શુક્રવાર સુધી કામકાજનો સમય દરરોજ 40 મિનિટ વધી જશે.

નવી PLI સ્કીમ પર વિવાદ ચાલી રહ્યો છે કારણ કે સિનિયર અધિકારીઓને ફાયદો અને નીચલા સ્ટાફ સાથે ભેદભાવ થઈ રહ્યો હોવાનો આરોપ છે. યુનિયનોએ નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ દ્વારા જારી કરાયેલી નવી PLI ગાઈડલાઈન્સનો વિરોધ કર્યો છે. યુનિયનોના આરોપ મુજબ સ્કેલ IV અને તેથી ઉપરના અધિકારીઓને વ્યક્તિગત પ્રદર્શનના આધારે 365 દિવસ સુધીના બેઝિક પે જેટલું PLI મળશે, જ્યારે વર્કમેન અને સ્કેલ I થી III ના કર્મચારીઓને મહત્તમ માત્ર 15 દિવસનો બેઝિક પે તથા DA જ મળશે. UFBU નો તર્ક છે કે PLI સંપૂર્ણપણે બેંકના એકંદર પ્રદર્શન પર આધારિત હોવું જોઈએ અને સ્કેલ VII સુધીના તમામ કર્મચારીઓને સમાન દિવસોનું ઈન્સેન્ટિવ મળવું જોઈએ. આ નવો નિયમ IBA અને યુનિયનો વચ્ચે થયેલા કરારનું ઉલ્લંઘન છે. આ મામલો દિલ્હી હાઈકોર્ટ અને શ્રમ આયુક્ત પાસે પહોંચ્યો છે. PLI સ્કીમને લઈને વિવાદ હવે મુખ્ય શ્રમ આયુક્ત સમક્ષ સમાધાન પ્રક્રિયા હેઠળ પેન્ડિંગ છે અને દિલ્હી હાઈકોર્ટમાં પણ તેને પડકારવામાં આવ્યો છે. યુનિયનોએ દ્વિપક્ષીય વાતચીત દ્વારા ઈન્સેન્ટિવ સ્કીમમાં સુધારો કરવાની માંગ કરી છે.

# સોનું ₹1,983 વધીને ₹1.63 લાખ પર પહોંચ્યું: આ મહિને ₹20 હજાર મોંઘું થયું, ચાંદી આજે ₹297 ઘટીને ₹2.46 લાખ થઈ

મુંબઈ, તા.24

સોનાની કિંમતોમાં 24 ઓગસ્ટે ભારે વધારો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,983 રૂપિયા વધીને 1.63 લાખ રૂપિયા થઈ ગયો છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે અને પ્રતિ કિલો ચાંદીની કિંમત 297 રૂપિયા ઘટીને 2.46 લાખ રૂપિયા પર આવી ગઈ છે. ઓગસ્ટ મહિનાના શરૂઆતના 24 દિવસોમાં જ સોનું અને ચાંદી બંને ખૂબ મોંઘા થયા છે, જેમાં સોનામાં 20 હજાર રૂપિયા અને ચાંદીમાં 28 હજાર રૂપિયાનો વધારો થઈ ચૂક્યો છે. કિંમતોમાં આવી સતત તેજીને જોઈને નિષ્ણાતોનું અનુમાન છે કે સોનું આ વર્ષના અંત સુધીમાં 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે.

આજના દિવસે કેરેટ મુજબ સોનાના દરની વાત કરીએ તો 24 કેરેટ સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 1,62,603 રૂપિયા છે. 22 કેરેટ સોનું પ્રતિ 10 ગ્રામ 1,48,944 રૂપિયા પર મળી રહ્યું છે. 18 કેરેટ સોનાનો ભાવ 1,21,952 રૂપિયા છે, જ્યારે 14 કેરેટ સોનું 95,123 રૂપિયા પ્રતિ 10 ગ્રામના સ્તરે પહોંચી ગયું છે.

ગુડરિટર્ન્સના 24 ઓગસ્ટ 2026ના આંકડા મુજબ દેશના વિવિધ શહેરોમાં 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમતો અલગ-અલગ જોવા મળી રહી છે. અમદાવાદ, ભોપાલ અને પટનામાં સોનાનો ભાવ 1,64,020 રૂપિયા છે. મુંબઈ, કોલકાતા અને રાયપુરમાં સોનું 1,63,970 રૂપિયામાં મળી રહ્યું છે. જ્યારે જયપુર, લખનઉ અને દિલ્હી જેવા શહેરોમાં સોનાનો ભાવ 1,64,120 રૂપિયા પર પહોંચી ગયો છે.



વર્ષ 2026ની શરૂઆતથી જ સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ રહ્યો છે. આ વર્ષે સોનું 30 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે વધીને હવે 1.63 લાખ રૂપિયા થઈ ગયો છે. તેવી જ રીતે ચાંદી પણ 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હાલ 2.46 લાખ રૂપિયા પર ટ્રેડ થઈ રહી છે. આ જ વર્ષમાં 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ ઓલ-ટાઈમ રેકોર્ડ બનાવ્યો હતો.

જો 2026માં અત્યાર સુધીના મહિનાના અંતના ભાવ પર નજર કરીએ તો: 31 ડિસેમ્બર 2025ના રોજ સોનું 1,33,195 રૂપિયા અને ચાંદી 2,30,420 રૂપિયા હતી. 31 જાન્યુઆરી 2026ના રોજ સોનું વધીને 1,65,795 રૂપિયા અને ચાંદી 3,39,350 રૂપિયા થઈ ગઈ હતી. 28 ફેબ્રુઆરી 2026ના રોજ સોનાનો ભાવ 1,50,997 રૂપિયા અને ચાંદી 2,66,700 રૂપિયા હતો. 31 માર્ચ 2026ના રોજ સોનું ઘટીને 1,46,733 રૂપિયા અને ચાંદી 2,30,135 રૂપિયા રહી હતી. 30 એપ્રિલ 2026ના રોજ સોનાનો ભાવ 1,50,263 રૂપિયા અને ચાંદી 2,40,331 રૂપિયા થયો. 31 મે 2026ના રોજ સોનું 1,56,463 રૂપિયા અને ચાંદી 2,63,350 રૂપિયા પહોંચી ગઈ. 30 જૂન 2026ના રોજ સોનું ઘટીને 1,41,286 રૂપિયા અને ચાંદી 2,25,425 રૂપિયા રહી હતી. 31 જુલાઈ 2026ના રોજ સોનાનો ભાવ 1,42,860 રૂપિયા અને ચાંદી 2,18,295 રૂપિયા નોંધાયો હતો. છેલ્લે 24 ઓગસ્ટ 2026ના રોજ સોનું 1,62,603 રૂપિયા અને ચાંદી 2,46,333 રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે.

કોટક સિક્યોરિટીઝના સિનિયર વીપી અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જીના જણાવ્યા અનુસાર, સોનાને આ સમયે સામાન્ય રોકાણકારોની સાથે વિશ્વભરની કેન્દ્રીય બેંકો જેમ કે આરબીઆઈનો પણ મજબૂત સપોર્ટ મળી રહ્યો છે, જે સતત સોનાની ખરીદી કરી રહી છે. આગળ જતાં જો સંજોગો મુશ્કેલ બનશે તો પણ સોનાની તેજી જળવાઈ રહેશે અને જો વૈશ્વિક સંજોગો સુધરશે તો ચાંદીમાં પણ સારો ઉછાળો જોવા મળી શકે છે. વર્તમાન સ્થિતિ જોતાં આ વર્ષના ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ રૂપિયા અને ચાંદી 3 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે. જો તમે આ સમયે જ્વેલર્સ પાસેથી સોનાની ખરીદી કરવા જઈ રહ્યા હોવ તો 3 બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. સૌપ્રથમ, હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદવું, જેમાં AZ4524 જેવો આલ્ફાન્યુમેરિક નંબર હોય છે જે સોનાના સાચા કેરેટની ખાતરી આપે છે. બીજું, સોનાનું વજન અને ખરીદીના દિવસનો સાચો ભાવ IBJA જેવા અધિકૃત સ્ત્રોતોથી ક્રોસ ચેક કરી લેવો કારણ કે 24, 22 અને 18 કેરેટના ભાવ અલગ હોય છે. ત્રીજું, જ્વેલર્સ દ્વારા લેવામાં આવતો મેકિંગ ચાર્જ ફિક્સ હોતો નથી.

# LIC જીવન ઉમંગ: રોજની ₹90ની બચતથી જીવનભર ₹80,000ની વાર્ષિક આવક મેળવવાનો વિકલ્પ

નવી દિલ્હી, તા.24

જો તમે સુરક્ષિત રોકાણની સાથે ભવિષ્યમાં નિયમિત આવક મેળવવાનો વિકલ્પ શોધી રહ્યા છો, તો ભારતીય જીવન વીમા નિગમ (LIC)ની 'જીવન ઉમંગ' (Plan No. 945) પોલિસી તમારા માટે એક મહત્વપૂર્ણ વિકલ્પ બની શકે છે. આ યોજના ખાસ કરીને એવા લોકો માટે ઉપયોગી બની શકે છે, જેઓ લાંબા ગાળે બચત કરીને નિવૃત્તિ પછી નિયમિત આવક મેળવવા ઈચ્છે છે. આ પોલિસીમાં જીવન વીમા કવર સાથે પ્રીમિયમ ચુકવણીનો સમયગાળો પૂર્ણ થયા બાદ સર્વાઈવલ બેનિફિટ તરીકે વાર્ષિક રકમ મેળવવાની સુવિધા આપવામાં આવે છે. જોકે, કોઈપણ પોલિસી લેતા પહેલાં તેના નિયમો, શરતો, બોનસ અને વાસ્તવિક પ્રીમિયમની ગણતરી LIC પાસેથી ચકાસવી જરૂરી છે.

LICની જીવન ઉમંગ એક નોન-લિંક્ડ, વિથ-પ્રોફિટ, હોલ લાઈફ એશ્યોરન્સ પ્લાન છે. એટલે કે આ યોજના સીધી રીતે શેરબજાર સાથે જોડાયેલી નથી અને પોલિસીધારકને લાંબા ગાળે જીવન વીમા સુરક્ષા તથા બચતનો લાભ મળે છે. આ યોજનાની ખાસિયત એ છે કે પોલિસીધારકને 100 વર્ષની વય સુધી લાઈફ કવર આપવામાં આવે છે. પસંદ કરાયેલો પ્રીમિયમ ચુકવણી સમયગાળો પૂર્ણ થયા બાદ પોલિસીધારકને નિયમિત સર્વાઈવલ બેનિફિટ મળવાનું શરૂ થાય છે, જે પોલિસીની શરતો અનુસાર લાંબા સમય સુધી ચાલુ રહી શકે છે.

જો 26 વર્ષની ઉંમરે કોઈ વ્યક્તિ આ પોલિસી શરૂ કરે અને 10 લાખનું બેઝિક સમ એશ્યોર્ડ પસંદ કરે, તો 30 વર્ષના પ્રીમિયમ ચુકવણી સમયગાળા દરમિયાન દર વર્ષે આશરે 32,800થી 33,000 જેટલું પ્રીમિયમ ચૂકવવાનું ઉદાહરણ આપવામાં આવે છે. એટલે કે માસિક અથવા દૈનિક સરેરાશ ગણતરી કરવામાં આવે તો દરરોજ લગભગ 90 જેટલી બચત કરવાની જરૂરિયાત બને છે. આ રીતે લાંબા સમય સુધી નાની રકમ બચાવીને વ્યક્તિ જીવન વીમા કવર સાથે ભવિષ્ય માટે નિયમિત આવકનું આયોજન કરી શકે છે. જોકે, ચોક્કસ પ્રીમિયમ ઉંમર, સમ એશ્યોર્ડ, ચુકવણીની પદ્ધતિ અને અન્ય પસંદગીઓ પ્રમાણે બદલાઈ શકે છે.



આ યોજનામાં સૌથી વધુ ચર્ચાતો લાભ સર્વાઈવલ બેનિફિટ છે. ઉદાહરણ તરીકે, જો પોલિસીનું બેઝિક સમ એશ્યોર્ડ 10 લાખ હોય, તો પોલિસીની લાગુ શરતો અનુસાર પ્રીમિયમ ચુકવણીનો સમયગાળો પૂર્ણ થયા પછી દર વર્ષે બેઝિક સમ એશ્યોર્ડના 8 ટકા જેટલી રકમ સર્વાઈવલ બેનિફિટ તરીકે મળી શકે છે. 10 લાખના સમ એશ્યોર્ડ પર 8 ટકા પ્રમાણે આ રકમ 80,000 થાય છે. એટલે કે પ્રીમિયમ ચુકવણીનો સમયગાળો પૂર્ણ થયા બાદ પોલિસીધારકને દર વર્ષે 80,000ની આવક મળી શકે છે. આ રકમ પોલિસીની શરતો મુજબ પોલિસીધારકના જીવનકાળ દરમિયાન ચાલુ રહી શકે છે.

જો ઉપરોક્ત ઉદાહરણમાં 26 વર્ષની ઉંમરે પોલિસી લેવામાં આવે અને 30 વર્ષનો પ્રીમિયમ ચુકવણી સમયગાળો પસંદ કરવામાં આવે, તો 56 વર્ષની ઉંમર આસપાસ પ્રીમિયમ ચુકવણી પૂર્ણ થાય છે. ત્યારબાદ પાત્રતા અને પોલિસીની શરતો અનુસાર સર્વાઈવલ બેનિફિટ શરૂ થઈ શકે છે. આ કારણોસર ઘણા લોકો આ પ્રકારની પોલિસીને નિવૃત્તિ પછી નિયમિત આવકના આયોજન સાથે જોડીને જુએ છે. ખાસ કરીને લાંબા ગાળે પોતાની આવકનો એક સ્થિર સ્ત્રોત ઊભો કરવા માંગતા લોકો માટે આ પ્રકારની યોજના ધ્યાનમાં લેવા જેવી બની શકે છે.

જીવન ઉમંગની બીજી મહત્વપૂર્ણ બાબત એ છે કે પોલિસીધારક 100 વર્ષની ઉંમર સુધી જીવિત રહે તો પોલિસીની શરતો અનુસાર મેચ્યોરિટી સમયે બેઝિક સમ એશ્યોર્ડ ઉપરાંત લાગુ પડતા Simple Reversionary Bonus અને Final Additional Bonusનો લાભ મળી શકે છે. એટલે કે 10 લાખના બેઝિક સમ એશ્યોર્ડ ઉપરાંત પાત્ર બોનસ ઉમેરાઈને અંતે મોટી રકમ મળી શકે છે. અહીં બોનસની રકમ પહેલેથી નિશ્ચિત માનવી યોગ્ય નથી, કારણ કે તે પોલિસીના નિયમો અને LIC દ્વારા જાહેર કરવામાં આવતા લાગુ બોનસ પર આધારિત રહે છે.

આ પોલિસી માત્ર યુવાનો માટે જ નથી. યોજનામાં પ્રવેશ માટેની લઘુત્તમ વય 90 દિવસના બાળકથી શરૂ થાય છે, જ્યારે મહત્તમ પ્રવેશ વય પસંદ કરવામાં આવેલા પ્રીમિયમ ચુકવણી સમયગાળા પ્રમાણે બદલાઈ શકે છે. ગ્રાહક પોતાની જરૂરિયાત મુજબ 15, 20, 25 અથવા 30 વર્ષનો પ્રીમિયમ ચુકવણી સમયગાળો પસંદ કરી શકે છે. આ પ્લાન હેઠળ લઘુત્તમ બેઝિક સમ એશ્યોર્ડ 2 લાખ છે, જ્યારે મહત્તમ સમ એશ્યોર્ડ માટે કોઈ નિશ્ચિત મર્યાદા રાખવામાં આવી નથી, પરંતુ તે LICના અન્ડરરાઈટિંગ નિયમોને આધીન રહે છે.

આ યોજનામાં જીવન વીમા સુરક્ષા પણ મહત્વપૂર્ણ છે. પોલિસીધારકનું અવસાન થાય તો પોલિસીની લાગુ શરતો અનુસાર નોમિનીને ડેથ બેનિફિટ આપવામાં આવે છે. ડેથ બેનિફિટમાં પોલિસીની શરતો અનુસાર ડેથ સમ એશ્યોર્ડ અને પાત્ર બોનસનો સમાવેશ થઈ શકે છે. આ સુવિધાને કારણે પોલિસી માત્ર બચતનું સાધન નહીં પરંતુ પરિવાર માટે નાણાકીય સુરક્ષાનું માધ્યમ પણ બની શકે છે.

આ ઉપરાંત, પોલિસીધારક પોતાની જરૂરિયાત મુજબ કેટલાક

# અમેરિકામાં ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈંધણ ખૂટી જતા હોબાળો: વિમાનો અટવાતા NOTAM જાહેર



વૉશિંગ્ટન, તા.24

અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યના ચીકટોવાગા શહેરમાં આવેલા વ્યસ્ત અને મહત્વપૂર્ણ 'બફેલો નિયાગ્રા ઈન્ટરનેશનલ એરપોર્ટ' પર અચાનક જેટ ફ્યુઅલ એટલે કે એવિએશન ઈંધણનો સપ્લાય ખૂટી જતાં ભારે અફરાતફરી અને ગંભીર પરિસ્થિતિનો માહોલ સર્જાયો છે. એરપોર્ટ પર ઈંધણની આવી અણધારી અને અભૂતપૂર્વ અછત ઊભી થવાને કારણે વિમાનોમાં રીફ્યુઅલિંગ એટલે કે ફ્યુઅલ ભરવાની તમામ કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. વિમાનોમાં ઈંધણ ન હોવાના કારણે અનેક દેશી અને વિદેશી ઉડાનો જ્યાં હતી ત્યાં જ અટવાઈ પડી છે. આ અચાનક આવેલી ઈમરજન્સીના કારણે એરપોર્ટ પર હજારો મુસાફરો અટવાયા છે અને વિવિધ એરલાઈન્સના ફ્લાઈટ શિડ્યૂલ પર તેની અત્યંત ગંભીર અસર જોવા મળી રહી છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને એરપોર્ટ ઓથોરિટી દ્વારા તુરંત જ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે NOTAM એટલે કે 'નોટિસ ટુ એર મિશન્સ' (અગાઉ નોટિસ ટુ એરમેન)નું ઈમરજન્સી એવિએશન એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના વિમાન ક્ષેત્રમાં જ્યારે પણ કોઈ એરપોર્ટ, રનવે, ફ્યુઅલ સિસ્ટમ અથવા એરસ્પેસમાં અસામાન્ય, તકનીકી કે અસ્થાયી ઈમરજન્સી સ્થિતિ ઊભી થાય અને તમામ પાયલટો તથા એરલાઈન્સને ઉડાન ભરતા પહેલાં તેની જાણ કરવી અત્યંત જરૂરી હોય, ત્યારે સત્તાવાર રીતે NOTAM જારી કરવામાં આવે છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ગંભીર પરિસ્થિતિને પગલે યુનાઈટેડ સ્ટેટ્સની તમામ અગ્રણી એરલાઈન્સે પોતાના પાયલટો માટે તાકીદના નિર્દેશ અને વિશેષ સૂચનાઓ જારી કરી દીધી છે. એરલાઈન્સ મેનેજમેન્ટે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ વિમાન બફેલો નિયાગ્રા ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ જઈ રહ્યું હોય અથવા તો ત્યાં લેઓવર એટલે કે વચગાળાનું રોકાણ કરીને આગળની મુસાફરી માટે ફ્યુઅલ ભરવાનું આયોજન ધરાવતું હોય, તો તેણે રસ્તામાં આવતા નજીકના પાડોશી એરપોર્ટ પર જ લેન્ડિંગ કરીને પૂરતું ફ્યુઅલ ભરી લેવું. આ ઉપરાંત પાયલટોને પોતાની સાથે જરૂરી પ્રમાણ કરતાં વધુ ઈંધણ રાખીને જ ઉડાન ભરવાની કડક સલાહ આપવામાં આવી છે જેથી હવાઈ સફર દરમિયાન કોઈ અણધારી મુશ્કેલી ન સર્જાય.

એરપોર્ટ જેવા અતિસંવેદનશીલ સ્થળે અચાનક આટલા મોટા પ્રમાણમાં ઈંધણ ખૂટી જવા પાછળનું અસલ અને ચોક્કસ કારણ શું છે તેને લઈને હજુ સુધી એરપોર્ટ ઓથોરિટી કે સત્તાવાળાઓ દ્વારા કોઈ સત્તાવાર સ્પષ્ટતા કે નિવેદન સામે આવ્યું નથી. જોકે વિમાની ક્ષેત્રના નિષ્ણાતો અને એવિએશન એક્સપર્ટ્સના જણાવ્યા મુજબ, બફેલો નિયાગ્રા ઈન્ટરનેશનલ એરપોર્ટ કદમાં મોટા એરપોર્ટોની સરખામણીએ પ્રમાણમાં નાનું હોવાથી ત્યાં સીધી પાઈપલાઈન દ્વારા ઈંધણ પહોંચાડવાની વ્યવસ્થા નથી, પરંતુ દરરોજ મોટા ફ્યુઅલ ટેન્કર ટ્રકો દ્વારા જ જેટ ફ્યુઅલનો જથ્થો એરપોર્ટ સુધી પહોંચાડવામાં આવે છે. નિષ્ણાતો એવું પણ અનુમાન લગાવી રહ્યા છે કે લોકલ ટર્મિનલના ઈંધણ પમ્પિંગ, ફિલ્ટરેશન કે સ્ટોરેજ ઈક્વિપમેન્ટમાં કોઈ મોટી તકનીકી ખામી સર્જાઈ હોઈ શકે છે.

# કઠવાડા-સિંગરવા રોડ પરથી ગેરકાયદે દુકાનો અને મકાનોના દબાણો દૂર કરાયા, AMCની કાર્યવાહી





**અમદાવાદ, તા.24**

અમદાવાદના પૂર્વ ઝોનમાં ટી.પી. રોડને ખુલ્લો કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાએ છેલ્લા ચાર દિવસથી ડિમોલિશન અને દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. ડેપ્યુટી કમિશનર, આસિસ્ટન્ટ કમિશનર તેમજ ડેપ્યુટી અને આસિસ્ટન્ટ ટી.ડી.ઓ.ના માર્ગદર્શન હેઠળ કઠવાડા વિસ્તારમાં ટી.પી. રોડ પરના વિવિધ પ્રકારના દબાણો દૂર કરવાનું શરૂ કરાયું છે.

ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. 117 (કઠવાડા) તેમજ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. 131 (કઠવાડા-સિંગરવા-ભુવાલડી) હેઠળ કઠવાડા-સિંગરવા મેઈન 30 મીટર ટી.પી. રોડને ખુલ્લો કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી ક્રિષ્ના વે બ્રિજથી સી.એલ. સ્કૂલ સુધીના અંદાજે 1,740 મીટર લાંબા માર્ગ પર કરવામાં આવી હતી. માર્ગના આયોજન અને વિકાસમાં અવરોધરૂપ બનતા દબાણોને દૂર કરીને ટી.પી. રોડની જગ્યા ખુલ્લી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ સમગ્ર કાર્યવાહીમાં વિવિધ પ્રકારના દબાણોનો દૂર કરવામાં આવ્યા છે. જેમાં 14 રહેણાંક, 22 કોમર્શિયલ, 1 ધાર્મિક અને 1 શૈક્ષણિક પ્રકારનું દબાણ સામેલ હતું. ટી.પી. રોડના અમલીકરણ માટે જરૂરી જગ્યાઓ ખુલ્લી કરવાના હેતુથી આ ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિકોના જણાવ્યાનુસાર, લાંબા સમયથી આયોજનબદ્ધ ટી.પી. રોડના અમલીકરણની જરૂરિયાત અનુભવાઈ રહી હતી. દબાણ દૂર કરવાની કાર્યવાહી બાદ હવે આ માર્ગના વિકાસની કામગીરી પણ ઝડપથી આગળ વધે અને સ્થાનિક લોકોને તેનો વાસ્તવિક લાભ મળે તેવી અપેક્ષા છે. જો દબાણ દૂર કર્યા બાદ ટી.પી. રોડનું નિર્માણ અને વિકાસકાર્ય સમયસર પૂર્ણ થશે તો કઠવાડા-સિંગરવા સહિત આસપાસના વિસ્તારોની કનેક્ટિવિટીમાં સુધારો થવાની શક્યતા છે. વાહનવ્યવહાર વધુ સુગમ બનવાની સાથે ભવિષ્યમાં વિસ્તારના આયોજનબદ્ધ વિકાસને પણ વેગ મળી શકે છે.

દબાણ હટાવવાની કાર્યવાહી તંત્રના પક્ષે એક મહત્વપૂર્ણ પગલું છે, પરંતુ સ્થાનિકો માટે અંતિમ પરિણામ એટલું જ મહત્ત્વનું છે કે ખુલ્લી કરવામાં આવેલી જગ્યાએ આયોજન મુજબ ગુણવત્તાયુક્ત ટી.પી. રોડનું નિર્માણ ક્યારે પૂર્ણ થાય. AMC દ્વારા દબાણમુક્ત કરાયેલા આ 30 મીટર ટી.પી. રોડનું વિકાસકાર્ય ઝડપથી હાથ ધરવામાં આવશે તો વર્ષોથી ઊભી રહેલી અવરજવર અને કનેક્ટિવિટીની સમસ્યામાં રાહત મળી શકે છે. ત્યારે હવે સ્થાનિકોની નજર તંત્રની આગામી કાર્યવાહી પર છે, દબાણ હટાવ્યા બાદ રોડ ક્યારે અને કેટલા સમયમાં લોકો માટે વાસ્તવમાં સુવિધાજનક બનશે?

## લાલ દરવાજાના બહુચર માતાજીના મંદિરમાંથી સવા લાખનો મોબાઈલ ચોરાયો, ચોરીની ઘટના CCTVમાં કેદ!

**અમદાવાદ, તા.24**

અમદાવાદના પ્રસિદ્ધ લાલ દરવાજામાં બહુચર માતાજીના મંદિરે દર્શનાર્થે આવેલા એક વૃદ્ધ ભક્તનો કિંમતી મોબાઈલ ચોરાયોના દ્રશ્યો CCTVમાં કેદ થયા છે. ભક્તિભાવમાં તલ્લીન થયેલા એક નિવૃત્ત નાગરિકની નજર ચૂકવીને શખસે તેમના ખિસ્સામાંથી લાખો રૂપિયાની કિંમતનો આઈફોન સેરવી લીધો હતો. આ ઘટના બાદ ભોગ બનનાર વૃદ્ધે કારંજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં દેવર્ષ બંગ્લોઝ ખાતે રહેતા 69 વર્ષીય નિવૃત્ત અજયકુમાર અશોકભાઈ જરદોશ ગત 16 ઓગસ્ટ 2026ના રોજ સવારે સાડા અગિયાર વાગ્યાની આસપાસ દર્શન કરવા પહોંચ્યા હતા. તેમણે પોતાના ઉપયોગ માટે 1,23,500 રૂપિયાનો નવો 'iPhone 17 Pro Max' ખરીદ્યો હતો. મંદિરમાં જ્યારે તેઓ માતાજીની આરાધનામાં મગ્ન હતા, બરાબર તે જ સમયે ભીડનો લાભ લઈને અજાણ્યા શખસે તેમના પેન્ટના ખિસ્સામાંથી આ મોંઘોદાટ ફોન કાઢી લીધો હતો.

દર્શન પૂર્ણ કર્યા બાદ જ્યારે અજયકુમારે પોતાનો ફોન તપાસ્યો ત્યારે તો ગાયબ હતો. આજુબાજુના વિસ્તારમાં અને પરિચિતોમાં ઘણી શોધખોળ કરવા છતાં ફોનનો કોઈ પત્તો લાગ્યો ન હતો. અંતે તેમણે કાયદાકીય મદદ લેવાનું નક્કી કર્યું અને પોલીસ ફરિયાદ દાખલ કરી હતી. હાલમાં કારંજ પોલીસે મંદિર અને તેની આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીને પકડવાની કાર્યવાહી હાથ ધરી છે.

## શ્રાવણ મહિનામાં અમદાવાદના અનેક વિસ્તારોમાં AMC ફૂડ વિભાગના દરોડા: ઘી, પનીર અને મીઠાઈના 500થી વધુ સેમ્પલ લેવાયા!

**અમદાવાદ, તા.24**

સાતમ-આઠમ અને આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેરમાં ઘી, પનીર, માવો અને વિવિધ પ્રકારની મીઠાઈઓની માગમાં વિપુલ પ્રમાણમાં વધારો જોવા મળે છે. તહેવારો દરમિયાન નાગરિકોના સ્વાસ્થ્ય સાથે થતાં ચેડાં અને મિલાવટખોરો પર લગામ કસવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC)ના ફૂડ ડિપાર્ટમેન્ટે ચેકિંગ ઝુંબેશ શરૂ કરી છે. જેમાં ઑગસ્ટ મહિના દરમિયાન જ શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી ખાદ્ય પદાર્થોના અંદાજે 500 જેટલાં સેમ્પલ લઈને નવરંગપુરા સ્થિત ફૂડ ઍન્ડ હેલ્થ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલી આપવામાં આવ્યા છે.




AMCના ફૂડ વિભાગની ટીમો દ્વારા શહેરના મણિનગર સહિત વિવિધ વિસ્તારોમાં આવેલી પ્રખ્યાત મીઠાઈની દુકાનો, ડેરીઓ અને ખાદ્યપદાર્થોના ઉત્પાદકોને ત્યાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચકાસણી દરમિયાન અધિકારીઓ દ્વારા સ્થળ પર જ ભેળસેળની પ્રાથમિક શંકા દૂર કરવા માટે રેપિડ ટેસ્ટિંગ કિટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેથી કોઈ પણ પ્રકારની મિલાવટનો સ્થળ પર જ તુરંત ખ્યાલ આવી શકે.

ફૂડ લેબોરેટરીના ઇન્ચાર્જ વિમલ શાહના જણાવ્યા અનુસાર, ઑગસ્ટ માસમાં અત્યાર સુધીમાં અંદાજે 500 જેટલાં સેમ્પલ એકત્રિત કરીને ટેસ્ટ કરવામાં આવ્યા છે. ખાસ કરીને તહેવારોમાં સૌથી વધુ વપરાતા ઘી, પનીર અને મીઠાઈના સેમ્પલ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જે સેમ્પલ સ્થળ પર શંકાસ્પદ જણાય અથવા જેમાં ઝીણવટભરી તપાસની જરૂર હોય તેને નવરંગપુરા સ્થિત સેન્ટ્રલ લેબોરેટરીમાં કેમિકલ એનાલિસિસ માટે મોકલાય છે, જેનો વિગતવાર રિપોર્ટ 7 થી 8 દિવસમાં આવી જતો હોય છે.

તહેવારો ટાણે કમાઈ લેવાની લાલચમાં સસ્તા અને હલકી ગુણવત્તાના વિકલ્પો વાપરીને નકલી ઘી કે પનીર બનાવતા વેપારીઓ સામે તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. AMC અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે, આ ચેકિંગ ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે.

આ સાથે જ મ્યુનિસિપલ કોર્પોરેશને તમામ વેપારીઓને ફૂડ સેફ્ટીના નિયમોનું કડકપણે પાલન કરવા અને નાગરિકોને પણ શંકાસ્પદ કે અપ્રમાણિત જગ્યાએથી ખુલ્લી મીઠાઈ કે ડેરી પ્રોડક્ટ્સ ન ખરીદવા અપીલ કરી છે. જો લેબોરેટરી રિપોર્ટમાં સબ-સ્ટાન્ડર્ડ કે ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો સાબિત થશે તો સંબંધિત વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## ગોતામાં હિટ એન્ડ રન, બેફામ કારે ત્રણ યુવકને અડફેટે લીધા, પોલીસે 24 કલાક બાદ ફરિયાદ નોંધી

**અમદાવાદ, તા.24**

અમદાવાદમાં બેફામ વાહનહંકારતા ચાલકોનો આતંક યથાવત્ છે, ત્યારે ગોતા રોડ પર એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. 22મી ઓગસ્ટની રાતે વોડાફોન ટાવર નજીક સર્વિસ રોડ પરથી પસાર થઈ રહેલા એક એક્ટિવાને સામેથી આવી રહેલી પૂરપાટ ઝડપે દોડતી કારે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે એક્ટિવા પર સવાર ત્રણ મિત્રો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા.



અકસ્માત સર્જ્યા બાદ કારનો ચાલક ઉભા રહેવાને બદલે સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

ગોતા વિસ્તારમાં જ રહેતો અને કપડાંનો વેપાર કરતો શૈલેષ યાદવ તેના બે મિત્રો શિવમ અને વિપિન સાથે છારોડીથી પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે આ દુર્ઘટના ઘટી હતી. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગઈ છે, જેમાં કાર ચાલકની ગંભીર બેદરકારી જોઈ શકાય છે. આ જીવલેણ ટક્કરમાં શૈલેષ અને તેના મિત્ર વિપિનને ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આટલો અકસ્માત થયો હોવા છતાં પોલીસની નિષ્ક્રિયતા સામે આવી છે. આશ્ચર્યની વાત એ છે કે, અકસ્માતના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હોવા છતાં બીજા દિવસ સુધી એસ.જી-1 પોલીસને આ અંગે કોઈ જ જાણકારી ન હતી. આખરે જ્યારે પોલીસને સમગ્ર ઘટનાની જાણ થઈ ત્યારે તેમણે ઈજાગ્રસ્ત યુવકોનો સંપર્ક કર્યો હતો અને અકસ્માતના 24 કલાક બાદ ફરિયાદ નોંધી હતી. હાલ પોલીસે ગુનો નોંધીને ફરાર કાર ચાલકને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




